દૈનિક
# મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 190 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 August 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૨ ઑગસ્ટ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### અચાનક ૩૦૦ ફૂટ નીચે આવેલી ઍર ઈન્ડિયાની ફૂકેટ-દિલ્હી ફ્લાઈટ સંબંધે મોટો ઘટસ્ફોટ

# પાઈલટ ગાંજો ફૂંકી વિમાન ઉડાવી રહ્યો હતો

નવી દિલ્હી: ઍર ઇન્ડિયાની ફૂકેટ-દિલ્હી ફ્લાઇટના પાઇલટ-ઇન-કમાન્ડની ડૉપ ટૅસ્ટનું પરિણામ પોઝિટિવ આવ્યું હોવાનું સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું. પાઈલટે સાઈકોએક્ટિવ પદાર્થ-મારિજુઆના કે ગાંજાનો ઉપયોગ કર્યો હોવાનું રિપોર્ટમાં જણાઈ આવ્યું હતું.

મંગળવારે આવેલા રિપોર્ટ મુજબ આગમન સમયે કરવામાં આવેલો સ્ક્રીનિંગ ટૅસ્ટ નોન-નેગેટિવ હતો અને ત્યાર બાદ નિયમાનુસાર કન્ફર્મેટરી ડૉપ ટૅસ્ટ કરવામાં આવ્યો હતો. ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન-ડીજીસીએ હવે વધુ કડક ડૉપ ટૅસ્ટ લાગુ કરીને તેને વધુ અસરકારક પ્રતિબંધક પગલું બનાવવાની દિશામાં કામ કરી રહ્યું છે.

ઉડ્ડયન સચિવ સમીર સિંહાએ ઍર ઈન્ડિયાના નિવૃત્ત સીઈઓ કેમ્પેબલ વિલ્સન સાથે બેઠક કરી હતી જેમાં ડીજીસીએ અને ઍરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઈબી)ના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

ઍર ઈન્ડિયાએ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને ફ્લાઈટ ઑપરેશનની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને તે માટે ઍરલાઈન્સ શું પગલાં લઈ રહી છે તે જણાવવા કહ્યું હતું.

૪, ઑગસ્ટે ઍર ઈન્ડિયાની ફૂકેટથી દિલ્હી આવી રહેલી ફ્લાઈટ એઆઈ-૨૩૭૯એ ટર્બ્યૂલન્સને કારણે અચાનક ૩૦૦ ફૂટ ઊંચાઈ ગુમાવી હતી જેને પગલે ઘાયલ થયેલા ૧૭ જણને સારવારાર્થે હૉસ્ટિપલમાં દાખલ કરવા પડ્યા હતા. ઉડ્ડયન ખાતાએ આ ઘટનાને ગંભીર લેખાવી હતી અને એએઆઈ આની તપાસ કરશે એમ જણાવ્યું હતું. ફ્લાઈટે સુરક્ષિત (જુઓ પાનું ૨) ▶▶

## ગૌતમ અદાણી સામેના ફોજદારી કેસને અમેરિકી અદાલતે ફગાવ્યો

ન્યૂ યોર્ક/નવી દિલ્હી: અમેરિકાની એક કોર્ટે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી વિરુદ્ધના સિક્યોરિટીઝ છેતરપિંડીના ફોજદારી કેસને કાયમ માટે ફગાવી દીધો હતો. આ સાથે આ કેસ સુનાવણી વિના જ સમાપ્ત થઈ ગયો હતો.

ન્યૂ યોર્કના 'યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ફોર ધ ઈસ્ટર્ન ડિસ્ટ્રીક્ટ'ના ન્યાય વિભાગના નિયમ ૪૮(એ) હેઠળ દાખલ કરાયેલી અરજી સ્વીકારીને ચાર્જશીટમાં સામેલ બીજા, ત્રીજા અને ચોથા આરોપોને ફગાવી દીધા હતા. આનો અર્થ એ થયો કે આ આરોપો ફરીથી દાખલ કરી શકાતા નથી. આ આરોપોમાં સિક્યોરિટીઝ છેતરપિંડીનું (જુઓ પાનું ૨) ▶▶

## 'વંદે માતરમ્'નું અપમાન ગંભીર ગુનો ગણાશે : નવો કાયદો અમલમાં

નવી દિલ્હી: રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ મંગળવારે એ બિલને મંજૂરી આપી છે જેમાં રાષ્ટ્રીય ગાન 'વંદે માતરમ' ગાવામાં જાણીજોઈને અવરોધ ઊભો કરે છે અથવા તેને અટકાવે છે તો તે ગંભીર ગુનો ગણાશે. આ કાયદા હેઠળ 'વંદે માતરમને હાલમાં' રાષ્ટ્રગીત જેટલું જ કાનૂની રક્ષણ મળશે. સરકારે એક નિવેદનમાં આ જાણકારી આપી હતી. રાષ્ટ્રપ્રમુખની મંજૂરી સાથે રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ (સુધારા) (જુઓ પાનું ૨) ▶▶

## લૉન લેનાર ડિફોલ્ટ થાય તો બૅન્ક ગેરન્ટર પાસેથી વસૂલી શકે છે લૉન: હાઇ કોર્ટ

લખનઊ: અલાહાબાદ હાઇ કોર્ટે મંગળવારે ચુકાદો આપ્યો હતો કે લોન લેનાર વ્યક્તિ લોન ન ચૂકવી શકે તો બેન્ક ગેરન્ટર પાસેથી બાકીની રકમ વસૂલી શકે છે. કોર્ટે કહ્યું હતું કે ગેરન્ટર વિરુદ્ધ કાર્યવાહી કર્યા પહેલા બેન્ક માટે લોન લેનાર વ્યક્તિ વિરુદ્ધ પોતાના કાયદાકીય વિકલ્પોનો ઉપયોગ કરવો જરૂરી નથી. તેણે ચુકાદો આપ્યો હતો કે ગેરંટરની જવાબદારી લોન લેનાર મુખ્ય વ્યક્તિની જવાબદારી જેટલી હોય છે. લેણદાર એક સાથે બંનેમાંથી એક અથવા બંને સામે કાર્યવાહી કરી શકે છે. કોર્ટે ચુકાદામાં કહ્યું હતું કે ગેરન્ટરની જવાબદારી લોન લેનાર મુખ્ય વ્યક્તિ સમાન જ હોય છે.

જસ્ટિસ શેખર બી.સરાફ અને જસ્ટિસ અવધેશ કુમાર ચૌધરીની લખનઊ બેન્ચે વિનીત પાંડે અને અનુપ કુમાર મિશ્રા દ્વારા દાખલ કરાયેલી અલગ અલગ બે રિટ અરજીઓને ફગાવી દેતા આ વાત કરી હતી. આ બંન્ને પોતાના સાથી વિક્રાંત દુબે દ્વારા યુપી પોસ્ટલ પ્રાઇમરી કોઓપરેટિવ બેન્ક લિમિટેડમાંથી લેવામાં આવેલી લોનના ગેરન્ટર બન્યા હતા.

દુબેએ ૨૦૨૨-૨૩ દરમિયાન ત્રણ લોન લીધી હતી - ૫૦,૦૦૦ રૂપિયાની ફેસ્ટિવલ લોન, ત્રણ લાખ રૂપિયાની ટૂંકા ગાળાની લોન અને ૧૮ લાખ રૂપિયાની પર્સનલ લોન. દુબે લોન ન ચૂકવી શકતા બેન્કે વસૂલવાની પ્રક્રિયા શરૂ કરી હતી અને (જુઓ પાનું ૨) ▶▶

## 'મિસિંગ પર્સન'ના કેસમાં તાત્કાલિક એફઆઈઆર નોંધો : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે ગુમ થયેલી વ્યક્તિઓના કેસોમાં તાત્કાલિક એફઆઈઆર નોંધવાનો રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપતો તેમનો આદેશ ઉંમર કે લિંગને ધ્યાનમાં લીધા વિના દરેક વ્યક્તિને લાગુ પડે છે.

જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને આર મહાદેવનની બેન્ચે જણાવ્યું હતું કે તેમને જાણીને આઘાત લાગ્યો છે કે કેટલાક રાજ્યો એવું માને છે કે વ્યક્તિ શબ્દ ફક્ત બાળકોનો જ ઉલ્લેખ કરે છે અને તેમાં પુખ્ત વયના લોકોનો સમાવેશ થતો નથી.

અમને લાગે છે કે આ આવા રાજ્યો દ્વારા ઉઠાવવામાં આવેલ નિવેદન ઇરાદાપૂર્વક અને બદનક્ષીભર્યું છે. અમારા અગાઉના આદેશની ભાષા સુસ્પષ્ટ છે. વ્યક્તિ શબ્દનો અર્થ દરેક વ્યક્તિ થાય છે, પછી ભલે તે કોઈ પણ ઉંમર કે લિંગનો હોય, એમ કોર્ટે કહ્યું હતું. જો કોઈ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ આદેશનું તેના ખરા અર્થમાં પાલન (જુઓ પાનું ૨) ▶▶

## ઈરાનનો ડર: કૅટરિંગ ટ્રકમાં છુપાડીને ટ્રમ્પને વિમાન સુધી લઇ જવાયેલા

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની સુરક્ષા અંગે એક ચોંકાવનારી જાણકારી સામે આવી છે. રિપોર્ટ અનુસાર, ઇરાન તરફથી કથિત ધમકી બાદ ગયા મહિને ટ્રમ્પની મુસાફરી યોજનાઓ ગુપ્ત રીતે બદલવામાં આવી હતી. તેમને તૂર્કીના અંકારા એરપોર્ટ પર એક કેટરિંગ ટ્રકમાં છૂપાવીને અમેરિકન સૈન્યના એક નાના પ્લેન સુધી પહોંચાડવામાં આવ્યા હતા અને ત્યાંથી તેઓ બ્રિટન જવા રવાના થયા હતા.

એક રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ ગયા મહિને તૂર્કીના અંકારા ખાતે યોજાયેલા નાટો સમિટમાંથી ગુપ્ત રીતે વૈકલ્પિક લશ્કરી વિમાનમાં ઉડાન ભરીને રવાના થયા હતા. જ્યારે વ્હાઇટ હાઉસે એવું દર્શાવ્યું હતું કે રાષ્ટ્રપતિ 'એર ફોર્સ વન'માં યાત્રા ભરી રહ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રમ્પની હત્યાની ઇરાનની ધમકીને કારણે આ સિક્રેટ મિશન પાર પાડવામાં આવ્યું હતું. પત્રકારો અને વાઇટ હાઉસના કેટલાક સ્ટાફ સભ્યો એવું માનતા હતા કે તેઓ રાષ્ટ્રપતિ સાથે જ વિમાનમાં છે.

ઓપરેશનની જાણકારી ધરાવતા એક અમેરિકન અધિકારી અને પ્રમુખની યાત્રા અંગેની જાણકારી ધરાવતા અન્ય એક (જુઓ પાનું ૨) ▶▶

## ગરિમા, સન્માન સાથે ઉજવો આઝાદી દિન: મોદી



**હર મન તિરંગા:** નવી દિલ્હીમાં સંસદભવનમાં એનડીએ સંસદીય પક્ષની સાપ્તાહિક બેઠક મંગલ મિલનમાં ગઈ કાલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય નેતાઓ તિરંગા સાથે. (એજન્સી)

નવી દિલ્હી: આ વર્ષના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ગૌરવ, સન્માન અને ભવ્ય રીતે કરવા અને વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા લેવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ નાગરિકોને મંગળવારે વિનંતી કરી હતી.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં મોદીએ દેશવાસીઓને આ સંદેશો આપ્યો હતો અને એક વીડિયો પણ શૅર કર્યો હતો જેમાં એનડીએના સાંસદો અને કેન્દ્રીય પ્રધાનો હાથમાં તિરંગો લહેરાવતા તેમ જ 'વંદે માતરમ્' અને 'ભારત માતા કી જય'ના નારા લગાવીને મોદીનું સ્વાગત કરતા નજરે પડે છે.

શાસક ગઠબંધનના સાપ્તાહિક 'મંગલ મિલન' કાર્યક્રમના સ્થળે આ ઘટના જોવા મળી હતી.

સોશ્યલ મીડિયા પરના વીડિયોમાં મોદીએ કહ્યું હતું કે ચાલો, સ્વાતંત્ર્ય સેનાનીઓને આપણે શ્રદ્ધાંજલિ આપીએ અને વિકસિત ભારત માટે સંકલ્પ કરીએ. આવો દરેક ઘર, દરેક હૃદયમાં તિરંગો લહેરાવીએ. ભારત માતા કી જય, વંદે માતરમ્. અગાઉ (જુઓ પાનું ૨) ▶▶

## નેતાજી સુભાષચંદ્ર બોઝનાં 'અસ્થિ' પાછાં લાવવા માટેની અરજી સુપ્રીમ સાંભળશે

નવી દિલ્હી: ટોક્યોના રેન્કોજી મંદિરમાં રાખવામાં આવેલા પિતાના અસ્થિ ભારત પરત લાવવા માટે જરૂરી દિશાનિર્દેશ આપવાની માગણી કરતી નેતાજી સુભાષચંદ્ર બોઝની પુત્રીની અરજીને મામલે સુપ્રીમ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોય માલ્યા બાગચી અને વી. મોહન્નાની બનેલી ખંડપીઠે નેતાજીની પુત્રી અનિતા ફાફ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મામલે કેન્દ્ર સરકારને નૉટિસ પાઠવી તેનો જવાબ માગ્યો હતો.

અરજદાર વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે અંતિમવિધિ સન્માન સાથે ભારતમાં થઈ શકે તે માટે નેતાજીની પુત્રી લાંબા સમયથી અને જાહેરમાં પિતાના અસ્થિ ભારત પરત લાવવાની માગણી કરતી રહી છે.

ઑગસ્ટ ૧૯૪૫માં નેતાજી રહસ્યમય રીતે ગાયબ થઈ ગયા બાદ અનેક થિયરીઓ વહેતી થઈ હતી. નેતાજીનાં અસ્થિઓ ટોક્યોના રેન્કોજી મંદિરમાં સાચવી રાખવામાં આવ્યા હોવાનું પણ અમુક અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે. ટોક્યોના રેન્કોજી મંદિરમાં રાખવામાં આવેલા અસ્થિ નેતાજીના હોવાનું માનવામાં આવે છે.

આ વર્ષના માર્ચમાં નેતાજીના ગ્રાન્ડ નેફ્યુ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી સ્વીકારવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો હતો. આ અરજીમાં પણ નેતાજીના અસ્થિઓ ભારત પરત લાવવાની માગણી કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે અગાઉ આ અરજીની સુનાવણી કરવાનો ઈનકાર કર્યા બાદ અરજકર્તા આશિષ રાયના વકીલે અરજી પાછી ખેંચી લેવાની પરવાનગી (જુઓ પાનું ૨) ▶▶

## ઝારખંડ બંધને લીધે જનજીવન પર અસર



**ચલો જેલ...:** ઝારખંડમાં ભરતી પરીક્ષામાંની ગેરરીતિઓ સંબંધે સતત વિરોધ કરી રહેલા આંદોલનકારીઓને ગઈ કાલે જેલમાં લઈ જઈ રહેલી પોલીસ (એજન્સી)

રાંચી: ભરતી પરીક્ષાઓમાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિના વિરોધમાં એક દિવસ પહેલા વિધાનસભા સામે ધરણા આપનાર નોકરીના ઉમેદવારો સામે પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીનો વિરોધ કરવા ભાજપના કાર્યકર્તાઓએ મંગળવારે રસ્તા રોકો આંદોલન કર્યું હતું અને ટાયરો સળગાવ્યા હતા જેને કારણે ઝારખંડના અમુક વિસ્તારોમાં સામાન્ય જનજીવન ખોરવાયું હતું.

બંધ દરમિયાન મોટાભાગની શાળાઓ અને વેપારી સંસ્થાઓ બંધ રહી હતી તો રાજ્યની રાજધાની રાંચી અને કેટલાક શહેરમાં વાહનવ્યવહાર સામાન્ય કરતા ઓછો રહ્યો હતો.

સોમવારે રાંચીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો સામે પોલીસે વૉટર કૅનન, ટિયર ગૅસનો ઉપયોગ અને લાઠીચાર્જ કર્યા બાદ બંધની જાહેરાત કરવામાં આવી હતી. બંધ સવારે આઠ (જુઓ પાનું ૨) ▶▶

## ગામડાની સરકારી સ્કૂલો સુધારવા રાષ્ટ્રવ્યાપી ઝુંબેશની સીજેપીની જાહેરાત

નવી દિલ્હી: ગામડાંની સરકારી સ્કૂલો સુધારવા રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ હાથ ધરવાની કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ મંગળવારે જાહેરાત કરી હતી અને વાલીઓને પાયાની સુવિધાઓનું સામાજિક ઑડિટ હાથ ધરવાની હાકલ કરી હતી તેમ જ પ્રત્યેક ગામના સંરપંચને સરકારી શાળાઓમાં સુધારા લાવવાનાં લક્ષ્ય પર કામ કરવા જણાવ્યું હતું.

૧૫ ઑગસ્ટથી આ અભિયાન શરૂ કરવામાં આવશે એમ તેમણે કહ્યું હતું.

સરકારી શાળાઓની અવદશાને તેમણે ગ્રામીણ શૈક્ષણિક માળખાની અવગણના લેખાવી તેમાં સુધારો લાવવા નાગરિકો, વાલીઓ અને ગામના અગ્રણીઓને સાથે મળીને કામ કરવાની હાકલ કરી હતી.

વીડિયો મૅસેજમાં દીપકેએ કહ્યું હતું કે હું આ અભિયાનનો આરંભ મહારાષ્ટ્રસ્થિત મારા ગામ હિંગોલીથી કરીશ અને ગામની સરકારી શાળામાં (જુઓ પાનું ૨) ▶▶

## પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા ગુજરાતમાં ચાર સેન્ટર ઑફ ઍક્સલન્સ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ગુજરાત સરકારે વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. રાજ્યના ચાર જિલ્લામાં પ્રાકૃતિક ખેતી માટે સેન્ટર ઑફ એક્સેલન્સ સ્થાપવામાં આવશે. નવસારી, મોરબી, ભાવનગર અને છોટા ઉદેપુરમાં આ કેન્દ્રો ઊભા કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ. ૨૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

આ કેન્દ્રોમાં એકસાથે ૧૦૦ ખેડૂતને તાલીમ આપી શકાય તેવી આધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવશે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉપરાંત આ પદ્ધતિ અપનાવવા ઇચ્છતા ખેડૂતોને પણ અહીં તાલીમ, માર્ગદર્શન અને ખેતી સંબંધિત વિવિધ સુવિધાઓ મળી રહેશે.

પ્રથમ તબક્કામાં નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના નાની ભમતી ગામ, મોરબી જિલ્લાના હળવદ, ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના વળાવડ ગામ અને છોટા ઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાના ચૂડેલ ગામ ખાતે સેન્ટર ઑફ એક્સેલન્સ સ્થાપવામાં આવશે. યોજનાના અમલીકરણની જવાબદારી ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડને સોંપવામાં આવી છે.

આ કેન્દ્રો માત્ર તાલીમ પૂરતાં મર્યાદિત નહીં રહે, પરંતુ પ્રાકૃતિક ખેતીના મોડેલ કેમ્પસ તરીકે વિકસાવવામાં આવશે. ખેડૂતોને ખેતી સંબંધિત સમસ્યાઓના નિરાકરણ સાથે જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત અને નિમાસ્ત્ર જેવા બાયો-ઇનપુટ્સ તૈયાર કરવાની તાલીમ આપવામાં આવશે. આ બાયો-ઇનપુટ્સનું ઉત્પાદન કરીને ખેડૂતોને નજીવા ભાવે ઉપલબ્ધ કરાવવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ પ્રકારના આચ્છાદન, પાકના બિયારણ, બાગાયતી પાકના રોપા, કટીંગ અને કલમો સહિતના પ્લાન્ટિંગ મટીરિયલનું ઉત્પાદન અને વેચાણ પણ કેન્દ્રો પરથી કરવામાં આવશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■

## ગુજરાતની મહાનગરપાલિકા-નગરપાલિકાઓને વિકાસ કામો માટે ₹ ૩,૮૫૦ કરોડના ચેક અપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પેટલે એક સમારોહમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને સર્વાંગી વિકાસ કામો માટે કુલ રૂ. ૩,૮૫૦ કરોડની રકમના ચેક આપ્યા હતા.

મુખ્ય પ્રધાને મહાનગરપાલિકા-નગરપાલિકાના પદાધિકારીઓ, કમિશનરો અને ચીફ ઓફિસરોને નગર સુખાકારીના વધુને વધુ ગુણવત્તાયુક્ત પ્રજાકીય કામોમાં નાણાંનો સદુપયોગ થાય તેની ખાતરી કરવા અનુરોધ કર્યો હતો.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૧૭ મહાનગરપાલિકાને રૂ. ૨,૯૯૨ કરોડ અને ૧૫૨ નગરપાલિકાને રૂ. ૮૫૮ કરોડની રકમ વિકાસ કામો માટે તેમણે આપી હતી.

ચેક વિતરણ કાર્યક્રમમાં અમદાવાદ મહાનગરપાલિકાને સૌથી વધુ રૂ. ૮૭૦ કરોડ તથા સુરત મહાનગરપાલિકાને રૂ. ૭૭૦ કરોડ અર્પણ કરવામાં આવ્યા હતા. જ્યારે વડોદરા મહાનગરપાલિકાને રૂ. ૨૮૫ કરોડ, રાજકોટને રૂ. ૨૩૨ કરોડ, ભાવનગરને રૂ. ૧૦૫ કરોડ અને જામનગર મહાનગરપાલિકાને રૂ. ૧૦૫ કરોડની ગ્રાન્ટની રકમ ફાળવાઈ છે. તે જ રીતે જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૬૫-૬૫ કરોડ પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત ગાંધીધામ, નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, મહેસાણા, વાપી, નડિયાદ, આણંદ અને મોરબી પ્રત્યેક શહેરને રૂ. ૫૫-૫૫ કરોડની રકમ અર્પણ કરવામાં આવી હતી.

નગરપાલિકા વિસ્તારના વિકાસ માટે 'અ' વર્ગની કુલ ૪૧ નગરપાલિકાઓને રૂ. ૩૦૭.૫૦ કરોડ તથા 'બ' વર્ગની ૩૪ નગરપાલિકાઓને રૂ. ૨૨૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને રૂ. ૨૭૦ કરોડ અને 'ડ' વર્ગની ૧૭ નગરપાલિકાઓને રૂ. ૫૯.૫૦ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે.

મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે, નવા કામોના આયોજન સાથે જૂના અને પૂર્ણ થયેલા કામોની સ્થિતિની પણ કાળજી લેવાય. એટલું જ નહિં, જેટલા કામો થાય તે ગુણવત્તાયુક્ત થાય તે માટે પદાધિકારીઓ-અધિકારીઓ કામોની સાઈટ વિઝીટ સાથે મળીને કરે.

ગ્રીન કવર વધારીને પર્યાવરણ પ્રિય શહેરો બનાવવાની હિમાયત કરતા ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, નવી બનતી ટી.પી. સ્કીમમાં એક ટકા જેટલી જમીન વૃક્ષારોપણ માટે ફરજિયાત અનામત રાખવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

તેનો પણ લોકોની સુખાકારી માટે બાગ-બગીચા, ઓક્સિજન પાર્ક વગેરેના નિર્માણ ઉપરાંત અમલ થાય તે જરૂરી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# લુચ્ચા ચીન પર તસુભાર પણ વિશ્વાસ ન કરાય

**પાકિસ્તાન,** સઉદી અરેબિયા અને તૂર્કીના ત્રેખડે કરેલા લશ્કરી કરારના કારણે ભારતની સુરક્ષા પર શું અસર થશે તેની ચર્ચા વચ્ચે હવે ચીન પણ વરતાયું છે. ભારતે ચાર દિવસ પહેલાં અરુણાચલ પ્રદેશનો તાજો એટલે કે અપડેટ કરેલો નકશો બહાર પાડ્યો તેમાં અરુણાચલ પ્રદેશનાં ૨૭ સ્થળોને નવાં નામ સાથે સમાવ્યાં છે. ભારતમાં સરકારી નકશો બહાર પાડવાનું કામ 'સર્વે ઓફ ઈન્ડિયા' કરે છે. 'સર્વે ઓફ ઈન્ડિયા'એ બહાર પાડેલા નકશામાં ભારતે ૨૭ સ્થળોનાં નામ તેમની ભૌગોલિક વિશેષતાઓ સાથે દર્શાવ્યાં તેના કારણે ચીનને મરચાં લાગી ગયાં છે. ભારતે ચાર પાસ, પહાડી વિસ્તારમાં આવેલા એક સરોવર, કેટલાક જમીન વિસ્તારો અને એક વોર મેમોરિયલનો સમાવેશ નવા નકશામાં કર્યો છે.

ચીને ભારતના નકશાને પોતે માન્ય નથી રાખતું એવું સત્તાવાર રીતે જાહેર કર્યું છે અને સાથે સાથે જૂની રેકર્ડ પણ વગાડી છે કે, આખું અરુણાચલ અમારું છે તેથી ભારત તેના વિસ્તારોને પોતાની રીતે નામ આપે તેના કારણે અરુણાચલ પ્રદેશ પરનો અમારો દાવો જતો રહેવાનો નથી. ચીન અરુણાચલ પ્રદેશને ઝાંગનાન કહે છે અને આ વિસ્તાર દક્ષિણ તિબેટનો ભાગ હોવાથી તેના પર ચીનનો અધિકાર હોવાનો દાવો પણ કરે છે. ચીન આખું તિબેટ લુચ્ચાઈથી બથાવીને બેસી ગયું છે તેથી અરુણાચલ પ્રદેશ પણ પોતાને મળવું જોઈએ એવો રાગ આલાપ્યા કરે છે. અત્યારે પણ ચીને એ રાગ આલાપ્યો જ છે અને ભારતે નકશો જાહેર કર્યો તેની અસર સરહદી વિવાદ ઉકેલવા માટે ચાલી રહેલી મંત્રણા પર પડશે એવી ધમકી પણ આપી છે.

ભારતે ચીનની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખી છે. આ વલણ એકદમ યોગ્ય છે કેમ કે અરુણાચલ પ્રદેશ ભારતનો હિસ્સો છે ને ત્યાં શું કરવું તેના માટે ભારતે કોઈની મંજૂરી લેવાની જરૂર નથી. . ભારતનું કહેવું છે કે, અરુણાચલ પ્રદેશ અમારું રાજ્ય છે તેથી વહીવટી એકરૂપતા લાવવા માટે આ નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલયે સત્તાવાર રીતે બહાર પાડેલા નિવેદનમાં પણ એવું કહેવાયું છે કે, અરુણાચલ પ્રદેશ સરકારે વહીવટી સરળતા માટે નકશામાં આ નામો સમાવેશ કરવા વિનંતી કરેલી કે જેથી આખા દેશને આ સ્થળોની સાચી ઓળખ જાણવા મળે અને સામાન્ય લોકોમાં જાગૃતિ આવે. સત્તાવાર રીતે ભારત સરકારે આ જ વલણ લેવું પડે પણ વાસ્તવિક રીતે ચીનની ગંદી હરકતોનો જવાબ આપવા ભારત સરકારે આ પગલું ભરવું પડ્યું છે.

ચીન વરસોથી ભારતના અરુણાચલ પ્રદેશને પોતાના બાપનો માલ માનીને અરુણાચલ પ્રદેશના વિસ્તારોને ભારતના સત્તાવાર રેકોર્ડમાં નોંધાયેલાં નામોથી અલગ નામો આપ્યા કરે છે. ચીને ૨૦૧૭થી આ તૂત શરૂ કરીને અરુણાચલ પ્રદેશનાં છ સ્થળોનાં નવાં નામ આપી દીધેલાં. એ પછી દર એક-બે વરસો ચીન આ ધંધો માંડીને બેસી જાય છે. ૨૦૨૧માં ચીને ફરી અરુણાચલ પ્રદેશનાં ૧૫ સ્થળોની બીજી યાદી બહાર પાડીને તેમનાં નવાં નામ જાહેર કરેલાં. ૨૦૨૩માં ચીને વધુ ૧૧ સ્થળોનાં નામ સાથેની યાદી બહાર પાડીને ચીને અરુણાચલ પ્રદેશમાં કુલ ૩૨ સ્થળોનાં નામ બદલ્યાં હોવાનું એલાન કરેલું. એ પછી ૨૦૨૪માં ૩૦ અને ૨૦૨૫માં ૨૭ મળીને ચીને અત્યાર લગીમાં ૮૯ સ્થળોનાં નામ બદલી નાખ્યાં છે. ચીન શહેરો-નગરો, નદી, પર્વત, પાસ એમ બધા વિસ્તારોનાં ચાઈનીઝ નામ આપ્યા કરે છે.

ચીનની આ હરકતની દુનિયામાં હાંસી પણ ઉડ્યા કરે છે. અમેરિકા સહિતના દુનિયાના મોટા ભાગના દેશો સત્તાવાર રીતે એ વાત સ્વીકારે છે કે, અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન ભાગ છે અને હંમેશાં રહેશે. કોઈ એકતરફી પગલું ભરીને સ્થળોનાં નામ બદલી શકે નહીં પણ ચીન આ વાત સાંભળતું જ નથી. ચીન સતત એક જ રેકર્ડ વગાડે છે કે, આખો અરુણાચલ પ્રદેશ તિબેટનો હિસ્સો હતું તેથી અરુણાચલ પ્રદેશને પણ પોતાનો પ્રદેશ જ છે. ભારતને આ વિસ્તારમાં રહેવાનો અધિકાર છે ને પોતાને અરુણાચલ પ્રદેશના નામ બદલવાનો પણ અધિકાર છે.

ચીન ભલે આ ગાંડાં કાઢ્યા કરે, ભારતને તેનાથી કોઈ ફરક પડતો નથી પણ ચીનનું વલણ એ વાતનો પુરાવો છે કે, આપણે ગમે તે કરીએ પણ ચીન કદી આપણું દોસ્ત બની શકે તેમ નથી. ચીન ભારતના એક રાજ્યને પોતાનું ગણાવતું હોય ને તેને હડપવાની ફિરાકમાં હોય એ જોતાં ભારત માટે ચીન મોટો ખતરો છે અને હંમેશાં રહેશે. ચીનનું આ વલણ વરસો જુનું છે કેમ કે ચીન આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમા હંમેશાં ભારત વિરોધી વલણ અપનાવે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિખવાજમાં પણ ચીન પાકિસ્તાનનો સાથ આપે છે. કાશ્મીરનો મુદ્દો હોય કે આતંકવાદનો, ચીનનું વલણ ભારત વિરોધી જ રહ્યું છે.

ચીન ભારતના પાડોશીઓને પોતાના પડખામાં લઈને ભારતને દબાવવા પણ મથી રહ્યું છે. ભારતના પ્રદેશ પચાવી પાડવા ચીન સમયાંતરે છમકલાં કર્યા કરે છે. અરુણાચલ પ્રદેશનો મોટો પ્રદેશ અને અક્સાઈ ચીનનો પ્રદેશ પચાવી પાડનારા ચીનની નજર હવે લદાખના વિસ્તારો પર પણ છે. ભારતને ફટકો મારવા હિંદ મહાસાગરમાં પણ ઘૂસણખોરી કરી રહ્યું છે. હિંદ મહાસાગર ભારત માટે સુરક્ષાની રીતે તો મહત્ત્વનું છે જ પણ આર્થિક રીતે પણ મહત્ત્વનું છે કેમ કે ભારતનો મોટા ભાગનો વ્યાપાર હિંદ મહાસાગર મારફતે ચાલે છે. ભારતે પોતાનાં હિતો જાળવવા માટે વરસોથી હિન્દ મહાસાગરમાં પોતાનો દબદબો જાળવ્યો છે પણ છેલ્લાં થોડાં વરસોથી ચીન હિન્દ મહાસાગરમાં ભારતને ઘેરવાના અને હિંદ મહાસાગર પર કબજો કરવાના પ્રયાસો કરી રહ્યું છે.

ભારતના પાડોશી દેશોમાં બંદરોના વિકાસના નામે ચીન સૈન્ય મથકો સ્થાપી રહ્યું છે. શ્રીલંકામાં હંબનટોટા બંદર, માલદીવમાં મકાઓ પોર્ટ, બાંગ્લાદેશમાં ચટગાંવ પોર્ટ અને પાકિસ્તાનમાં ગ્વાદર બંદર પર કબજો કરીને ચીન ભારતને ઘેરવાની વ્યૂહરચનામાં ઘણું આગળ વધી ગયું છે. અરબ સાગરમાં ભારતના સામે છેડે આવેલા આફ્રિકાના જિબૂતી નામના દેશમાં પણ તેણે પોતાનું લશ્કરી મથક સ્થાપ્યું છે.

ટ્રમ્પે ટૅરિફની તલવાર વિંઝવા માંડી પછી ભારતે ચીન સાથેના સંબંધો સારા કરવા સાચા દિલથી પ્રયત્ન કર્યા પણ અરુણાચલ મુદ્દે ચીનનું વલણ એ વાતનો પુરાવો છે કે, ચીન આ ભારત વિરોધી વલણ છોડે એવી કોઈ શક્યતા નથી. ચીને ફરી એક વાર સાબિત કર્યું કે, અમેરિકાની જેમ ચીન પણ લુચ્ચુ અને સ્વાર્થી છે.

ચીન પણ અમેરિકાની જેમ પોતાનાં હિતો સિવાય બીજા કશા વિશે વિચારતું નથી. હજુ થોડા સમય પહેલાં જ ચીન ભારતને પોતાની તરફ આકર્ષવા માટે ડ્રેગન અને એલિફન્ટ સાથે મળીને ડાન્સ કરે એવી વાતો કરતું હતું પણ અરુણાચલ પ્રદેશનો નકશો બહાર પાડ્યો તેમાં ચીને પોતાની જાત દેખાડી દીધી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, બુધવાર, તા. ૧૨-૮-૨૦૨૬, દર્શ અમાવસ્યા, હરિયાલી અમાવસ્યા, દિવાસાનું જાગરણ**

- ભારતીય દિનાંક ૨૧, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ વદ- ૩૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ વદ- ૩૦
- પારસી શહેનશાહી રોજ ગાથા-૩ સ્પેનતાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર પુષ્ય સવારે ક. ૦૭-૫૯ સુધી, પછી આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૬ સુધી (તા. ૧૨), પછી મઘા ● ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૬, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૩, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ●ક્ર
- ભરતી : સવારે ક. ૧૧-૫૧, રાત્રે ક. ૨૩-૪૮
- ઓટઃ સાંજે ક. ૧૮-૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૯ (તા. ૧૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - અમાવસ્યા. દર્શ અમાવસ્યા, હરિયાલી અમાવસ્યા, દિવાસાનું જાગરણ, એવરત જીવરત, દીપપૂજા, આદિઅમાવસ્યા (દક્ષિણ ભારત), ચિતલાગી અમાવસ્યા (ઓરિસ્સા), કરકટ પૂજા (કેરાલા), શહાદતે ઈમામ હસન (મુસ્લિમ), આખરી શહર શામ્બા (મુસ્લિમ), પારસી ગાથા-૩ સ્પેન્દાર્મદ, પારસી ગાથા - ગહમ્બર. ખગ્રાસ સૂર્યગ્રહણ મુંબઈમાં દેખાવાનું નથી, અન્વાધાન. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ બુધ-શનિ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, ૐ બૃહસ્પતયૈ નમઃના મંત્રજાપ, તીર્થમાં શ્રાદ્ધ, સ્નાન, દાન, જપ, તર્પણ, અનુષ્ઠાન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં દસ્તાવેજ,પશુ લે-વેંચના કામકાજ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન.
- આચમનઃ મંગળ-રાહુ ત્રિકોણ હિંમતવાળા, ચંદ્ર-ગુરુ યુતિ પ્રામાણિક, બુધ-નેપ્ચૂન ત્રિકોણ આધ્યાત્મિક શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ લાગણીપ્રધાન, શુક્ર-હર્ષલ ત્રિકોણ લોકપ્રિય, ચંદ્ર-શનિ ત્રિકોણ કાળજીવાળા, ચંદ્ર-સૂર્ય યુતિ કુટુંબકલેશ થાય.
- ખગોળ જ્યોતિષઃ મંગળ-રાહુ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ યુતિ, બુધ-નેપ્ચૂન ત્રિકોણ, શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ, શુક્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય યુતિ (આષાઢી અમાસ યોગ). ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ. મંગળ આર્દ્રામાં આવે છે.

ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# 'સર'ને લીધો બંગાળમાં નામ છેકાયાં છે એવા મતદારોની અરજીની વિગતો માગી સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન 'સર' દરમિયાન જે લોકોના નામ કાઢી નાખવામાં આવેલા લોકોની અપીલોને મામલે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કરાયેલી ટ્રિબ્યૂનલ્સે આપેલા નિર્ણય રજૂ કરવા સુપ્રીમ કોર્ટે મંગળવારે ચૂંટણી પંચને જણાવ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોય માલ્યા બાગચી અને વી. મોહન્નાની બનેલી ખંડપીઠે કૉંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીએ દાખલ કરેલી અરજીની નોંધ લીધી હતી. આ અરજીમાં રાજ્યની એપીલેટ ટ્રિબ્યૂનલ સમક્ષ અનિર્ણીત પડેલા 'સર' સંબંધિત કેસોનો ઝડપી નિકાલ લાવવાની માગણી કરવામાં આવી હતી.

માત્ર અપીલ દાખલ કરવી પૂરતી નથી. તે અપીલ પર શું કાર્યવાહી થઈ છે તે પણ જાણવું જરૂરી છે એમ જણાવતાં ન્યાયાધીશ બાગચીએ કહ્યું હતું કે અત્યાર સુધીમાં કેટલા કેસનો નિકાલ થયો છે તેની સંખ્યા તમારે અમને જણાવવી પડશે.

રાજ્યની એપીલેટ ટ્રિબ્યૂનલમાં અત્યાર સુધીમાં નિકાલ કરાયેલા અને અનિર્ણીત પડેલા કેસોની વિગતો સુપ્રીમ કોર્ટે માગી હતી.

મતદાર યાદીમાંથી જેમના નામ કાઢી નાખવામાં આવ્યા છે તેમને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મળતા લાભો પણ નકારી કાઢવામાં આવ્યા હોવાને મુદ્દે પણ તેમણે ધ્યાન દોર્યું હતું. (એજન્સી)■

# અરુણાચલ અમારો જ હિસ્સો : ભારતે ચીનને ફરી સંભળાવ્યું

## સરહદ પર શાંતિ જાળવ્યા વિના સંબંધો સામાન્ય નહીં થાયઃ અરુણાચલ પ્રદેશ મુદ્દે વિદેશ મંત્રાલયે ફરી સ્પષ્ટ કર્યું વલણ

નવી દિલ્હીઃ અમેરિકા-ઇરાન વચ્ચે વધતા તણાવ અને પાકિસ્તાન-સઉદી અરેબિયા અને તૂર્કી વચ્ચેની સંધિ વચ્ચે ભારત અને ચીન વચ્ચેના સરહદી વિસ્તાર મુદ્દે લાંબા સમયથી દ્વિપક્ષીય સંબંધો સૌથી સંવેદનશીલ મુદ્દો રહ્યો છે. જોકે, અરુણાચલ મુદ્દે ચીનની અવળચંડાઈ મુદ્દે ભારતે પોતાનું વલણ ફરી ગઇ કાલે સ્પષ્ટ કર્યું હતું. ભારત હંમેશાં એ વાતને પણ વળગીને મક્કમ રહ્યું છે સરહદી વિસ્તારોમાં શાંતિ સ્થિરતા જાળવી રાખવાનું જરૂરી છે, જે બંને દેશના સંબંધોને સૌથી વધુ અસર કરે છે.

જો સરહદ પર તણાવ રહેશે તો વેપારી, રાજકીય સંવાદ અને અન્ય સહયોગને અસર કરે છે. છઠ્ઠી ઓગસ્ટ, ૨૦૨૬ના નવી દિલ્હીમાં યોજાયેલી 'ભારત-ચીન સરહદી બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી વ્યવસ્થા' ૩૬મી બેઠકમાં આ મુદ્દાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

ચીન તરફથી અરુણાચલ પ્રદેશને લઈ પૂછવામાં આવેલા સવાલના જવાબમાં રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે. આ એક એવી વાસ્તવિકતા છે, જે સ્વયં સ્પષ્ટ છે અને આ નિર્વિવાદ વાસ્તવિકતાને કોઈ બદલી શકશે નહીં. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર અંગે કહ્યું કે માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યો છે, જેને અંગે ભારતે પણ ચિંતા વ્યક્ત કરી હતી. આંતરરાષ્ટ્રીય સમુદાયોને પણ પાકિસ્તાનમાં માનવ અધિકારોના ઉલ્લંઘન મુદ્દે જવાબદારી નક્કી કરવા માટે પગલાં ભરવા જોઈએ. ■

# ૩.૯૨ ટ્રિલ્યન ડૉલરના કદ સાથે ભારત જગતમાં છઠ્ઠા ક્રમની ઈકૉનોમી

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઇએમએફ) એ એપ્રિલ ૨૦૨૬ માટેના તેના વિશ્વ આર્થિક દૃષ્ટિકોણમાં ૨૦૨૫-૨૬ માટે ભારતનો નોમિનલ જીડીપી ૩.૯૨ ટ્રિલ્યન ડોલર નોંધ્યો છે, જે ભારતને વિશ્વની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવે છે, એમ મંગળવારે સંસદમાં જણાવવામાં આવ્યું હતું.

રાજ્ય કક્ષાના નાણા પ્રધાન પંકજ ચૌધરીએ રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે આઇએમએફનું રેન્કિંગ પ્રવર્તમાન યુએસ ડોલર એક્સચેન્જ રેટ પર માપવામાં આવતા નોમિનલ જીડીપી પર આધારિત છે. પરિણામે, આર્થિક વૃદ્ધિ, એક્સચેન્જ રેટ અને કિંમતોમાં ગતિશીલતા, રાષ્ટ્રીય ખાતાઓમાં સુધારા અને અન્ય મુખ્ય અર્થતંત્રોના કદ અને વૃદ્ધિમાં ફેરફાર સહિતના પરિબળોના સંયોજનને કારણે અર્થતંત્રોની સંબંધિત રેન્કિંગ બદલાઈ શકે છે. ભારતીય અર્થતંત્રની વૃદ્ધિ સંભાવનાને વધારવા માટે સરકારે વ્યાપક-આધારિત વ્યૂહરચના અપનાવી છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ વ્યૂહરચના કૃષિ ઉત્પાદકતા વધારવા, ઉત્પાદન-લિંક્ડ પ્રોત્સાહન યોજનાઓ અને ગુણવત્તા નિયંત્રણ આદેશો હળવા કરવા જેવી પહેલો દ્વારા ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, એમએસએમઇને મજબૂત બનાવવા, વિશ્વ કક્ષાના માળખાગત સુવિધાઓનો વિસ્તાર કરવા, પીએમ ગતિ શક્તિ અને રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ દ્વારા લોજિસ્ટિક્સમાં સુધારો કરવા અને નવીનતા, ડિજિટલાઇઝેશન અને સંશોધનને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, એમ તેમણે જણાવ્યું હતું. ■

# નીટ-એફસીઆરએના વિરોધમાં તમિળનાડુ વિધાનસભામાં ઠરાવ મંજૂર કરાયો

ચેન્નઇઃ તમિળનાડુ વિધાનસભાએ મંગળવારે ગૃહમાં ભાજપના એકમાત્ર સભ્યના વિરોધ વચ્ચે નીટ અને એફસીઆરએ સુધારા વિધેયક, ૨૦૨૬ વિરુદ્ધ ઠરાવ પસાર કર્યા હતા. નીટ પરના પ્રસ્તાવમાં કેન્દ્ર સરકારને આ રાષ્ટ્રીય સ્તરની પાત્રતા પરીક્ષા રદ કરવા અને ધોરણ ૧૨ની પરીક્ષામાં મેળવેલા ગુણના આધારે અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાની વિનંતી કરવામાં આવી હતી.

આરોગ્ય પ્રધાન કે. જી. અરુણરાજ દ્વારા રજૂ કરવામાં આવેલા આ પ્રસ્તાવમાં જણાવાયું હતું કે રાજ્ય સરકારે સતત ભાર મૂક્યો છે કે નીટ સામાજિક ન્યાય અને સમાનતાની વિરુદ્ધ છે અને જ્યાં સુધી તબીબી શિક્ષણનો સવાલ છે ત્યાં સુધી તે રાજ્યોના અધિકારોની પણ વિરુદ્ધ છે.

ઠરાવમાં દાવો કરવામાં આવ્યો હતો કે નીટ તમિળ માધ્યમના વિદ્યાર્થીઓ, ગ્રામીણ અને સામાજિક-આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓ માટે તબીબી શિક્ષણની તકોને ગંભીરતાથી અસર પહોંચાડે છે. ■

## પહેલાં પાનાનું ચાલુ

### પાઇલટ ગાંજો ફૂંકી

રીતે ઉતરાણ કર્યા બાદ બંને પાઇલટના ડૉપ ટૅસ્ટ કરવામાં આવ્યા હતા. પાઈલટ ઈન કમાન્ડનો ડૉપ ટૅસ્ટ નોન-નેગેટિવ આવ્યો હતો અને તેનો નમૂનો કન્ફર્મેટરી ટૅસ્ટ માટે મોકલી આપવામાં આવ્યો હતો.

તપાસ અને કન્ફર્મેટરી ટૅસ્ટનાં પરિણામોને આધારે આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. ડીજીસીએના નિયમાનુસાર જો સાયકોએક્ટિવ પદાર્થો માટેનો સ્ક્રિનિંગ ટૅસ્ટ નોન-નેગેટિવ આવે તો કર્મચારીને કન્ફર્મેટરી રિપોર્ટ ન આવે ત્યાં સુધી સંબંધિત ફરજ પરથી દૂર કરવો જરૂરી છે. (એજન્સી)■

### લૉન લેનાર ડિફોલ્ટ

પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાંથી બંન્ને ગેરન્ટરના પગારમાંથી દર મહિને ૧૦,૦૦૦ રૂપિયા કાપવા પણ કહ્યું હતું. અરજદારોએ દલીલ કરી હતી કે બેન્કે પહેલા મુખ્ય ઉધાર લેનાર પાસેથી બાકી રકમ વસૂલ કરવી જોઈએ અને બાકી રહેલી કોઈપણ રકમ માટે જ ગેરંન્ટરનો સંપર્ક કરવો જોઈએ. તેઓએ દલીલ કરી હતી કે ઉધાર લેનાર અને ગેરન્ટર પાસેથી એક સાથે વસૂલાત કરવી યોગ્ય નથી.

દલીલને ફગાવી દેતા, કોર્ટે ઈન્ડિયન કોન્ટ્રાક્ટ એક્ટ, ૧૮૭૨ની કલમ ૧૨૮ને ટાંકી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે ગેરન્ટરની જવાબદારી મુખ્ય દેવાદારની જવાબદારી જેટલી હોય છે. જ્યાં સુધી ગેરન્ટરના કોન્ટ્રાક્ટમાં અલગ કાંઈ કહેવામાં આવ્યું ના હોય.

કોર્ટે કહ્યું કે આનો અર્થ એ છે કે ગેરન્ટી આપનાર તે સંપૂર્ણ રકમ માટે જવાબદાર છે જેની સંપૂર્ણ જવાબદારી લોન લેનાર મુખ્ય વ્યક્તિની છે. જવાબદારી સંયુક્ત અને અલગ અલગ એમ બે પ્રકારની હોય છે. તેથી લેણદાર એક અથવા બંને સામે કાર્યવાહી કરી શકે છે. ■

### ગરિમા, સન્માન

વડા પ્રધાન નરેન્દ્ર મોદી એનડીએની સંસદીય પક્ષની બેઠક માટે સંસદભવનના પરિસરમાં આવેલા જીએમસી બાલયોગી ઑડિટોરિયમમાં પહોંચ્યા ત્યારે મંત્રીઓ અને સાંસદોએ તિરંગો લહેરાવી તેમનું સ્વાગત કર્યું હતું. (એજન્સી)■

### ગૌતમ અદાણી

કાવતરું, વાયર છેતરપિંડીનું કાવતરું અને સિક્યોરિટીઝ છેતરપિંડીનું કાવતરું સામેલ છે .

વાયર છેતરપિંડીનું કાવતરું એ એક ફેડરલ ગુનો છે જેમાં બે કે તેથી વધુ લોકો ઇન્ટરનેટ, ઇમેઇલ અથવા ફોન જેવા ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારનો ઉપયોગ કરીને અન્ય લોકો પાસેથી પૈસા અથવા મિલકત મેળવવા માટે અન્ય લોકો સાથે છેતરપિંડી કરવાનું કાવતરું ઘડે છે.

કોર્ટે પ્રથમ આરોપ એટલે કે ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (એફસીપીએ) ના કથિત ઉલ્લંઘન અને પાંચમા આરોપ એટલે કે ન્યાયમાં અવરોધ ઊભો કરવાના કાવતરા પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. આ આરોપો કોર્ટમાં હાજર ન રહેલા સહ આરોપીઓ સાથે સંબંધિત છે. સરકારે આ કેસોમાં નિયમ ૪૮(એ) હેઠળ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે.

કોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા ગૌતમ અદાણીએ કહ્યું હતું કે, ''સત્યનો વિજય થયો છે.'' તેમણે ન્યાયિક પ્રક્રિયા પ્રત્યે આદર વ્યક્ત કર્યો અને કાર્યવાહી દરમિયાન અદાણી જૂથ સાથે ઉભા રહેલા લોકોનો આભાર માન્યો હતો. તેમણે રાષ્ટ્ર નિર્માણ અને લાંબા ગાળાના મૂલ્ય નિર્માણ પ્રત્યે ગ્રુપની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો. ■

### ઈરાનનો ડર

વ્યક્તિને ટાંકીને આ જાણકારી આપી હતી. ન્યૂઝ એજન્સી એસોસિએટ પ્રેસે આ રિપોર્ટની સ્વતંત્ર રીતે પુષ્ટી કરી નથી.

ટ્રમ્પ સમિટ માટે કતાર તરફથી ભેટમાં મળેલા નવા જેટથી તૂર્કી પહોંચ્યા હતા. પરંતુ તૂર્કીથી રવાના થતા અગાઉ તેમણે કહ્યું હતું કે તેઓ એર ફોર્સ વનમાં પરત ફરશે. અંકારામાં ટ્રમ્પ બ્રિટનના રોયલ એરફોર્સ મિલ્ડેનહોલ માટે ઉડાણ ભરતા અગાઉ જૂના એરફોર્સ વનમાં સવાર થતા કેમેરામાં કેદ થયા હતા.

જોકે, રિપોર્ટ અનુસાર, એરફોર્સ વન જેટમાં સવાર થયા પછી તેમને ગુપ્ત રીતે નાના વિમાન એરફોર્સ સી-૩૨ એમાં એરપોર્ટ કેટરિંગ ટ્રક મારફતે લઈ જવામાં આવ્યા હતા. વ્હાઇટ હાઉસે આ મિશન અંગે કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો નહોતો. ■

### 'વંદે માતરમ્'નું અપમાન

બિલ, ૨૦૨૬ કાયદો બની ગયો છે.

લોકસભાએ ૩૦ જુલાઈના રોજ આ બિલ પસાર કર્યું હતું, જ્યારે રાજ્યસભાએ એક દિવસ પહેલા તેને મંજૂરી આપી હતી. આ કાયદા હેઠળ વંદે માતરમને રાષ્ટ્રગીત 'જન ગણ મન' સમાન દરજ્જો મળ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન પહેલીવાર લાલ કિલ્લા પરથી 'વંદે માતરમ' ગાવામાં આવશે.

અગાઉ રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ કાયદામાં રાષ્ટ્રગીત 'જન ગણ મન' ગાવામાં ઇરાદાપૂર્વક અવરોધ ઊભો કરવા અથવા રાષ્ટ્રગીત ગાવામાં આવી રહ્યું હોય તેવી કોઈપણ સભાને વિક્ષેપિત કરવા પર પ્રતિબંધ હતો.

આ ગુનાઓ માટે ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. બીજી વાર અને ત્યારબાદ દોષિત ઠેરવવા પર ઓછામાં ઓછી એક વર્ષની જેલની સજા થઈ શકે છે. જોકે, રાષ્ટ્રીય ગાન 'વંદે માતરમ'ને જૂના કાયદા હેઠળ સમાન કાનૂની રક્ષણ મળતું નહોતું. ■

### ઝારખંડ બંધને

વાગ્યાથી મધરાત સુધી રાખવામાં આવ્યો હતો. જોકે આવશ્યક સેવાઓને બંધમાંથી બાકાત રાખવામાં આવી હતી. પોલીસ દ્વારા પ્રદર્શનકર્તાઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યા બાદ જેએમએમ અને કૉંગ્રેસના ધારાસભ્યોએ નૈતિક આધારે રાજીનામું આપવું જોઈએ એવી ભાજપના નેતાઓએ માગણી કરી હતી. કૉંગ્રેસે હિંમત દેખાડવી જોઈએ અને ભરતી પરીક્ષામાં આચરવામાં આવેલી ગેરરીતિને મામલે સીબીઆઈ તપાસની માગણી કરવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ભાજપના કાર્યકર્તાઓએ રાંચીના કિશોરગંજ, અરગોરા અને કાંકે વિસ્તારમાં રસ્તા રોકો આંદોલન કર્યું હતું અને હર્મુ ચોક તેમ જ કિશોરગંજ ચોક ખાતે તેમણે ટાયરો પણ સળગાવ્યા હતા. (એજન્સી)■

### નેતાજી સુભાષચંદ્ર

માગી હતી જેને કોર્ટે મંજૂરી આપી હતી. ત્યાર બાદ ખંડપીઠે કહ્યું હતું કે નેતાજીની પુત્રીની અરજી અમારી સમક્ષ નથી. જો વારસદાર ઈચ્છે છે કે અસ્થિ ભારત પરત લાવવામાં આવે તો તેમણે પોતે કોર્ટ સમક્ષ આવવું પડશે. અમે તેમની લાગણીઓનું સન્માન કરીએ છીએ અને તેમની લાગણીઓને કાયદેસર કાર્યવાહીનું સ્વરૂપ આપવામાં આવે તેની અમે ખાતરી કરીશું, પરંતુ એ માટે તેમણે પોતે આગળ આવવું પડશે, એમ ખંડપીઠે કહ્યું હતું. (એજન્સી)■

### 'મિસિંગ પર્સન'ના

કરવામાં નિષ્ફળ ગયો હોય, તો સંબંધિત મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને અવમાનની નોટિસ જારી કરવામાં આવશે, તેવું બેન્ચે પાંચમી ઓગસ્ટના આદેશમાં જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે તેમને વ્યક્તિગત રીતે હાજર રહેવા અને તેમના સંબંધિત કારણદર્શક સોગંદનામા દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો જેમાં પૂછવામાં આવ્યું હતું કે આ કોર્ટના આદેશોનું ઇરાદાપૂર્વક ઉલ્લંઘન અને પાલન ન કરવા બદલ તેમની સામે કાર્યવાહી અને સજા કેમ ન કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો, જેમણે તેના અગાઉના નિર્દેશો છતાં તેમના સોગંદનામા દાખલ કર્યા નથી, તેઓ પ્રથમ દૃષ્ટિએ અવમાનના છે. તેમજ, સંબંધિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોને અવમાનની નોટિસ જારી કરવામાં આવશે. ■

### ગામડાની સરકારી

સુધારો લાવવાની વિનંતી સાથે ગામના વડાને મળીશ.

આ વર્ષની ૧૫મી ઑગસ્ટ દેશનો ૮૦મો સ્વાતંત્ર્ય દિવસ છે, પરંતુ આ ૮૦ વર્ષમાં દેશમાં જો કોઈ વસ્તુની સૌથી વધુ અવગણના થઈ હોય તો તે ગામડાંની સરકારી સ્કૂલોની થઈ છે, એમ તેમણે કહ્યું હતું. આપણે નવું સંસદભવન, નવું પીએમ હાઉસ બનાવીએ છીએ તો પછી ગામડાંઓમાં નવી શાળાઓ કેમ નથી બનાવી શકતા? શું આપણે ખેડૂતો અને શ્રમિકોના બાળકોને દેશનું ભવિષ્ય નથી માનતા? એવો સવાલ તેમણે કર્યો હતો.


છોકરીઓની મુશ્કેલીઓ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું હતું કે ગામડાંના બાળકોએ હજુ પણ ખૂબ લાંબે સુધી ચાલીને સ્કૂલે જવું પડે છે અને અનેક શાળામાં પીવાના પાણી તેમ જ શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી હોતી.

મારું માનવું છે કે આ ૧૫મી ઑગસ્ટે આપણે કોઈ વસ્તુ પર ધ્યાન આપવું હોય અને કંઈ નવું શરૂ કરવું હોય તો આપણે તેનો આરંભ સરકારી શાળાઓમાં સુધારો લાવવાના અભિયાનથી કરવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# બોટાદ નગરપાલિકાની કડક નોટિસઃ મહિલા સભ્યોના પતિઓને નો એન્ટ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

બોટાદઃ નગરપાલિકામાં મહિલા સદસ્યોના પતિઓ દ્વારા વહીવટી કામગીરીમાં દખલગીરી થતી હોવાની બાબતો સામે નગરપાલિકા તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. નગરપાલિકા કચેરી ખાતે જાહેર નોટીસ લગાવી મહિલા સદસ્યોના પતિઓને વહીવટી કામગીરીમાં કોઈપણ પ્રકારની દખલગીરી નહીં કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.




નગરપાલિકા દ્વારા લગાવવામાં આવેલી નોટીસમાં મહિલા સભ્યોના પતિઓને નગરપાલિકાની વિવિધ શાખાઓમાં બિનજરૂરી રીતે બેસી રહેવા તેમજ કર્મચારીઓની કામગીરીમાં હસ્તક્ષેપ નહીં કરવા જણાવાયું છે. નોટીસ મુજબ, કેટલાક મહિલા સદસ્યોના પતિઓ કર્મચારીઓની ખુરશી પર બેસી રહેતા હોવાની બાબત પણ નગરપાલિકાના ધ્યાને આવી હોવાનું જણાવાયું હતું.

નગરપાલિકા તંત્રએ સ્પષ્ટ કર્યું હતું કે મહિલા સદસ્યોના પતિઓને સત્તાવાર વહીવટી સત્તા કે કામગીરીમાં દખલગીરી કરવાનો અધિકાર નથી. જો કોઈ વ્યક્તિ દ્વારા વહીવટી કામગીરીમાં દખલગીરી કરવામાં આવશે અથવા કર્મચારીઓને કામગીરીમાં અડચણરૂપ વર્તન કરવામાં આવશે તો તેની સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

નોટીસમાં ગુજરાત નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. નગરપાલિકાની કચેરીની દિવાલ તેમજ નોટીસ બોક્સમાં આ અંગેની જાહેર સૂચના લગાવવામાં આવી છે.

બોટાદ નગરપાલિકાના આ નિર્ણય બાદ સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે. મહિલા સદસ્યોના પતિઓની કચેરીમાં હાજરી અને વહીવટી કામગીરીમાં તેમની દખલગીરી અંગે નગરપાલિકા તંત્રને આવી કડક નોટીસ કેમ લગાવવી પડી તે મુદ્દે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે.

હવે નગરપાલિકાની આ સૂચના બાદ મહિલા સદસ્યોના પતિઓ દ્વારા વહીવટી કામગીરીમાં થતી કહેવાતી દખલગીરી પર કેટલો અંકુશ આવે છે અને તંત્ર દ્વારા નિયમોનો ભંગ કરનાર સામે ખરેખર કેવી કાર્યવાહી કરવામાં આવે છે તે જોવું રહ્યું. ■

# રાજકોટમાં વિસ્ફોટક જથ્થા મામલે વધુ એક આરોપી ઝડપાયો, હિરેન અલગોતરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરમાંથી ઝડપાયેલા મોટા વિસ્ફોટક જથ્થા મામલે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચને વધુ એક સફળતા મળી હતી. ક્રાઇમ બ્રાન્ચે આ કેસમાં વધુ એક આરોપી હીરાભાઈ ઉર્ફે હિરેન અલગોતરને ઝડપી પાડ્યો હતો. થોડા દિવસો અગાઉ રાજકોટ-ગોંડલ હાઇવે પર કોઠારિયા સોલ્વન્ટ નજીક શીવ હોટલ પાસેથી ક્રાઇમ બ્રાન્ચે બોલેરો પીકઅપમાંથી મોટી માત્રામાં વિસ્ફોટક સામાન ઝડપી પાડ્યો હતો.

પોલીસે વાહનમાંથી ૧૫૦૦ કિલો જીલેટિન સ્ટિક, ૪૦૦૦ એક્સપ્લોઝિવ ડિટોનેટર અને ૩૦ બંડલ બ્લાસ્ટિંગ કેબલ સહિત કુલ રૂ.૫.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પોલીસે શરૂઆતમાં દોલાભાઈ મીર નામના


(પ્રવિણ સેદાણી)

શખ્સની ધરપકડ કરી હતી.

પોલીસ તપાસ અને પૂછપરછ દરમિયાન બહાર આવ્યું હતું કે વિસ્ફોટક સામાન મેંદરડાના મિતુલ નામના શખ્સ પાસેથી લાવવામાં આવ્યો હતો. આ જથ્થો સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢના જામવાડી ખાતે રહેતા હીરાભાઈ ઉર્ફે હિરેન અલગોતરને પહોંચાડવાનો હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

આ માહિતીના આધારે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે તપાસ આગળ ધપાવી અને હીરાભાઈ ઉર્ફે હિરેન અલગોતરને પણ ઝડપી પાડ્યો હતો. આરોપીની ધરપકડ બાદ હવે ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. વિસ્ફોટક જથ્થો ક્યાં ઉપયોગમાં લેવાનો હતો, આ જથ્થો કોણે મંગાવ્યો હતો અને સમગ્ર નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સ્વાતંત્ર્ય દિવસ અગાઉ આટલી મોટી માત્રામાં વિસ્ફોટક સામગ્રી ઝડપાતા પોલીસે પણ સમગ્ર મામલાને ગંભીરતાથી લીધો હતો. આ મામલે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ અને વધુ આરોપીઓ સુધી પહોંચવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ■

# ભાવનગરના શિહોરમાંથી ₹ ૫,૯૯,૫૦૦ની કિંમતના ૧૧.૯૯૦ કિલો સૂકા ગાંજા સાથે શિહોરમાંથી શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત સરકાર દ્વારા ચાલી રહેલા ''નશા મુક્ત ગુજરાત'' અભિયાન અંતર્ગત ભાવનગર એસ.ઓ.જી. પોલીસ ટીમે નાર્કોટિક્સ ડ્રગ્સની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા હાથ ધરેલી ઝુંબેશમાં મોટી સફળતા મળી હતી. એસ.ઓ.જી. ટીમે ચોક્કસ બાતમીના આધારે શિહોર પોલીસ સ્ટેશન વિસ્તારના ગુંદાણા વિસ્તારમાં આવેલ રામનગર ખાતે મકાનમાં રેઇડ પાડવામાં આવી હતી. આ દરમાયાન ગુંદાણા રામનગર ખાતે રહેતા દિલપ ઉર્ફે દિપો નારણભાઇ ચૂડાસમા (ઉ.વ.


(વિપુલ હિરાણી)

૫૦) ના ઘરેથી કુલ ૧૧.૯૯૦ કિલોગ્રામ સુકા ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂ. ૫,૯૯,૫૦૦/- થાય છે.

આ મામલે પોલીસે આરોપી દિપક ઉર્ફે દિપો ચૂડાસમાની અટકાયત કરી એન.ડી.પી.એસ. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી શિહોર પોલીસ સ્ટેશન ખાતે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# જામનગર જિલ્લાના સાગરકિનારા વિસ્તારોમાં મરિન કમાન્ડોનું મેગા પેટ્રોલિંગ, બાલાચડી, સચાણા જેટ્ટી અને શિપ બ્રેકિંગ યાર્ડ સહિતના વિસ્તારોમાં સઘન ચેકિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ વેસ્ટ એશિયામાં પ્રવર્તી રહેલી તણાવપૂર્ણ ભૂરાજકીય પરિસ્થિતિ વચ્ચે દેશની દરિયાઈ સુરક્ષાને લઈને સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. જેના ભાગરૂપે જામનગર જિલ્લાના સંવેદનશીલ દરિયાકાંઠા વિસ્તારોમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા વિશેષ સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ હાથ ધરાયેલા આ મેગા પેટ્રોલિંગ દરમિયાન બાલાચડી, સચાણા જેટ્ટી, સચાણા શિપ બ્રેકિંગ યાર્ડ સહિતના દરિયાકાંઠાના વિસ્તારોમાં મરીન કમાન્ડોની ટીમોએ પગપાળા પેટ્રોલિંગ કરી સઘન ચકાસણી હાથ ધરી હતી. દરિયાઈ માર્ગે ગેરકાયદેસર પ્રવૃત્તિ, ઘૂસણખોરી, હથિયારો કે નશીલા પદાર્થોની હેરાફેરી સહિતની કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિને અટકાવવાના હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી હતી.

એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશકના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક અને મરીન ટાસ્ક ફોર્સ, હજીરાના પોલીસ અધિક્ષકના નેતૃત્વ હેઠળ તથા નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ આ પેટ્રોલિંગ હાથ ધરાયું હતું.

મરીન ટાસ્ક ફોર્સ, જામનગર સેક્ટરના મરીન કમાન્ડોની ટીમોએ વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ કર્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન દરિયાકાંઠા નજીકની શંકાસ્પદ હિલચાલ, અજાણી વ્યક્તિઓ, બોટો તેમજ અન્ય પ્રવૃત્તિઓ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી હતી.

આ ઉપરાંત ફિશ લેન્ડિંગ પોઇન્ટ, માછીમારી કેન્દ્રો, જેટીઓ, ઔદ્યોગિક સ્થાપનો તથા અવાવરુ અને નિર્જન વિસ્તારોમાં પણ સઘન તપાસ કરવામાં આવી હતી. મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમોને ચોક્કસ વિસ્તારોની જવાબદારી સોંપી સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી હતી.

પેટ્રોલિંગ દરમિયાન વિવિધ માછીમારી વસાહતો અને ફિશિંગ સેન્ટરોની



મુલાકાત લઈ માછીમારો સાથે સીધો સંવાદ કરવામાં આવ્યો હતો. દરિયામાં કે દરિયાકાંઠે કોઈ અજાણી બોટ, અજાણી વ્યક્તિ અથવા શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા માછીમારોને અપીલ કરવામાં આવી હતી. જામનગરનો દરિયાકાંઠો બંદરો, જેટીઓ, ઔદ્યોગિક એકમો તથા અન્ય વ્યૂહાત્મક મહત્વ ધરાવતા સ્થળોને કારણે સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ ગણાય છે. આથી સુરક્ષા એજન્સીઓ દ્વારા નિયમિત પેટ્રોલિંગ ઉપરાંત આવા વિશેષ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યા છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં પેટ્રોલિંગ અને દેખરેખ યથાવત્? રાખવામાં આવશે. સ્થાનિક માછીમારો અને લોકોના સહયોગથી દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવશે. જામનગરના દરિયાકાંઠે મરીન કમાન્ડોના મેગા પેટ્રોલિંગથી સુરક્ષા તંત્રની સતર્કતા સ્પષ્ટ થઈ છેઅને રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન ન કરવામાં આવે તેવો સંદેશ પણ આ કાર્યવાહીથી મળ્યો છે. ■

# રાજકોટના જેતપુરમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે માંસ-મટનની લારીઓ અને દુકાનો બંધ રાખવા હિંદુ સેનાની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ આગામી તા. ૧૩ ઓગસ્ટ ૨૦૨૬થી હિન્દુ ધર્મનો અત્યંત પવિત્ર ગણાતો શ્રાવણ માસ શરૂ થઈ રહ્યો છે. આ પવિત્ર માસ દરમિયાન શ્રદ્ધાળુઓ મહાદેવની ભક્તિમાં લીન હોય છે અને ઠેર-ઠેર ધાર્મિક આયોજનો થતા હોય છે. ત્યારે આ પવિત્ર માસની પવિત્રતા જળવાઈ રહે તે માટે જેતપુર હિન્દુ સેના દ્વારા જેતપુર શહેરના મામલતદાર અને નગરપાલિકાને લેખિતમાં આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

હિન્દુ સેના દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, જેતપુર શહેરમાં શેરી ગલીએ અને રહેણાંક વિસ્તારમાં સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં માસ-મટનની લારીઓ અને



દુકાનો બેરોકટોક ધમધમી રહી છે. આ પૈકીની ઘણી લારીઓ અને દુકાનો પરવાનગી વગર પણ ચાલી રહી હોવાની રજૂઆત કરવામાં આવી છે.

વધુમાં હિન્દુ સેનાના પ્રમુખ રાક્ષિતભાઈ ખચરિયાના નેતૃત્વમાં આપવામાં આવેલા આ આવેદનમાં જણાવાયું છે કે, શ્રાવણ માસ દરમિયાન સમગ્ર વાતાવરણ ભક્તિમય હોય છે. આવા સમયે જાહેરમાં માસ-મટનનું વેચાણ થતું હોવાથી સનાતની હિન્દુ ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાઈ રહી છે.

આ અંગે સ્થાનિક તંત્ર દ્વારા અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

જેતપુર હિન્દુ સેનાએ તંત્ર પાસે કડક માંગ કરી હતી કે, પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શહેરના તમામ વિસ્તારોમાં ચાલતી માસ-મટનની લારીઓ અને દુકાનોને તાત્કાલિક અસરથી બંધ રાખવા માટેના આદેશ કરવામાં આવે. આ અંગે વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તેવી માગ કરવામાં આવી હતી. ■



રાજકોટ શહેરમાં ૧૨ ઑગસ્ટ ૨૦૨૬ (બુધવાર – દિવાસો)થી શરૂ થઈ રહેલા પવિત્ર દશામાના વ્રતને પગલે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે આ ૧૦ દિવસના વ્રત માટે રાજકોટના મુખ્ય બજારોમાં દશામાની આકર્ષક મૂર્તિઓ ખરીદવા ભક્તોની ભારે ભીડ અને પડાપડી જોવા મળી હતી... (પ્રવિણ સેદાણી)

# મુંદરા પોર્ટના કોલસા કૌભાંડનો મુખ્ય સૂત્રધાર શક્તિસિંહ ઝાલા ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરા અદાણી પોર્ટ ખાતે આચરવામાં આવેલા રૂ.૧૭ કરોડથી વધુના હાઈ ક્વોલિટી યુ.એસ કોલસા કૌભાંડના મુખ્ય આરોપીને પશ્ચિમ કચ્છ પેટ્રોલ ફલો સ્ક્વોડે ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે મુંદરા પોલીસને સોંપ્યો હતો.

પોલીસે મૂળ સુરેન્દ્રનગરના સાવલાણાના વતની અને હાલ મુંદરા રહેતા ૩૯ વર્ષીય શક્તિસિંહ અજીતસિંહ ઝાલાની ધરપકડ કરી હતી. વધુ તપાસમાં બહાર આવ્યું હતું કે, આરોપીએ અન્ય સાગરીતો સાથે મળીને અદાણી પોર્ટ યાર્ડમાંથી સસ્તા ઈન્ડોનેશિયન કોલસાના બદલે મોંઘા અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા યુ.એસ કોલસાને ટ્રકોમાં લોડ કરી ગેરકાયદેસર ગેટ પાસ બનાવી સગેવગે કર્યો હતો.

આ કૌભાંડના કારણે કંપનીને રૂ.૧૭,૮૩,૯૮,૦૦૦નું આર્થિક નુકસાન થયું હતું. આ મામલે અગાઉ મુંદરા પોલીસ મથકે ચાર શખસો સામે છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો, જેમાં નાસતા-ફરતા મુખ્ય સૂત્રધાર શક્તિસિંહને પોલીસે ઝડપી લીધો હતો. ■

# જામનગરની જી. જી હોસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરાના દર્દીના મૃત્યુ પછી રિપોર્ટ પોઝિટિવ મળ્યો, બે દર્દીઓ સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર સહિત સમગ્ર હાલાર પંથક માં ચાંદીપુરા રોગના લક્ષણો ધરાવતા બાળ દર્દીઓની સંખ્યા ધીમી ગતિએ સતત વધી રહી છે. જેમાં સોમવારે મૃત્યુ પામનાર બાળ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ મળતા આરોગ્ય વિભાગની દોડધામ વધી જવા પામી હતી. વર્તમાનમાં બે દર્દી સારવાર માટે હોસ્પિટલમાં દાખલ છે.

ચાંદીપુરા ના શંકાસ્પદ લક્ષણો ધરાવતા એક બાળકનું રાજકોટની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ને ચાર દિવસ પહેલા મૃત્યુ નીપજ્યું હતું. જોકે, બાળક ના ચાંદીપુરા વાયરસના સેમ્પલનો રિપોર્ટ હજુ બાકી હતો પરંતુ પછીથી તેનો રિપોર્ટ પોઝિટિવ મળ્યો હતો. બીજી તરફ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા ચાંદીપુરાના શંકાસ્પદ તમામ કેસોના રિપોર્ટ નેગેટિવ આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

જામનગરની જી.જી. હોસ્પિટલમાં હાલમાં ત્રણ બાળદર્દી ઓ સારવાર હેઠળ હતા. દરમિયાન વધુ બે બાળકોને શંકાસ્પદ ચાંદીપુરા ના લક્ષણો જણાતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જેમાં એક પસાયા તથા એક ધ્રોલ પંથકના દર્દી નો સમાવેશ થાય છે. આમ હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યા પાંચની થવા પામી હતી.

પરંતુ શનિવાર અને રવિવાર એમ બે દિવસમાં કુલ ત્રણ બાળકોના સારવારમાં મૃત્યુ નીપજતા હાહાકાર મચી જવા પામ્યો છે.

જેમાં કાલાવડ પંથકના બે અને ધ્રોલ પંથકના એક દર્દીનો સમાવેશ થાય છે. ધ્રોળ પંથકના દર્દીનો મંગળવારે રિપોર્ટ પોઝિટિવ મળતા આરોગ્ય વિભાગ ની ગતિવિધિ તેજ બનાવાઈ છે. એક નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.જ્યારે એક દર્દીનો રિપોર્ટ હજી મળવાનો બાકી છે. હાલની સ્થિતિએ જી જી હોસ્પિટલમાં બે બાળકો દાખલ છે. ■

# રાજકોટ મનપાના તિરંગા યાત્રા અને સ્વાતંત્ર્ય પર્વના ટેન્ડરના ભાવ જાહેર, અધિકારીઓ અંતિમ નિર્ણય કરશે

## ચા, ફાફડા અને જલેબીના નાસ્તા માટે પણ બે પાર્ટીઓ દ્વારા ટેન્ડર ભરવામાં આવ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરમાં જંગલેશ્વર ડીમોલેશનના ખર્ચના વિવાદ વચ્ચે હવે મહાનગરપાલિકાના અન્ય એક ખર્ચના ટેન્ડરના ભાવ ચર્ચામાં આવ્યા છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તિરંગા યાત્રા અને ૧૫ ઓગસ્ટના સ્વતંત્રતા પર્વની ઉજવણી માટે વિવિધ વ્યવસ્થાઓના ટેન્ડર કરવામાં આવ્યા હતા. આ ટેન્ડર પ્રક્રિયામાં આરકે ઇવેન્ટ અને ભાવીક કેટરર્સ દ્વારા ભાવ રજૂ કરવામાં આવ્યા હતા.

તિરંગા યાત્રા માટે એન્કરની વ્યવસ્થા માટે બે અલગ-અલગ ભાવ પ્રકાશમાં આવ્યા છે. એક પાર્ટી દ્વારા એન્કર માટે ૮ હજાર, જ્યારે અન્ય પાર્ટી દ્વારા ૫,૫૦૦નો ભાવ રજૂ કરવામાં આવ્યો છે. જ્યારે ૧૫ ઓગસ્ટના સ્વતંત્રતા પર્વના કાર્યક્રમ માટે એન્કર, સાફો તેમજ ચા-નાસ્તાની વ્યવસ્થા માટે ટેન્ડર કરવામાં આવ્યું છે.જ્યારે સાફા માટે ૧૫૦ પ્રતિ વ્યક્તિનો ભાવ બહાર આવ્યો છે.

આ ઉપરાંત કાર્યક્રમમાં ચા, ફાફડા અને જલેબીના નાસ્તા માટે પણ બે પાર્ટીઓ દ્વારા ટેન્ડર ભરવામાં આવ્યા છે. ચા-નાસ્તા માટે આરકે ઇવેન્ટ દ્વારા ૧૫૦, જ્યારે ભાવીક કેટરર્સ દ્વારા ૧૪૫નો ભાવ રજૂ કરવામાં આવ્યો છે. બંનેમાંથી ભાવીક કેટરસનો ભાવ સૌથી ઓછો હોવાથી તે એલ૧ આવ્યો છે. હવે ટેન્ડરના ભાવ સામે આવ્યા બાદ મનપાના સંબંધિત અધિકારીઓ દ્વારા ટેન્ડરની શરતો, ભાવ અને અન્ય વિગતોની ચકાસણી કરવામાં આવશે અને ત્યારબાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે. જોકે, તાજેતરમાં જંગલેશ્વર ડીમોલેશનના ખર્ચને લઈને થયેલા વિવાદ બાદ રાજકોટ મનપાના વિવિધ ખર્ચ અને ટેન્ડર પ્રક્રિયા પર પણ લોકોની નજર છે.

હવે જોવાનું એ રહેશે કે ટેન્ડર પ્રક્રિયાની ચકાસણી બાદ રાજકોટ મનપા દ્વારા કોને અંતિમ મંજૂરી આપવામાં આવે છેઅને સ્વતંત્રતા પર્વના કાર્યક્રમ માટેની વ્યવસ્થાઓ કયા દરે કરવામાં આવે છે. ■

# ભાવનગરના સિહોરમાં ૧૦૮ના કર્મચારીઓએ અકસ્માતમાં ઘવાયેલા વૃદ્ધના લાખોના સોનાના ઘરેણા સગાને સોંપ્યા

## પ્રામાણિકતા અને ફરજ પરાયણતાનું ઉત્તમ ઉદાહરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના સિહોરમાં ટાવર ચોક નજીક અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વૃદ્ધને સમયસર સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવાની ફરજ સાથે ૧૦૮ ઇમર્જન્સી સેવાના કર્મચારીઓએ તેમની પાસે રહેલી લાખો રૂપિયાની કીમતી ચીજવસ્તુઓ પરિવારજનોને પરત કરી પ્રામાણિકતા અને ફરજ પરાયણતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સિહોરમાં ટાવર ચોક નજીક સ્કૂટર અને ગાડી વચ્ચે અકસ્માત થયો હોવાનો કોલ મળતાં સિહોર સીએચસીની આઈએફટી એમ્બ્યુલન્સમાં ફરજ પરના ઈએમટી ભરતસિંહ પરમાર અને પાઇલટ ધર્મેશભાઈ રાઠોડ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત વૃદ્ધની સ્થિતિને



(વિપુલ હિરાણી)

પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક વધુ સારવાર માટે સીએચસી સિહોર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

આ દરમિયાન વૃદ્ધ પાસે રહેલી કીમતી ચીજવસ્તુઓ ૧૦૮ના કર્મચારીઓના ધ્યાનમાં આવી હતી. જેમાં આશરે છ સોનાની બંગડીઓ, ત્રણ સોનાની ચેન અને બે સોનાની કાનની બુટ્ટી સહિત મોબાઇલ ફોન તથા જરૂરી દસ્તાવેજોનો સમાવેશ થતો હતો. કર્મચારીઓએ દર્દીના સગાનો સંપર્ક કરી તેમને હોસ્પિટલ ખાતે બોલાવી આશરે રૂ. ૨૮થી ૩૦ લાખની કિંમતની સોનાની ચીજવસ્તુઓ સહિતની તમામ કીમતી સામગ્રી પરિવારજનોને પરત કરી હતી.

અકસ્મતમાં ગંભીર રીતે ઘવાયેલા સ્વજનને સમયસર સારવાર મળવા ઉપરાંત લાખો રૂપિયાની કીંમતી ચીજવસ્તુઓ સુરક્ષિત રીતે પરત મળતાં દર્દીના પરિવારજનોએ ૧૦૮ ઇમર્જન્સી સેવાના કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ઘણા ઓછા બનાવો આવા બનતા હોય છે તેમાં આ એક ઉત્તમ દાખલો છે. ■

# અબડાસાના કુવાપદ્ધર-બાંડિયા સીમમાંથી ₹ ૫.૫૦ લાખના વીજ વાયરની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

નનભુજઃ અબડાસા તાલુકાના કુવાપદ્ધરથી બાંડિયા જતા સીમ વિસ્તારમાં વીજ ટાવર પરથી રૂપિયા ૫.૫૦ લાખની કિંમતના વાયરની ચોરી થતાં નલિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.નમળતી વિગતો મુજબ, સીમ વિસ્તારમાં આવેલા 'અવાદા કલીન પ્રોજેક્ટ પ્રા. લિ.'ના વીજ ટાવર પરથી ગત તા. ૧ થી ૨ ઓગસ્ટ દરમિયાન અજાણ્યા તસ્કરો ૪,૫૦૦ મીટર વાયર ચોરી ગયા હતા. પાવર કંપનીના જવાબદારો દ્વારા આ અંગે નલિયા પોલીસ મથકે ગુનો નોંધાવવામાં આવતાં પોલીસે ચોર ટોળકીને ઝડપી પાડવા છાનબીન હાથ ધરી છે.

# ધારાસભ્યમાં ભાગલા પડવાનો અર્થ પક્ષમાં ભાગલા નહીં: શિવસેના (યુબીટી)ની સુપ્રીમ કોર્ટમાં રજૂઆત

નવી દિલ્હી : ધારાસભ્ય દળમાં પડેલું વિભાજન ક્યારેય આપમેળે સમગ્ર રાજકીય પક્ષમાં વિભાજન ગણી શકાય નહીં. તેથી, એકનાથ શિંદેના નેતૃત્વવાળા જૂથને 'અસલી શિવ સેના' તરીકે માન્યતા આપવાનો અને તેમને 'ધનુષ-બાણ'નું ચૂંટણી ચિહ્‌ન ફાળવવાનો ચૂંટણી પંચનો નિર્ણય ગેરકાયદેસર હતો, તેથી તે રદ થવાને પાત્ર છે, તેમ ઉદ્ધવ ઠાકરે જૂથે મંગળવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત ખંડપીઠ સમક્ષ શિવસેના (યુબીટી) વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે આ દલીલો રજૂ કરી હતી. બેંચ ઉદ્ધવ જૂથ દ્વારા ૨૦૨૪માં દાખલ કરવામાં આવેલી બે અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. આ અરજીઓ મહારાષ્ટ્રના એકનાથ શિંદેના નેતૃત્વવાળા જૂથને 'ધનુષ-બાણ'નું ચૂંટણી ચિહ્‌ન ફાળવવાના ચૂંટણી પંચના આદેશ સામે કરવામાં આવી હતી. આ અરજીઓમાં ચૂંટણી પંચના ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના તે આદેશને પણ પડકારવામાં આવ્યો છે જેમાં શિંદે જૂથને અસલી શિવસેના તરીકે માન્યતા આપવામાં આવી હતી. સિબલે શિવસેનાના ૨૦૧૮ના બંધારણને બિનલોકશાહી ગણાવીને તેને અવગણવાના ચૂંટણી પંચના નિર્ણયને પણ પડકાર્યો હતો. સિબ્બલના મતે, જો ૨૦૧૮ ના બંધારણને અલોકતાંત્રિક માનવામાં આવે, તો પણ તે પક્ષનું નામ અને પ્રતીક હરીફ જૂથને ટ્રાન્સફર કરવાનું વાજબી ઠેરવી શકાય નહીં. તેમણે વધુમાં કહ્યું કે ચૂંટણી પંચ પાસે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૨૯એ હેઠળ, પહેલાથી નોંધાયેલા રાજકીય પક્ષનું આંતરિક બંધારણ લોકતાંત્રિક છે કે અલોકતાંત્રિક છે તે નક્કી કરવાની કોઈ સત્તા નથી. (પીટીઆઈ)

## ટ્રેનમાંથી પડી જવાથી યુવકનું મૃત્યુ

થાણેઃ થાણે જિલ્લામાં મુંબ્રા ખાડી નજીક ટ્રેનમાંથી પડી જવાથી ૨૭ વર્ષના યુવકનું મૃત્યુ થયું હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. મંગળવારે સવારે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ સાઇરાજ બેણારે તરીકે થઇ હોઇ તે ઉલ્હાસનગરમાં સ્કૂલ નજીક રહેતો હતો. સાઇરાજ બેણારે મંગળવારે સવારે ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યો હતો ત્યારે મુંબ્રા રેલવે બ્રિજ નજીક તે ટ્રેનમાંથી પડી ગયો હતો અને લોખંડના સળિયા સાથે ફસાઇ ગયો હતો. બનાવની જાણ થતાં રેલવે પોલીસ અને અગ્નિશમન દળના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને તેમણે સાઇરાજના મૃતદેહને ખાડીમાંથી શોધી કાઢ્યો હતો અને તેને બાદમાં મુંબ્રા પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. મુંબ્રા પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરી વધુ તપાસ આદરી હતી.

## માતાની કરપીણ હત્યા કર્યા બાદ પુત્રએ ગળાફાંસો ખાધો

નાંદેડઃ નાંદેડ જિલ્લામાં પચાસ વર્ષની માતાની કરપીણ હત્યા કર્યા બાદ ૨૬ વર્ષના પુત્રએ ઘરમાં ગળાફાંસો ખાધો હતો. નાંદેડમાં તારોડા ખાતેના રાહુલ કોલોની વિસ્તારમાં ૮ ઑગસ્ટે આ ઘટના બની હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

પુત્રની ઓળખ પ્રતીક ચૌથારે તરીકે થઇ હોઇ તેણે ઘરમાં લોખંડના સળિયાથી માતા ભારતી બાલાજી ચૌથારે પર હુમલો કર્યો હતો અને બાદમાં તેના પર ચાકુના ઘા ઝીંક્યા હતા. પ્રતીકે બાદમાં ઘરમાં ગળાફાંસો ખાધો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને માતા-પુત્રને હોસ્પિટલમાં લઇ ગયા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસીને બંનેને મૃત ઘોષિત કર્યાં હતાં.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પ્રતીકની છેલ્લા થોડા વર્ષથી ડિપ્રેશનની સારવાર ચાલી રહી હતી. આ ઘટના પાછળનું કારણ કૌટુંબિક સમસ્યાઓ અને માનસિક તણાવ છે કે કેમ તેની પોલીસ તપાસ કરી રહી છે. (પીટીઆઇ)

## પરભણીમાં લાલ કપડું બતાવવા છતાં ટ્રેન નહીં થોભી: ટ્રેક પર પડેલા મૃતદેહ પરથી પસાર થઇ

### વીડિયો થયો વાયરલઃ ઘટનાની તપાસ કરાઇ રહી હોવાનું રેલવેએ કહ્યું

છત્રપતિ સંભાજીનગરઃ પરભણી જિલ્લામાં લાલ કપડું દેખાડવા છતાં ટ્રેન થોભી નહોતી અને ટ્રેક પર પડેલા અજાણી વ્યક્તિના મૃતદેહ પરથી પસાર થઇ ગઇ હતી. મંગળવારે વહેલી સવારે પૂર્ણા જંક્શનની નજીક બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ રેલવેના નાંદેડ ડિવિઝન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. તમામ નિર્ધારિત સલામતીની પ્રક્રિયાઓ અને પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું છે.

વીડિયોમાં ટ્રેક પર મૃતદેહ પડેલો હોવાથી બે જણ લાલ કપડું દેખાડીને ટ્રેનને રોકવાનો પ્રયાસ કરતા નજરે પડે છે.

શિવસેના (યુબીટી)નાં નેતા સુષમા અંધારેએ એક્સ પર વીડિયો પોસ્ટ કર્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે રેલવે ટ્રેક પર પોલીસની અપૂરતી હાજરીને કારણે ટ્રેક પર પડેલા મૃતદેહ પરથી ટ્રેન પસાર થઇ હતી. આ ચોંકાવનારી ઘટના છે.

રેલવેના નાંદેડ ડિવિઝને જણાવ્યું હતું કે લોકો પાઇલટે મૃતદેહ અંગે રેલવે સત્તાવાળાઓ તેમ જ જીઆરપી (ગવર્નમેન્ટ રેલવે પોલીસ)ને જાણ કરી હતી, જેને પગલે તેઓ ઘટનાસ્થળે જવા માટે રવાના થઇ ગયા હતા.

રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ના જવાનો પણ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા, પણ તેઓ જીઆરપીની આવવાની રાહ જોઇ રહ્યા હતા. જીઆરપી દ્વારા મૃતદેહને રેલવે ટ્રેક પરથી હટાવવામાં આવ્યો હતો અને તેને બાદમાં પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી અપાયો હતો, એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## ઘાટકોપર જનસંકલ્પ સમિતિ દ્વારા ઘાટકોપર હિન્દુ સ્મશાનભૂમિના નવનિર્માણનું કાર્ય બન્યું વેગવંતુ

મુંબઈઃ ઘાટકોપરના સમગ્ર હિન્દુ સમાજ તેમજ વિભિન્ન સામાજિક આગેવાનોએ જોયેલું ઘાટકોપર ખાતેની હિંદુ સ્મશાનભૂમિના નવીનીકરણનું બે દાયકાઓ જૂનું સ્વપ્ન આખરે આકાર પામી રહ્યું છે. સ્થાનિક વિધાનસભ્ય પરાગભાઈ શાહ તથા અનેક સમાજશ્રેષ્ઠીઓ અને અનેક કાર્યકરોના સહિયારા પ્રયાસોથી આ લોકકલ્યાણનું કાર્ય હવે વેગવંતુ બન્યું છે.

ઘાટકોપર હિંદુ સ્મશાનભૂમિ કમિટી દ્વારા હાલમાં સોમૈયા ગ્રાઉન્ડની બાજુમાં આવેલી સ્મશાનભૂમિને સંલગ્ન આવેલી જમીન પર, હાલની સ્મશાનભૂમિથી ત્રણ ગણી મોટી એટલે કે ૧ એકરથી વધુ વિશાળ જગ્યા પર મુંબઈની સૌથી અત્યાધુનિક, સુવિધાજનક અને સંપૂર્ણપણે પ્રદૂષણમુક્ત સ્મશાનભૂમિનું નવનિર્માણ કરવામાં આવશે.

નવી સ્મશાનભૂમિની પ્રમુખ વિશેષતાઓ અને સુવિધાઓની વાત કરીએ તો આ નવનિર્મિત હિંદુ સ્મશાનભૂમિમાં પર્યાવરણને અનુકૂળ હોય એવી ત્રણ અત્યાધુનિક સીએનજી ભઠ્ઠીઓનું નિર્માણ થશે. તે ઉપરાંત ત્યાં પરંપરાગત રીતિ-રિવાજ મુજબ લાકડાથી અગ્નિસંસ્કાર કરવા માટે ચાર ભઠ્ઠીઓની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે. આ હિંદુ સ્મશાનભૂમિમાં સાધુ-સંત-મહાત્માઓના સન્માનજનક અંતિમસંસ્કાર માટે પણ વિશેષ જગ્યા ફાળવવામાં આવી છે. તેની સાથે સાથે પાળેલા પશુ-પક્ષીઓના અગ્નિસંસ્કાર માટે પણ અલગથી સીએનજી ભઠ્ઠીની જોગવાઈ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સોમૈયા ટ્રસ્ટના સાથ સહકારથી વિધાનસભ્ય પરાગભાઈ શાહના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ઘાટકોપર હિંદુ સ્મશાનભૂમિ કમિટી દ્વારા આ અદ્યતન અને સુવિધાજનક હિંદુ સ્મશાનભૂમિના નવીનીકરણનું પાવન કાર્ય આકાર પામી રહ્યું છે, જેની સત્તાવાર જાહેરાત રવિવાર, તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ધારાસભ્ય પરાગભાઈ શાહના જન્મદિવસે આયોજિત ઘાટકોપર સેવા સન્માન સમારોહમાં થવા જઈ રહી છે.

આ ભગીરથ કાર્યમાં સહયોગ આપવા ઇચ્છુક લાભાર્થીઓ ટ્રસ્ટના નીચે પ્રમાણેના આધિકારિક બૅંક એકાઉન્ટમાં આર્થિક યોગદાન આપી શકશે.

### બૅંક એકાઉન્ટ વિગતઃ

* નામ : ઘાટકોપર હિંદુ સ્મશાનભૂમિ કમિટી
* બૅંક : SVC Co-operative Bank Ltd. ઘાટકોપર બ્રાન્ચ, * Account Number : ૧૦૫૩૦૩૧૩૦૦૦૦૯૨૧
* IFSC code: SVCB0000053

ઘાટકોપર જનસંકલ્પ સમિતિ દ્વારા રવિવારે કિર્તીદાન ગઢવીના લોકડાયરા સહ ''ઘાટકોપર સેવા સન્માન સમારોહ'' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

## બર્થ, ડેથ અને મેરેજ સર્ટિફિકેટ ત્રણ દિવસમાં મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હવેથી નવા જન્મ, મૃત્યુ તથા લગ્નના સર્ટિફિકેટ બાદ માત્ર ત્રણ વર્કિંગ ડેની અંદર ઉપલબ્ધ થવાના છે. મુંબઈ મહાનગરપાલિકાના તમામ વોર્ડમાં રહેલા નાગરી સુવિધા કેન્દ્ર દ્વારા રજિસ્ટ્રેશન ઓફ બર્થ ઍન્ડ ડેથ (આરબીડી) પોર્ટલનો ઉપયોગ કરીને જન્મ/મૃત્યુની નોંધણી અને ફેરફાર કરવાની અરજી પણ સ્વીકારવામાં આવશે. આ નવી સુવિધા અનુસાર મુંબઈગરા માત્ર ત્રણ દિવસમાં સર્ટિફિકેટ ઉપલબ્ધ થશે. એ સાથે જ બર્થ સર્ટિફિકેટમાં બાળકનું નામ સમાવવાની સુવિધા (જન્મના ૧૫ વર્ષ સુધી) પણ માત્ર ત્રણ વર્કિંગ ડેમાં શક્ય બનશે. તો મેરેજ સર્ટિફિકેટમાં પણ સુધારો માત્ર ત્રણ દિવસમાં કરી શકાશે. તો બર્થ અને ડેથ સર્ટિફિકેટમાં સુધારો પચીસ વર્કિંગ ડેમાં કરવામાં આવશે.

## એટીએમ કાર્ડની અદલાબદલી કરીને રૂપિયાની ઉચાપત કરનારા બે પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વાતચીતમાં ભોળવીને એટીએમ કાર્ડની અદલાબદલી કર્યા પછી બૅન્ક ખાતામાંથી નાણાંની કથિત ઉચાપત કરનારા બે આરોપીની માનખુર્દ પોલીસે ધરપકડ કરી હતી. પકડાયેલા બન્ને આરોપીની ઓળખ કિસ્મત અલી બરકત અલી શેખ (૩૦) અને પરવેઝ અકબર અલી શેખ (૩૭) તરીકે થઈ હતી. ટિટવાલાના મહારાળ ગાંવ ખાતે રહેતા બન્ને આરોપી પોલીસ કસ્ટડીમાં હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે.

માનખુર્દમાં રહેતી મહિલાએ પાંચમી ઑગસ્ટે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. ફરિયાદ અનુસાર મહિલા માનખુર્દના મંગલમૂર્તિ જંક્શન ખાતેના ખાનગી બૅન્કના એટીએમ સેન્ટરમાં રૂપિયા કઢાવવા ગઈ હતી.

મહિલા મશીનમાંથી રૂપિયા કઢાવતી હતી ત્યારે પાછળ ઊભા રહીને એક આરોપીએ કાર્ડનો પિન નંબર જોઈ લીધો હતો. પછી મહિલાને વાતોમાં ભોળવી તેનું એટીએમ કાર્ડ લઈને ડુપ્લિકેટ કાર્ડ આરોપીએ પધરાવ્યું હતું. ત્યાર બાદ બીજા એટીએમ સેન્ટરમાં જઈને મહિલાના ખાતામાંથી નાણાં કઢાવી લીધાં હતાં.

પોલીસે બન્ને એટીએમ સેન્ટરના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી આરોપીઓની ઓળખ મેળવી હતી.

## મુલુંડમાં ફૂટપાથ પરની ગેરકાયદે દુકાનો અને ફેરિયાઓ સામે બીએમસી ઍક્શન મૉડમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈમાં 'પૅડેસ્ટ્રિયન ફર્સ્ટ પૉલિસી' અમલમાં મૂકવામાં આવી છે, જે અંતર્ગત મુંબઈની ફૂટપાથને અતિક્રમણ મુક્ત કરી રાહદારીઓ માટે ચાલવા માટે ખુલ્લી મૂકવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ 'ટી' વોર્ડ દ્વારા મુલુંડમાં કાર્યવાહી કરીને આઠ દુકાનો, ૩૦ ફેરિયાઓને હટાવવામાં આવ્યા હતા.

મુંબઈ હાઈ કોર્ટના નિર્દેશ અનુસાર પાલિકા કમિશનર અશ્વિની ભીડે મુંબઈની તમામ ફૂટપાથને ગેરકાયદે ફેરિયા તથા અતિક્રમણથી મુક્ત કરવાની જાહેરાત કરી છે, તે માટે 'પૅડેસ્ટ્રિયન ફર્સ્ટ પૉલિસી' અમલમાં મૂકવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ ફૂટપાથ પરથી ગેરકાયદે ફેરિયા અને અતિક્રમણને તાત્કાલિક હટાવવામાં આવી રહી છે. મંગળવારે 'ટી' વોર્ડ દ્વારા મુલુંડ પશ્ચિમમાં રામ રતન ત્રિવેદી રોડ, જવાહરલાલ નેહરુ રોડ, સેવારામ લાલવાણી રોડ, રતનજી હિરજી ભોગરાજ રોડ, ઝવેર રોડ અને ગણેશ ગાવડે રોડ તેમ જ મુલુંડ પૂર્વમાં લોકમાન્ય ટિળક રોડ અને નવઘર રોડ પરિસરમાં કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ફૂટપાથ પર ઊભારવામાં આવેલી ૪૦ વરસાદથી બચવા માટેની છત, આઠ ગેરકાયદે દુકાનો, ૩૦ ફેરિયાઓને તે જ ફૂટપાથમાં અડચણ નિર્માણ કરનારા ગેરેજવે (વાહન માટેનો રસ્તો) ને હટાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. તેમ જ ફૂટપાથ પર અવરોધ નિર્માણ કરનાર તમામ માલ-સામાન પણ જપ્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં ૧૩ સબ એન્જિનિયર, સાત લાઈસન્સ ઈન્સ્પેક્ટર, ૬૬ કામગાર સહિત ૧૦ વાહન, પાંચ ડમ્પર, પાંચ જેસીબી સહિતનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

## એએનટીએફના સબ-ઈન્સ્પેક્ટરને પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ જેટલી સત્તા અપાઈ

મુંબઈઃ રાજ્ય સરકાર દ્વારા એન્ટિ-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (એએનટીએફ)ના સબ-ઈન્સ્પેક્ટર અને તેની ઉપરના રૅન્કના અધિકારીને એનડીપીએસ ઍક્ટ હેઠળના કેસોની તપાસ માટે એક પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ જેટલી સત્તા આપવામાં આવી હતી.

એનડીપીએસ ઍક્ટની કલમ ૫૩(૨) હેઠળ ગૃહ વિભાગે મંગળવારે આ સંદર્ભે એક જાહેરનામું બહાર પાડ્યું હતું. ઑફિશિયલ ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આ સત્તા લાગુ પડશે.

એએનટીએફના સબ-ઈન્સ્પેક્ટર અને તેની ઉપરના રૅન્કના અધિકારીઓ એનડીપીએસ ઍક્ટ હેઠળના કેસોની તપાસ કરી શકશે. ડ્રગ્સ સંબંધી ગુનાઓની તપાસ માટે આ અધિકારીઓને એક પોલીસ સ્ટેશનના ઑફિસર-ઈન-ચાર્જ જેટલી સત્તા હશે. (પીટીઆઈ) ■

## પુણે-સાતારા હાઈવે પર કાર અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત

### ચાર યુવાનોનાં મોત, બે ગંભીર

મુંબઈ/સાતારાઃ મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં પુણે-સાતારા હાઇવે પર ગમખ્વાર અકસ્માત સર્જાતાં ચાર યુવાનોના ઘટનાસ્થળે કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય બે યુવાન અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

હાઇવે પર શિરવળ પાસે પૂરપાટ ઝડપે આવી રહેલી કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ડિવાઈડર ઓળંગીને સામે આવી રહેલા ટ્રક સામે ધડાકાભેર અથડાતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. આ ટક્કર એટલી ભયંકર હતી કે કારમાં સવાર ચાર લોકોના ઘટનાસ્થળે મૃત્યુ થયા હતા.આ કાર સાતારા તરફ જઈ રહી હતી ત્યારે શિરવળમાં આ દુર્ઘટના આજે બપોરે ૧.૧૫ વાગ્યે બની હતી. મૃતકોની ઓળખાણ વેદાંત વારિંગે, સોનલિંગ ઠાકુર, આદિત્ય ગરુડ અને નિખિલ રાઉત તરીકે કરવામાં આવી હતી. મૃતકો માવળ અને તળેગાંવ દાભાડે વિસ્તારના રહેવાસીઓ હતા. દુર્ઘટનામાં ગંભીરરૂપે ઈજાગ્રસ્ત બંને અંદાજે ૨૦ વર્ષના યુવાનોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.આ દુર્ઘટના બાદ કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. દુર્ઘટના બાદ હાઇ-વે પર કલાકો સુધી લોકોને ભારે ટ્રાફિકના લીધે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

## અડધા ઉનાળામાં નાગપુરવાસીઓના ફેફસામાં જોખમી વાયુ ગયો

નાગપુરઃ સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (સીઆરઈએ)એ મંગળવારે જણાવ્યું હતું કે અડધોઅડધ ઉનાળા દરમિયાન નાગપુર ઝેરી હવાથી ગૂંગળાતું રહ્યું હતું. આ સાથે મહારાષ્ટ્રના સૌથી પ્રદૂષિત શહેર તરીકે નાગપુરએ મુંબઈ અને પુણે બંનેને પાછળ રાખી દીધા છે. માર્ચથી મે સુધીના ૪૬ દિવસમાં પીએમ૧૦નું સ્તર રાષ્ટ્રીય સલામતી ધોરણોનું ઉલ્લંઘન કરતું હતું.

સીઆરઈએ દ્વારા જણાવાયું હતું કે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે માર્ચ અને મે વચ્ચેના ૯૨ દિવસના નિરીક્ષણમાંથી નાગપુરમાં પીએમ૧૦ સ્તર ૪૬ દિવસ (અડધોઅડધ ઉનાળો)માં ૬૦ ગલ/ msL$ (માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર) ના વાર્ષિક બેન્ચમાર્કને પાર કરી ગયું હતું. પીએમ૧૦ એટલે શ્વાસમાં લઈ શકાય તેવા હવામાં પ્રવેશતા કણ જેનો વ્યાસ ૧૦ માઇક્રોમીટર કે તેથી ઓછો હોય. આ કણ શ્વસન માર્ગમાં પ્રવેશી શકે તેટલા નાના હોય છે. પીએમ૧૦ માટે માન્ય મર્યાદા વાર્ષિક ૬૦ ગલ/ msL$ અને દૈનિક ૧૦૦ ગલ/ msL$ છે. આનાથી વિપરીત મહારાષ્ટ્રના સૌથી મોટાં મહાનગરો - મુંબઈ અને પુણે - એ જ સમયગાળા દરમિયાન માત્ર પાંચથી છ દિવસમાં સમાન પીએમ૧૦ થ્રેશોલ્ડ પાર કરી ગયા હતા.

## હિન્દુ મરણ

સ્વ. જગદિશભાઈ મોતીરામ સાવલાણી (ઉં. વ. ૭૨) તે સુમીત તથા હેતલ નિલેશભાઈ મહેતાના પિતાજી. સ્વ. ભગવાનદાસ મોતીરામ સાવલાણીના નાનાભાઈ. પવનભાઈના કાકાશ્રી તા. ૧૦-૦૮-૨૬ના અવસાન થયેલું છે.

**ઇડર સત્તાવીસ લિમ્બચીયા સમાજ**

ઘોરવાડા નિવાસી હાલ મુંબઇ સ્વ. કાંતિલાલ ભીખાલાલ લિમ્બચીયા (ઉં.વ.૭૬) તે મંજુબેનના પતિ. સ્વ. અશ્વિન, હેમાના પિતાશ્રી. હેતલ, યશ અને મોક્ષાના દાદા. મંજુબેનના સસરા. તા. ૧૦-૮-૨૬ના દેવલોક પામ્યા છે. તેમની ઉત્તરક્રિયા હિંમતનગર ખાતે તા. ૧૯-૮-૨૬ના રોજ રાખેલ છે.

**કચ્છી દશા મોઢ માંડલિયા વણિક**

કચ્છ માંડવી નિવાસી હાલ કાંદિવલી મુંબઇ કુ. ચંદ્રિકા ગોરધનદાસ મહેતા (ફોઇ) (ઉં. વ. ૭૩) સોમવાર, તા. ૧૦-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કંકુબેન ગોરધનદાસ દયારામ મહેતાના સુપુત્રી. રમણીકલાલ, નાનાલાલના બેન. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી મોઢ વૈષ્ણવ વણિક**

ભારતીબેન ચંદુલાલ વોરા (ઉં. વ. ૮૧) મૂળ રહે. હળવદ, હાલ થાણે ખાતે ૭ ઓગસ્ટ ૨૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. તારાબેન અને ભોગીલાલ શાહના પુત્રી. સ્વ. ચંદુલાલ વોરાના પત્ની. અલ્પા અને હેમંતના માતા. આલોક અને હિતેક્ષાના સાસુમા. રમેશભાઈ, ગીરીશભાઈ, ગીતાબેન અને રીટાબેનના મોટાબહેન. લૌકિક વ્યવહાર રાખવામાં આવ્યો નથી.

**પાટણ વિશા શ્રીમાળી**

પાટણ નિવાસી હાલ મારફતીયા મહેતાનો પાડો હાલ મલાડ ચંદ્રકાંત બાલુભાઇ શાહના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં. વ. ૮૦) ૧૦/૮/૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે ભાવિન, વૈશાલી અમિતકુમાર પાલીવાલના માતુશ્રી. તેજલના સાસુ. પિયરપક્ષે સ્વ. ચંપકલાલ ડાહ્યાલાલ શાહના દીકરી. સ્વ. રસીલાબેન, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. દિનેશભાઇ, ભુપેન્દ્રભાઈ, સુભાષભાઈ, ઉષાબેન, યોગેશભાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

ગામ ભેરાઇ હાલ મલાડ, વસંતરાય હરિભાઈ ગોહિલ (સતીકુંવર) (ઉં. વ. ૭૪) તે સ્વ. હરિભાઈ ભીમજીભાઈ સતીકુંવરના પુત્ર. નયનાબેનના પતિ. રેખાબેન વિશાલ ઠક્કર તથા વિજયભાઈના પિતાશ્રી. નિલમબેનના સસરા. ધ્વનીના નાના. ટીયારાના દાદા. મંગળવાર તા. ૧૧.૦૮.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૩.૦૮.૨૬ના રોજ સાંજે ૫ થી ૬. સ્થળઃ સોનીવાડી, શિંપોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા હાલ ચેમ્બુર, રજનીબેન વિનુભાઈ મહેતા (ઉં. વ. ૯૦) તા. ૧૦.૮.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સિંધુ નરેન્દ્ર ચંદેલ, સેજલ દિપક ગોરડીયા અને મેહુલના માતા. સ્વ. કનુભાઈ, સ્વ. ભરતભાઈ, હરેશ ભાઈલાલ મહેતા, કોકિલા ભૂપેન્દ્ર ગાંધી, પ્રવિણા કિશોર પારેખના ભાભી. સ્વ. રશ્મિ અને જયશ્રી હરેશના જેઠાણી, પિયરપક્ષે મહુવાવાળા સ્વ. રુક્ષમણીબેન મુળજીભાઈ મહેતાના દિકરી. સ્વ. મંજૂબેન જશવંતરાય વોરાના બહેન. સાદડી ગુરુવાર તા. ૧૩.૮.૨૬ના સમય ૪ થી ૭. સ્થળ ૧૩, નિલકંઠ નિલાયમ, ૧૦ મો રોડ, સાન્ડુ ગાર્ડન, ચેમ્બુર-ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

મુંબઈ નિવાસી હાલ મલાડ, સ્વ. દેવીદાસ (દેવુભાઈ) હરીદાસ રાયચુરા તથા રમીલાબેનના સુપુત્ર હરેશભાઈ (લાલાભાઈ) રાયચુરા (ઉં. વ. ૫૯) રવિવાર તા. ૯-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે જયેશ, નરેશ, મીના મહેશ ઠક્કરના ભાઈ. મીતા અને પારુલના દિયર. હિતેન, જય, વિધી નકુલ રૂઘાણી, ભક્તિ સોહમ મહેતાના કાકા. રોશની અને શ્રુવીના કાકાજી સસરા. તેમની પ્રાર્થનાસભા તા. ૧૩-૦૮-૨૬ ગુરુવારના રોજ સાંજે ૪થી ૬. શેઠિયા બેનક્વે, રઘુલીલા મોલ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ કલાણા હાલ ઘાટકોપરના સ્વ. મગનભાઇ ગોકળદાસ રાજાના પત્ની ગં. સ્વ. વનીતાબેન (ઉં. વ. ૮૨) તે સ્વ. કાશીબેન ચુનીલાલ રૂપારેલીયાના સુપુત્રી સોમવાર, તા. ૧૦-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. અશોકભાઇ, સંજયભાઇ, વર્ષા દેવેન્દ્રભાઇ ગોટેચા, છાયા મુકુંદભાઇ દાવડાના માતા. ભક્તિ, પ્રીતિના સાસુ. હરમન, નમીત, વત્સના દાદી શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

કેપ્ટન ખુશરુ જમશેદ સુબેદાર (ઉં. વ. ૮૧) તા. ૧૦-૮-૨૬ના રોજ ગુજરી ગયા છે. ઓસ્તીના પતિ. મરહુમ ઓસ્તા અને ઓસ્તીના દીકરા. ઓસ્તી અનાહિતાના પિતા. ઓસ્તી, એરવદ, મરહુમ તેહમી, હુતોક્ષી, ઝરિન, મરહુમ પ્રકાશના બ્રધર-ઇન-લૉ. તારોનિશ, આર્શસ્પ, શહાનના ગ્રાન્ડ ફાધર. ઉઠમણું : તા. ૧૨-૮-૨૬ના. ઠે. ગુલ મનોર, બીજા માળે, ફલેટ નં. ૧૭, સ્ટ્રેન્ડ રોડ, કોલાબા, મુંબઇ-૫.

ફ્રેની મીનું અંકલેશ્વરીયા તે મીનું ના ધન્યાની. મરહુમો હીલ્લા દારા અમરોલીયાના દીકરી. તે બેહઝાદ ને યઝદના માતાજી. તે વીદીયા ને દીનાના સાસુજી. તે મરહુમો દીનશા ને ફિરોઝના બહેન. તે કિયારા, એરીક, જસતીન, ફિયોનાના બપઇ. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૫૮૦૨ ટાવર-૧, એવરીસ સીરેનીટી, કાંચપાડા, મલાડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૬૫૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૮-૨૬ને દિને બપોરે, ૩.૪૦ વાગે દાદીસેઠ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**દિગંબર જૈન**

મઘરોલ નિવાસી હાલ ગોરેગામ, સ્વ. ચીમનલાલ ભાઇલાલ શાહ (ઉં. વ. ૮૧) તા. ૦૭/૦૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઇન્દિરાબેનના પતિ. કિશોર, અમિતા, રાગીણી, આશા, સ્વ. નીકીના પિતાશ્રી. સ્વ. નટવરલાલ, સ્વ. અમૃતલાલ, સ્વ. રસિકલાલ, અરવિંદભાઈ, સ્વ. મંજુલાબેન, સ્વ. શાંતાબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૪/૮/૨૬ના રોજ સાંજે ૫ થી ૬. આર્યસમાજ, માઉન્ટમેરી સ્કૂલની સામે જવાહર નગર, રોડ ન. ૧૫, ગોરેગામ (૫).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની તુંબડીના કુમારી નીપા હસમુખ સાવલા (ઉં. વ. ૫૧) તા.૯-૮-૨૬ના અવસાન પામેલ છે. જયાબેન પોપટલાલ ભાણજીની પૌત્રી. રશ્મિબેન હસમુખની સુપુત્રી. પિયુષની બહેન. નાગલપુરના તારાબેન તલકચંદ ઝવેરીની દોહિત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ. હસમુખ સાવલા, ઈ-૧૬૪, દેવનગર, દેવનગર દેરાસર માર્ગ, કાંદિવલી (વેસ્ટ).

બારોઇના ધીરજ કેનીયા (ઉં. વ. ૭૩) તા. ૧૦-૮-૨૬ના અવસાન પામ્યા છે. કસ્તુરબેન નાનજીના સુપુત્ર. સ્વ. ધનવંતીના પતિ. મનનના પિતા. સ્વ. રમણીક, જયંતી, જગદીશ, કુલીન, ભારતી, ભાવના, રક્ષા, કેતનના ભાઇ. ભુજપુર પાનબાઇ હરશી દેવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનન કેનીયા, સી-૩૦૯, શ્રી સાંઇરાજ પાર્ક, ન્યુ આયરે રોડ, ડોંબીવલી (ઇસ્ટ).

સાભરાઇના ખીમજી (ખુશાલ) શામજી ગોસર (ઉં. વ. ૮૦) તા ૧૦-૮-૨૬નાં અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી વાલબાઈ શામજી લધાના પુત્ર. લક્ષ્મીબેનના પતિ. શૈલેષ, જાગૃતિના પિતા. જેઠાલાલ, પદમશી, હંસરાજ, જીવરાજ, વેલબાઈના ભાઈ. ઉનડોઠના મેઘબાઈ દેવજી ગાલાના જમાઈ. પ્રાર્થનાઃ શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર (વે),. ટા ૪ થી ૫.૩૦. (ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે) નિ. ખીમજી ગોસર, ધ અમેઝિંગ, ૧૧મો રોડ, ખાર (વે).

નાના રતડીયાના લક્ષ્મીબેન રાયશી ગડા (ઉં. વ. ૮૯) હૈદ્રાબાદમાં તા. ૮-૮-૨૬ ના અવસાન પામેલ છે. મુલબાઇ રવજી ખીમજીના પુત્રવધૂ. સ્વ. રાયશીના ધર્મપત્ની. હેમંત, જીતેન્દ્ર, ભરત, શૈલેષ, દેવપુરના નીતા મનોજના માતુશ્રી. મોટા રતડીયાના ખેતબાઈ જેઠાભાઈ ગોસરના સુપુત્રી. રતનબેન ગાંગજીના ભત્રીજી/ભાણેજી. કેસરબેન મોતીલાલ, ધનવંતી ખુશાલચંદ, કાંતાબેન કેશવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. : જીતેન્દ્ર ગડા, ૨૦૩, નાથ ઇન્દ્રપ્રસ્થ, કાચીગુડા, હૈદ્રાબાદ-૫૦૦૦૨૭.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ કાંદિવલી સ્વ. હીરાચંદ હરખચંદ સંઘવીના સુપુત્ર દલસુખભાઇ હીરાચંદ સંઘવી (ઉં. વ. ૮૪) તે મંજુલાબેનના પતિ. ફાલ્ગુની, ભાવિકા, ચિરાગ, જીગરના પિતા. જિતેન્દ્રકુમાર નગીનદાસ મહેતા, સ્વ. હેમેશકુમાર રજનીકાંત ઝવેરી, નિશા, કિંજલના સસરા. સ્વ. જસવંતરાય, સ્વ. રસીકભાઇ, સ્વ. પ્રવીણભાઇ, જ્યોત્સનાબેનના ભાઇ. રિતીકા, દર્શન, ધ્રુવ, પાર્થ, યશ, ચારમી, વિધિના દાદા તા. ૧૦-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ઠે. જે / ૬૩૯, રોક એન્કલેવ, હિન્દુસ્તાન નાકા, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## ખાસ વાહન નંબર માટે સરકારી ભંડોળ નહીં: રાજ્ય સરકાર

મુંબઈ : મહારાષ્ટ્ર સરકારે મંગળવારે જણાવ્યું હતું કે જો અધિકારીઓ વાહન માટે વિશેષ નોંધણી નંબર પસંદ કરે તો તેનો ખર્ચ સરકાર ભોગવશે નહીં, કારણ કે આ વધારાનો ખર્ચ સરકારી ભંડોળ મેળવવાને પાત્ર નથી. આ પગલું બિનજરૂરી ખર્ચ પર અંકુશ લાવવા અને નાણાકીય શિસ્ત જાળવવાના સરકારના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે.

રાજ્યના નાણાં વિભાગે એક પરિપત્ર બહાર પાડીને જણાવ્યું હતું કે, સરકારી કચેરીઓ દ્વારા ચોક્કસ નોંધણી નંબરો (જે સામાન્ય રીતે આરટીઓ સ્પેશ્યલ નંબરો તરીકે ઓળખાય છે) મેળવવા માટે મોટી રકમ ખર્ચવામાં આવતી હોવાનું ધ્યાનમાં આવ્યું છે. સરકારી વાહનો માટે આવા નંબરોની પરવાનગી આપતો કોઈ સરકારી આદેશ ન હોવાથી, આ ખર્ચ રાજ્યની તિજોરીમાંથી ન કરવો જોઈએ. જો કોઈ અધિકારી કે કચેરી સરકારી વાહન માટે વિશેષ નંબર મેળવવા પાછળ નાણાં ખર્ચે છે, તો તે ખર્ચને ''કોઈ પણ સંજોગોમાં'' ભંડોળ માટે મંજૂર કરવામાં આવશે નહીં.

વિભાગોને સૂચના આપવામાં આવી છે કે તેઓ તેમના નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓના ધ્યાન પર તાત્કાલિક આ બાબત લાવે.

## નવી મુંબઈમાં સેક્સ રેકેટઃ ત્રણ મહિલાનો છુટકારો

થાણેઃ નવી મુંબઈમાં સ્પા સેન્ટરની આડમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ કરીને પોલીસે ત્રણ મહિલાનો છુટકારો કરાવ્યો હતો, જેમને દેહવ્યાપારમાં ધકેલવામાં આવી હતી. પોલીસે આ પ્રકરણે સ્પા સેન્ટરના મેનેજરની ધરપકડ કરી હતી. પોલીસના એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલની ટીમને ખારઘર વિસ્તારમાં સ્પા સેન્ટરની આડમાં ચાલતા સેક્સ રેકેટ વિશે માહિતી મળી હતી. આથી ખાતરી કરવા માટે બોગસ ગ્રાહક તૈયાર કરીને તેને ૮ ઑગસ્ટે ત્યાં મોકલવામાં આવ્યો હતો. ત્યાર બાદ પોલીસની ટીમે સ્પા સેન્ટરમાં રેઇડ પાડી હતી, એમ અધિકારીએ કહ્યું હતું. પોલીસે ત્યાંથી ત્રણ મહિલાને છોડાવી હતી અને ત્યાંના મેનેજરની ધરપકડ કરી હતી.


**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ઈન્ટરવલ

# અમેરિકાનાં સ્વપ્ન જોનારા ભારતીય વિદ્યાર્થીઓ માટે ચેતવણીની ઘંટડી

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
નિલેશ વાઘેલા

**એફ-વન સ્ટૂડન્ટ વિઝામાં ચીનના ૩૪ ટકા સામે ભારતીયો માટે ૬૨ ટકાનો ઘટાડો લાલ બત્તી ધરે છે!**




**પાછલાં** કેટલાંક વર્ષોમાં અમેરિકામાં ભણવા જવું એ ભારતીય મધ્યમવર્ગનું સપનું બની ગયું છે. એક જમાનામાં, ચલો દિલ્હી, એવું સૂત્ર પોકારવામાં આવતું. તેનું સ્થાન ચલો અમેરિકાએ લઇ લીધું છે. ભારતીય વિદ્યાર્થીઓ માટે જાણે અંતિમ ડેસ્ટિનેશન અમેરિકા જ છે! દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ એમબીએ અને રિસર્ચના નામે અમેરિકાના કેમ્પસ તરફ દોટ મૂકતા જોવા મળે છે.

જોકે, ૨૦૨૫ની એડમિશન સિઝનમાં તેમના આ સપના પર જાણે પાણી ફરી વળ્યું છે. અમેરિકન થિંકટેન્ક સેન્ટર ફોર ઇમિગ્રેશન સ્ટડીઝના અહેવાલ મુજબ, મે ૨૦૨૫થી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન અમેરિકન દૂતાવાસોએ ભારતીય નાગરિકોને માત્ર ૨૨,૧૪૯ એફ-વન સ્ટુડન્ટ વિઝા આપ્યા. ૨૦૨૪ના સમાન ગાળામાં આંકડો ૫૮,૬૯૪ હતો. એટલે કે એક જ વર્ષમાં ૬૨ ટકાનો ધરખમ ઘટાડા થયો છે.

અલબત્ત ચીનના વિદ્યાર્થીઓના વિઝામાં પણ ઘટાડો થયો છે, પણ તે ઘટાડો માત્ર ૩૪ ટકા જેટલો રહ્યો હતો. ચીનને ૪૦,૦૩૪ વિઝા મળ્યા, જે આંકડો ૨૦૨૪માં ૬૧,૦૭૫ હતો. મે થી ઓગસ્ટનો સમયગાળો સ્ટુડન્ટ વિઝા માટે સૌથી મહત્ત્વનો હોય છે, કારણ કે સપ્ટેમ્બરમાં અમેરિકાની યુનિવર્સિટીઓનું નવું સત્ર શરૂ થાય છે.

આ સમયે આવો ઘટાડો એટલે હજારો ભારતીય વિદ્યાર્થીઓની એડમિશન, સ્કોલરશિપ અને ભવિષ્યની યોજનાઓ પર સીધી નકારાત્મક અસર! અલબત્ત, આનો અર્થ એ નથી કે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા સાવ ઓછી થઇ ગઇ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટરનેશનલ એજ્યુકેશનના ડેટા મુજબ ૨૦૨૪-૨૫માં ૩,૬૩,૦૧૯ ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં ભણતા હતા. ચીન ૨,૬૫,૯૧૯ના આંકડા સાથે બીજા ક્રમે હતું. બંને દેશ મળીને અમેરિકાના ૧૧.૭ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી અડધાથી વધુ હિસ્સો ધરાવે છે.

સમસ્યા એ છે કે ટ્રમ્પના તઘલખી નિર્ણયોને કારણે આવનારા સમયમાં વિદેશી વિદ્યાર્થીઓના આંતરપ્રવાહમાં ઘટાડો થતો રહેશે. અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટે સોમવારે જ જાહેર કર્યું છે કે ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન હેઠળ ૧,૭૫,૦૦૦ વિઝા એક યા બીજા કારણસર કેન્સલ કરવામાં આવ્યા છે. આજે જે વિઝા ઓછા મળી રહ્યા છે, તે આવતીકાલના એનરોલમેન્ટ, ગ્રેજ્યુએશન અને શ્રમબળમાં પ્રતિબિંબિત થશે. અહીં સૌથી મોટી ચિંતા ઓપીટી એટલે કે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગની છે.

અભ્યાસ પૂરો કર્યા બાદ અમેરિકામાં કામ કરવાની તક આપતો આ કાર્યક્રમ ભારતીય વિદ્યાર્થીઓ માટે સૌથી મોટું આકર્ષણ હોય છે. ૨૦૨૪-૨૫માં ૧,૪૩,૭૪૦ ભારતીય ગ્રેજ્યુએટ્સ ઓપીટી હેઠળ કામ કરતા હતા, જે કુલ આંતરરાષ્ટ્રીય સહભાગીઓનો લગભગ અડધો હિસ્સો છે. ખાસ કરીને એસટીઇએમ (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથેમેટિક્સ) ક્ષેત્રમાં ભારતીયોની હાજરી નોંધપાત્ર છે. જો નવા વિદ્યાર્થીઓ જ નહીં આવે, તો આ ઇકોસિસ્ટમ પણ નબળી પડશે.

આ ઘટાડા પાછળનું કારણ શું છે? આ સંદર્ભના આધારભૂત સાધનોની માહિતીને આધારે પ્રકાશિત થનારા અહેવાલો અનુસાર ટ્રમ્પ વહીવટીતંત્રની કડક ઇમિગ્રેશન નીતિ તરફ આગળ વધી રહ્યું છે. હોમલેન્ડ સિક્યોરિટી વિભાગે એફ-વન વિઝાના નિયમોમાં મોટા ફેરફાર કર્યા છે. અગાઉ ડ્યુરેશન ઓફ સ્ટેટસ સિસ્ટમ હતી, જેમાં કોર્સ પૂરો થાય ત્યાં સુધી વિદ્યાર્થી રહી શકતો. હવે તેની જગ્યાએ ચાર વર્ષનો નિશ્ચિત પ્રવેશ સમયગાળો આવ્યો છે. જો ડિગ્રી લાંબી ચાલે તો એક્સ્ટેન્શન માટે અલગ અરજી કરવી પડશે. માત્ર એટલું જ નહીં. ગ્રેજ્યુએશન બાદ મળતી ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ હવે ઘટાડીને ૩૦ દિવસ કરવામાં આવ્યો છે. કોલેજ કે કોર્સ બદલવાના નિયમો પણ કડક બન્યા છે.

ઓપીટી પ્રોગ્રામની પણ સમીક્ષા ચાલી રહી છે. આ બધા પગલાંનો સીધો સંદેશ એક જ છે, કે અમેરિકા હવે વિદ્યાર્થીઓ માટે પહેલા જેટલું મુક્ત અને આકર્ષક નથી રહ્યું. આ નીતિઓ પાછળનો જાહેર તર્ક રોજગાર અને સુરક્ષા છે, પણ નિષ્ણાતો અનુસાર પરિણામ વિપરીત આવી શકે છે. અમેરિકાની યુનિવર્સિટીઓ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની ફી પર મોટા પ્રમાણમાં આધાર રાખે છે. ભારતીય વિદ્યાર્થીઓ ટેક કંપનીઓ, રિસર્ચ લેબ અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને ટેલેન્ટ આપે છે. આ રીતે દરવાજા બંધ કરવાથી અમેરિકાનું જ નુકસાન થશે. ભારત માટે આ એક ચેતવણી પણ છે અને તક પણ. ચેતવણી એ કે આપણે એક જ દેશ પર વધુ પડતી નિર્ભરતા રાખી શકીએ નહીં. તક એ કે કેનેડા, ઓસ્ટ્રેલિયા, જર્મની, જાપાન જેવા અન્ય દેશ તરફ નજર દોડાવવાની અને આપણા પોતાના આઇઆઇટી, આઇઆઇએમ જેવી સંસ્થાઓને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનાવવાની છે.

અંતે, વિઝાનો આંકડો એ માત્ર એક સામાન્ય આંકડો નથી. તે એક પેઢીના સપનાનું માપ છે. જો અમેરિકા ખરેખર ઇનોવેશનનું કેન્દ્ર રહેવા માગતું હોય, તો તેણે ફરીથી વિચારવું પડશે. અને ભારતે પણ પોતાના તેજસ્વી યુવાનો માટે ઘરઆંગણે વિકલ્પો ઊભા કરવા પડશે. નહીંતર આ ૬૨ ટકાનો ઘટાડો માત્ર શરૂઆત સાબિત થશે. ■

### શું માત્ર અમેરિકા પર જ સિક્કો માર્યો છે?

ભારતીય વિદ્યાર્થીઓએ ફરજિયાતપણે અમેરિકા સિવાયના વિકલ્પો તરફ નજર દોડાવવી પડશે. ભારતીય વિદ્યાર્થીઓના વિઝામાં ૬૨ ટકા ઘટાડા સામે ચીનના વિઝામાં ૩૪ ટકા ઘટાડો થયો હોવા છતાં પણ તેને ભારત કરતાં લગભગ બમણા ૪૦,૦૩૪ વિઝા મળ્યા છે. આનો અર્થ સ્પષ્ટ છે, અમેરિકા હજુ પણ ચીનના રિસર્ચ અને ટેક ટેલેન્ટને મહત્ત્વ આપી રહ્યું છે, પણ ભારત તરફ વધુ કડકાઈ અથવા ચોખ્ખો દ્વેષ બતાવી રહ્યું છે. અહીં ભૂરાજકારણ ખાસ ભૂમિકા ભજવી રહ્યું છે.

ભારતે હવે વૈકલ્પિક ઉપાય શોધવા જ પડશે. જર્મની, ફ્રાન્સ અને જાપાન જેવા દેશો ઓછી ફીમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી રહ્યા છે. કેનેડા અને ઓસ્ટ્રેલિયા હજુ પણ પોસ્ટ સ્ટડી વર્ક માટે સરળ નીતિ ધરાવે છે. એ જ સાથે ભારત સરકારે ગિફ્ટ સિટી, આઇઆઇટીના વિદેશી કેમ્પસ અને સ્ટડી ઇન ઇન્ડિયા પ્રોગ્રામને ગ્લોબલ બ્રાન્ડ બનાવવા જોઈએ. આપણા તેજસ્વી યુવાઓના બ્રેન ડ્રેઇનને રોકવા માટે હવે ઘરઆંગણે જ ઇકોસિસ્ટમ બનાવવાનો સમય આવી ગયો છે. નહીંતર આ પ્રતિભા પલાયન બીજા દેશોને ફાયદો કરાવશે.

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ૧૮ કરોડના પ્રોવિડન્ટ ફંડ કૌભાંડમાં ૮૯ નકલી કંપની!

**તેમને** જવાબ મળ્યો હતો કે કાર્યાલય પાસે કોઈપણ સંભવિત પરિસ્થિતિનો સામનો કરવા પૂરતું ભંડોળ છે અને કોઈ પણ નાવિક પોતાની મહેનતની કમાણી નહીં જ ગુમાવે તેની ખાતરી આપવામાં આવશે. આની સાથે રૂ. ૧૦૦ કરોડના ગોટાળાની સંપૂર્ણ તપાસ કરવાનું વચન પણ અપાયું હતું.

૨૦૦૪ના મે મહિનામાં રૂ. ૧૮ કરોડનું પ્રોવિડન્ટ ફંડ કૌભાંડ છાપે ચડ્યું હતું. આમાં ૮૯ નકલી કંપનીઓએ આત્મનિર્ભર ભારત રોજગાર યોજનાના (ગેર)લાભ લીધા હતા! અહીં કર્મચારી પ્રોવિડન્ટ ફંડ્સ અને વિવિધ જોગવાઈઓ અધિનિયમ, ૧૯૫૨નો ભંગ થયો હતો. આ અધિનિયમ પેન્શન યોજના અથવા વીમા યોજના હેઠળ પોતે ચૂકવવાની કોઈ રકમથી બચવા અથવા અન્ય કોઈ વ્યક્તિને એવી ચુકવણીથી બચાવવા માટે જાણીને ખોટું નિવેદન અથવા ખોટી રજૂઆત કરનારને એક વર્ષ સુધીની કેદ અથવા પાંચ હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને થઈ શકે.

આ કિસ્સામાં, એક મોટા કૌભાંડ તરીકે સામે આવેલા મામલામાં પુણે સ્થિત કર્મચારી પ્રોવિડન્ટ ફંડ સંગઠન (EPFO)એ એવી ૮૯ નકલી કંપનીઓ શોધી કાઢી હતી જેમણે આત્મનિર્ભર ભારત રોજગાર યોજના (ABRY) હેઠળ સરકાર પાસેથી રૂ. ૧૮ કરોડના લાભ મેળવ્યા હતા.

કર્મચારી પ્રોવિડન્ટ ફંડ સંગઠન, પુણેના અમલ અધિકારી મનોજકુમાર અસ્રાણીએ વાનવડી પોલીસ સ્ટેશનમાં આ કેસમાં પ્રથમ માહિતી અહેવાલ નોંધાવ્યો હતો. પોલીસે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ ૮૯ સંસ્થાઓના કહેવાતા 'માલિકો' સામે છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજોના આરોપો હેઠળ ગુનો નોંધ્યો હતો.

પ્રથમ માહિતી અહેવાલ મુજબ, કોવિડ-૧૯ દરમિયાન ખાનગી કંપનીઓમાં નોકરી ગુમાવનારાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ઓક્ટોબર ૨૦૨૦માં આત્મનિર્ભર ભારત રોજગાર યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ બે વર્ષ સુધી ૧૦૦૦ કર્મચારીઓ સુધીની EPFO નોંધાયેલઘ સંસ્થાઓ માટે કર્મચારી અને નિયોજક બંનેનો ૧૨-૧૨ ટકા હિસ્સો (કુલ ૨૪ ટકા) સરકાર જમા કરાવતી હતી. જ્યારે ૧૦૦૦થી વધુ કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓ માટે માત્ર કર્મચારીઓનો ૧૨ ટકા હિસ્સો સરકાર જમા કરાવતી હતી.

પોલીસ ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીઓએ ૮૯ સંસ્થાઓના માલિક બની EPFO પાસે ઓનલાઈન પીએફ નોંધણી નંબર મેળવવા અરજી કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તમામ અરજીઓમાં એક જ મોબાઇલ નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, બનાવટી દુકાન લાઇસન્સ સહિતના ખોટા દસ્તાવેજો રજૂ કરીને પીએફ નંબર મેળવવામાં આવ્યા હતા.

ફરિયાદી અસ્રાણીના દાવા મુજબઃ 'અમને જાણવા મળ્યું કે આ સંસ્થાઓ નકલી હતી. તેઓ અમારા સમક્ષ દર્શાવેલા સરનામાં પર અસ્તિત્વમાં જ નહોતી. આ નકલી સંસ્થાઓએ EPFO કચેરીમાં ખોટા કર્મચારીઓની વિગતો રજૂ કરીને સરકાર પાસેથી નાણાકીય લાભ મેળવ્યો હતો.'

તપાસમાં જાણવા મળ્યું હતું કે ૪૨ સંસ્થાઓએ નકલી કર્મચારીઓના નામે રૂ. ૯,૫૬,૭૬ ૧૨૩ મેળવ્યા હતા, જેમાંથી રૂ. ૨,૪૦, ૮૫, ૯૧૦ જેટલી રકમનો છેતરપિંડીપૂર્વક ઉપાડ કરવામાં આવ્યો હતો.

બાકીની ૪૭ કંપનીઓએ પણ નકલી કર્મચારીઓના નામે રૂ. ૮,૮૯,૩૫, ૨૪૬ મેળવ્યા હતા, જેમાંથી રૂ. ૨,૨૧,૦૮,૫૭૭ ઉપાડી લેવામાં આવ્યા હતા. આત્મનિર્ભર ભારત રોજગાર યોજના હેઠળના પીએફના નાણાંની ઉચાપત અંગે ત્યારના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક સંજય પટાંગેએ જણાવ્યું કે અધિકારીઓની તપાસમાં આ સંસ્થાઓ નકલી હોવાનું બહાર આવ્યું હતું.

વરસોની કાળી મજૂરી અને નોકરિયાત વર્ગના ભવિષ્યના આધાર સમાન ભવિષ્ય નિધિ અથવા નિવૃત્તિ બચત ભંડોળમાં ય ગોટાળા કરનારાઓની વૃત્તિ વિશો કહેવું ય શું? કૌભાંડકારીઓને કોઇ બાબતની બાધ નથી. (સમાપ્ત)■

feedback@bombaysamachar.com
પ્રાસંગિક
અમૂલ દવે

# પાકિસ્તાન-સઉદી અરેબિયા-તુર્કીનો નવો સંરક્ષણ મૈત્રી કરારઃ કેવા કેવા મહત્ત્વપૂર્ણ વળાંક લાવશે?



પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ-સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન- તૂર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયબ એર્દોગાન

આ નવો સંરક્ષણ કરાર વૈશ્વિક ભૂ-રાજનીતિ અને મધ્યપૂર્વનાં સમીકરણોમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થઈ રહ્યો છે, જેને મીડિયામાં ઈસ્લામિક નાટો અથવા સુન્ની નાટો તરીકે વ્યાપકપણે ઓળખાવામાં આવી રહ્યો છે.

ગત ૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પવિત્ર નગર મક્કામાં સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયબ એર્દોગાન અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે ઐતિહાસિક મક્કા જોઈન્ટ ડિફેન્સ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરારનું સૌથી મોટું અને કેન્દ્રીય પાસું તેની સામૂહિક સુરક્ષા કલમ છે, જે મુજબ ત્રણેયમાંથી કોઈપણ દેશ પર જો સશસ્ત્ર હુમલો થાય તો તેને સમગ્ર ગઠબંધન પર થયેલો હુમલો માનવામાં આવશે. આ જોગવાઈ બિલકુલ ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન એટલે કે 'નાટો' ના પ્રખ્યાત આર્ટિકલ પાંચ જેવી જ છે, જે આ કરારને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશેષ વજન આપે છે.

આ ત્રિકોણીય માળખાનો પાયો રાતોરાત નથી નંખાયો, પરંતુ તે વર્ષ ૨૦૨૫માં સઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે થયેલા વ્યૂહાત્મક મ્યુચ્યુઅલ ડિફેન્સ એગ્રીમેન્ટનો જ વિસ્તૃત અને વધુ મજબૂત અવતાર છે. હવે આ ગઠબંધનમાં તુર્કીનો સમાવેશ થવાથી તેની તાકાત અને વ્યાપ અનેકગણા વધી ગયા છે. આ ત્રણેય રાષ્ટ્રની વિશિષ્ટ તાકાતો એકબીજાની પૂરક સાબિત થઈ રહી છે. સઉદી અરેબિયા પાસે બેફામ આર્થિક શક્તિ અને વિશાળ તેલ ભંડાર છે, પાકિસ્તાન પાસે વિશાળ સૈન્ય બળ અને મુસ્લિમ વિશ્વનું એકમાત્ર પરમાણુ શસ્ત્રાગાર છે, જ્યારે તુર્કી પાસે અત્યાધુનિક સંરક્ષણ ઉદ્યોગ, અદ્યતન ડ્રોન ટેક્નોલોજી અને 'નાટો'નો દીર્ઘકાલીન લશ્કરી અનુભવ છે. ખાસ કરીને તુર્કી પહેલેથી જ એનું સભ્ય છે અને તેનાં સૈન્ય દળો 'નાટો'માં બીજા ક્રમનું સૌથી મોટું સૈન્યબળ ધરાવે છે. પશ્ચિમી સંરક્ષણ માળખાનો હિસ્સા હોવા છતાં તુર્કીનું મુસ્લિમ દેશો સાથે આ પ્રકારે અલગ સંરક્ષણ સહકાર વધારવું એ આ કરારનું સૌથી મોટું અને આશ્ચર્યજનક પાસું છે.

આ કરાર પાછળનું તાત્કાલિક અને મુખ્ય કારણ પ્રાદેશિક અસુરક્ષા અને ભયનું વાતાવરણ છે. ખાસ કરીને ઈરાન સાથેના સતત તણાવ અને યુદ્ધ જેવી અનિશ્ચિત પરિસ્થિતિઓમાં ખાડી દેશો અને વિશેષ કરીને સઉદી અરેબિયા, હવે માત્ર અમેરિકાની સુરક્ષા છત્રછાયા પર આંખ બંધ કરીને ભરોસો કરવા તૈયાર નથી. તે બધા પોતાની સુરક્ષા માટે પોતાના ક્ષેત્રીય મિત્રો સાથે મળીને એક વધારાનું અને મજબૂત સંરક્ષણ કવચ ઊભું કરવા માગે છે. આશ્ચર્યજનક રીતે, અમેરિકા આ કરારનો જાહેરમાં કોઈ વિરોધ કરી રહ્યું નથી. કેટલાક વિશ્લેષકોનું માનવું છે કે આ કરાર અમેરિકાની બર્ડન શેરિંગ એટલે કે ભાર વહેંચણીની નીતિ સાથે સુસંગત છે, જેમાં પ્રાદેશિક શક્તિઓ પોતાની સુરક્ષાની જવાબદારી પોતે ઉઠાવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આ ત્રણેય દેશો અમેરિકાના પરંપરાગત સહયોગીઓ હોવાથી વોશિંગ્ટન તેને પોતાનાં વૈશ્વિક હિતોની વિરુદ્ધ માનતું નથી, જોકે કેટલાક અમેરિકન નિષ્ણાતો એવું પણ માની રહ્યા છે કે આ પ્રકારના પગલાં વૈશ્વિક સ્તરે અમેરિકાની સુરક્ષા વિશ્વસનીયતા પર સવાલો જરૂર ઊભા કરે છે.

બીજી બાજુ, ઈરાન આ નવા ઘટનાક્રમથી અત્યંત અસ્વસ્થ અને નારાજ છે. તેહરાન દ્વારા આ કરારનો સીધો વિરોધ કરવાને બદલે તેને ઊંડા સંશય અને ખુલ્લી ચેતવણીની નજરે જોવામાં આવી રહ્યો છે. ઈરાનની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના સભ્ય ઈબ્રાહીમ રેઝાઈએ તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે સઉદી અરેબિયાએ એ સમજવું જોઈએ કે તુર્કી અને પાકિસ્તાન સાથેના કાગળ પરના કરારોથી તેને વાસ્તવિક સુરક્ષા નહીં મળે, બરાબર એ જ રીતે જેવી સુરક્ષા અગાઉ અમેરિકા પરની એકતરફી નિર્ભરતાથી પણ મળી નહોતી. તેમણે સઉદી અરેબિયાને કટાક્ષ કરતા સલાહ આપી કે બીજાઓ પાસે સુરક્ષા માટે ભીખ માગવાનું બંધ કરવું જોઈએ. અન્ય ઈરાની અધિકારીઓએ પણ આ કરારને માત્ર કાગળનો ટુકડો ગણાવ્યો છે. હા, તે સ્વીકારે છે કે સુન્ની શક્તિઓનું આ પ્રકારનું એકત્રીકરણ ઈરાનની સુરક્ષા સામે અદશ્ય જોખમ પેદા કરી શકે છે, ભલે તે સત્તાવાર રીતે ઈરાન વિરુદ્ધ લક્ષિત ન હોય.

આ કરારને ઈસ્લામિક નાટો નામ આપવું કેટલું યોગ્ય છે તે હજુ પણ ચર્ચા અને વિવાદનો વિષય છે. વાસ્તવિકતા એ છે કે નાટોની જેમ આ ગઠબંધન પાસે કોઈ કાયમી મુખ્યાલય, સંયુક્ત કમાન્ડ સ્ટ્રક્ચર કે પૂર્ણ-સમયની સ્ટેન્ડિંગ ફોર્સ ઉપલબ્ધ નથી. આ વ્યવસ્થા મુખ્યત્વે સામૂહિક નિરોધક શક્તિ અને પરસ્પર સંરક્ષણ સહકાર પર સીમિત છે. સઉદી અધિકારીઓએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ કરાર કોઈ આક્રમક લશ્કરી કે સાંપ્રદાયિક જૂથ બનાવવાનો પ્રયાસ નથી, અને તુર્કીના વિદેશ મંત્રીએ પણ સ્પષ્ટતા કરી છે કે આ કરાર કોઈપણ શાંતિપ્રિય દેશની વિરુદ્ધ નથી. તેમ છતાં, પાકિસ્તાનના કેટલાક નેતાઓનાં નિવેદનોમાં આ માળખાને એક વ્યાપક મુસ્લિમ સુરક્ષા મંચ તરીકે વિકસાવવાની મહત્ત્વાકાંક્ષા દેખાઈ છે, જેમાં ભવિષ્યના સંભવિત પડકારો સામે લડવાની વાતો પણ થઈ રહી છે.

ભારત જેવા પાડોશી દેશો પણ આ સમગ્ર પ્રક્રિયા પર ખૂબ જ બારીકાઈથી નજર રાખી રહ્યા છે, કારણ કે પાકિસ્તાન અને તુર્કી સાથેના ભારતના સંબંધોના સંદર્ભમાં આ નવું સૈન્ય માળખું પ્રાદેશિક સંતુલનને પ્રભાવિત કરી શકે છે. સઉદી અરેબિયા સાથે ભારતના ગાઢ આર્થિક, વેપારી અને ઊર્જા સંબંધો હોવાના કારણે તાત્કાલિક ધોરણે ભારતીય હિતો માટે કોઈ મોટો ખતરો દેખાતો નથી, પરંતુ લાંબા ગાળે આ પ્રકારનાં જોડાણો મધ્યપૂર્વની ભૂ-રાજનીતિના પ્રવાહોને બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે.

નિષ્કર્ષરૂપે, મક્કા કરાર એ મુસ્લિમ વિશ્વમાં સુરક્ષા સહકારનો એક નવતર પ્રયોગ છે જે પ્રાદેશિક અસ્થિરતા અને બદલાતાં વૈશ્વિક સમીકરણોનું જીવંત પ્રતિબિંબ છે. તે અમેરિકાના મૌન સમર્થન સાથે આગળ વધી રહ્યો છે, જ્યારે ઈરાનને ગંભીર ચિંતામાં મૂકી રહ્યો છે. તુર્કીનું નાટો સભ્યપદ આ આખા સમીકરણને વધુ જટિલ અને બહુપરિમાણીય બનાવે છે. આગામી સમય જ નક્કી કરશે કે આ કાગળ પર થયેલો કરાર જમીન પર કેટલો પ્રભાવી સાબિત થાય છે અને અન્ય મુસ્લિમ રાષ્ટ્રો તેમાં જોડાઈને તેને વ્યાપક સ્વરૂપ આપે છે કે નહીં. હાલ પૂરતું તો આ મધ્યપૂર્વની સુરક્ષા વ્યવસ્થાને નવો આકાર આપતું એક અત્યંત નિર્ણાયક પગલું છે. ■

feedback@bombaysamachar.com

સાત સમંદર પાર

રવિ નાયક

# સેલિબ્રિટીના પ્રી-મૅરેજ કરારઃ અબજો બચાવવા માટે કરોડોનો ત્યાગ...

સનાતન હિન્દુ સંસ્કૃતિમાં લગ્નવિધિમાં સપ્તપદી અથવા સાત ફેરાને બહુ મહત્ત્વ આપવામાં આવે છે. શા માટે? કારણ કે અગ્નિને સાક્ષી માનીને ફરાતા દરેક ફેરા સાથે એક વિશિષ્ટ વચન અથવા પ્રતિજ્ઞા સંકળાયેલી હોય છે. આ વચનો નવદંપતીના હવે પછીના જીવનના વિવિધ પાસાઓ - જેમ કે અન્ન, શક્તિ, સમૃદ્ધિ, સુખ, સંતાન, આરોગ્ય અને આજીવન મૈત્રી સાથે સંબંધિત છે. છૂટાછેડા કે ફારગતિ જેવો કોઈ કન્સેપ્ટ- વિભાવના કે ખ્યાલ અહીં નહોતો. અગ્નિની સાક્ષીએ એકવાર જેની સાથે જોડાઈ ગયા, એના પ્રત્યેની તમામ ફરજો નિભાવવી જ પડે.

હવે જમાનો બદલાયો છે. છૂટાછેડા લેવા જ પડે તો પત્નીના સામજિક મોભા અને આર્થિક પરિસ્થિતિનું શું? લગ્ન બાબતે અબ્રાહ્મિક ધર્મો અને સનાતનના દૃષ્ટિકોણમાં ફરક છે. બીજા ધર્મોમાં લગ્નને એક કરાર તરીકે જોવામાં આવે છે. જ્યારે સનાતનમાં લગ્ન એક પવિત્ર વિધિ સંસ્કાર છે. આજે હવે દુનિયાના તમામ સુધરેલા સમાજો લગ્ન અને છૂટાછેડા માટે કાયદાકીય પ્રક્રિયાનો આધાર લે છે. અને અહીંથી જ કેટલીક જુદા પ્રકારની સમસ્યાઓની શરૂઆત પણ થઇ. આ સમસ્યાઓએ વળી એક નવા જ પ્રકારના કરાર આધારિત 'સેલિબ્રિટી પ્રથા'ને જન્મ આપ્યો.

થોડા દિવસો પૂર્વે ફૂટબોલની રમતનો સુપરસ્ટાર ખેલાડી રોનાલ્ડો અચાનક ફૂટબોલ સિવાયના કારણસર ચર્ચામાં આવી ગયો. લગભગ એક દાયકાના સંબંધ અને બે બાળકો પેદા કર્યા બાદ ફૂટબોલ સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને એની ગર્લફ્રેન્ડ જ્યોર્જિના રોડ્રિઝ લગ્ન તરફ આગળ વધી રહ્યા છે, પરંતુ લગ્નની તારીખ જાહેર થાય એ પહેલા આ બંને વચ્ચેનો કથિત પ્રી-નપ્શિયલ એગ્રીમેન્ટ (Prenuptial Agreement) જાહેર થઇ ગયો. એ જાહેરાત પછી આખી દુનિયામાં લગ્ન અને છૂટાછેડાને લગતી વાતોએ જોર પકડ્યું છે.

**શું છે આ પ્રી-નપ્શિયલ એગ્રીમેન્ટ?**

આ એગ્રીમેન્ટ એટલે લગ્નપૂર્વે થતો કરાર. આમ તો લગ્ન પોતે જ એક કાયદેસરનો કરાર ગણાય, પણ છૂટાછેડા થાય તો શું કરવાનું? એ માટે પણ કાયદાના જાણકાર ભેજાબાજોએ છૂટાછેડાની શરતો રજૂ કરતો બીજો એક કરાર ઊભો કર્યો, જે પ્રીનપ્શિયલ - એટલે કે લગ્ન પહેલાનો કરાર ગણાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ખમતીધર સેલિબ્રિટીઝ આ પ્રકારના કરારો હેઠળ છૂટાછેડાની શરતો બાબતે સહમતી સધાય, એ પછી જ લગ્નની તારીખ ફાઈનલ કરે છે.

રોનાલ્ડોના પ્રિમેરેજ એગ્રીમેન્ટે ચર્ચા જગાવી, એની પાછળ મસમોટા આંકડાઓની ઇન્દ્રજાળ જવાબદાર છે.

ફૂટબોલ સ્ટાર રોનાલ્ડો અધધધ સંપત્તિનો માલિક છે. જો રોનાલ્ડો અને જ્યોર્જિનાના છૂટાછેડા થાય તો જ્યોર્જિનાને દર મહિને આશરે એક કરોડ રૂપિયા વાપરવા મળશે. એ સિવાય બાળકોની વૈભવી જીવનશૈલી પાછળ નિયમિત ધોરણે ચાર કરોડ જેવી તોતિંગ રકમ મળતી રહેશે. આ ઉપરાંત કરોડોની રીઅલ એસ્ટેટ, બે લક્ઝરી કાર સહિતની અનેક જરૂરીયાતો રોનાલ્ડો તરફથી પૂરી પાડવામાં આવશે!




જોકે આ બધી માહિતી મીડિયા રિપોર્ટ્સ આધારિત છે. રોનાલ્ડો કે એની ગર્લફ્રેન્ડ તરફથી સત્તાવાર જાહેરાત હજી બાકી છે.

આ બધું વાંચીને આપણને રોનાલ્ડોની માનસિક સ્થિતિ પર શંકા જાય કે આ બાપડો હાથે કરીને ખુવાર થવા બેઠો છે કે શું? કોઈ શ્રીમંત માણસ આવા કરાર કર્યા બાદ લગ્ન કરે તો એની પત્ની અવશ્યપણે છૂટાછેડા લેવાનું વિચારે, જેથી કોઈ પણ જવાબદારી વિના અઢળક સંપત્તિ અને વૈભવી લાઈફ સ્ટાઈલનો લુત્ફ ઉઠાવી શકાય ... પણ આ શ્રીમંતો અને એમના વકીલો આપણે ધારીએ છીએ એટલા ડોબા કે મૂર્ખ નથી હોતા. હકીકતે આવા કરાર દ્વારા ખરું પ્રોટેક્શન પત્નીને નહિ, પણ ખુદ રોનાલ્ડોને મળશે. મામલો સમજવા જેવો છે.



જ્યોર્જિના રોડ્રિઝ-ક્રિસ્ટિયાનો રોનાલ્ડો

સૌથી મોટો મુદ્દો છે અવિશ્વાસ. આપણે મધ્યમવર્ગીય લોકો લગ્નને ભલે વિશ્વાસનું પ્રતીક માનીએ, પણ અબજોની પ્રોપર્ટી અને જાહેર જીવનમાં મોટું નામ ધરાવતા લોકોની કમનસીબી એ છે કે તે કોઈના પર વિશ્વાસ નથી કરી શકતા. ખુદના પરિવારજનો ઉપર પણ નહિ જ! જો સંજોગવશાત છૂટાછેડાની નોબત આવે તો પત્ની અબજોની સંપત્તિમાં ભાગ માગી શકે છે. મામલો કોર્ટમાં જાય તો એવા સંજોગોમાં જાહેર જીવનમાં મોટી બદનામી થાય, વળી પત્ની અને એના વકીલો જાહેરમાં લૂગડા ધોવાની શરૂઆત કરે - એટલે કે સેલિબ્રિટી પરિવારના ડાર્ક સિક્રેટ્સ છતા કરવા માંડે તો વળી ઓર મોટી ઉપાધિ ખડી થઇ જાય. આ બધાથી બચવાનો એક જ આસાન રસ્તો એ છે કે પત્નીને તગડી રકમ સમયસર આપી દેવામાં આવે અને મામલો બને એટલો જલ્દી પૂરો કરી દેવામાં આવે. વર્ષોનો માનસિક સંઘર્ષ, આબરૂના કાંકરા અને વકીલોની તગડી ફીની સામે કરાર મુજબનું વળતર કદાચ અબજો રૂપિયાનું હોય તો ય વિશ્વવિખ્યાત સેલિબ્રિટીઝને એકંદરે સસ્તું પડે છે.

હવે તો યુરોપ-અમેરિકાના લગભગ તમામ તવંગર સેલિબ્રિટીઝ પ્રિ- મેરેજ એગ્રીમેન્ટ કરતા થઇ ગયા છે. આ બધા વચ્ચે માર્ક ઝકરબર્ગે કરેલા કરાર જરા જુદી ભાત પાડે છે. કહેવાય છે કે છૂટાછેડાની સ્થિતિ આવે તો એ સંજોગોમાં ય ઝકરબર્ગ પોતાની ભૂતપૂર્વ થયેલી પત્ની સાથે અઠવાડિયે એક વાર ઓછામાં ઓછી સો મિનિટ લાંબી ડેટ પર જશે. આ થયો જરા રોમેન્ટિક કરાર! જો કે સીધાસાદા માણસો તો લગ્નના પવિત્ર બંધનને થોડી ઘણી બાંધછોડ કરીને ય નિભાવી જાણે એમાં જ ભલાઈ.

## કોણે કેટલા ચૂકવ્યા...?

લગ્ન-વિચ્છેદ પછી ભરણપોષણરૂપે કોઈ વિદેશી સેલિબ્રિટીએ જંગી રકમ ચૂકવી હોય તો 'એમેઝોન'ના કર્તાહર્તા જેફ બેઝોસેનું નામ લેવાય છે. એણે ભૂતપૂર્વ પત્ની મેકેન્ઝિ સ્કોટને ૩૮ બિલિયન ડૉલર ચૂકવ્યા હોવાનો અહેવાલ ગાજ્યો હતો. આ રીતે હોલિવૂડ એક્ટર મેલ ગિબ્સને પણ ૪૨૫ ડૉલર એની પત્ની રોબિન મૂરને ચૂકવ્યા હતા.


હૃતિક-સુઝેન

દેશી સેલિબ્રિટીની વાત કરીએ તો સુપર સ્ટાર હૃતિક રોશન એની પ્રેમિકા-પત્ની સુઝેનથી અલગ થયો ત્યારે એણે સુઝેનને રૂપિયા ૪૦૦ કરોડની જંગી રકમ એલિમની તરીકે આપી છે એવા સમાચાર બહુ ગાજ્યા હતા. જોકે હૃતિક - સુઝેને આને અફવા ગણી નકારી દીધા હતા...

બીજી તરફ, ઉદ્યોગપતિ ગૌતમ સિંઘાનિયા ૩૨ વર્ષના લગ્નજીવન પછી પત્ની નવાઝ મોદીથી છૂટ્ટા પડ્યા પછી રૂપિયા ૧૧૦૦૦ કરોડથી વધુ સંપતિ ધરાવરતા પતિ ગૌતમ પાસેથી નવાઝે છૂટાછેડા પેટે રૂપિયા ૮૨૫૦ કરોડ માગ્યા હોવાનો રિપોર્ટ માર્કેટમાં હતો. જોકે બન્ને પક્ષ તરફથી આનો કોઈ ખુલાસો હજુ સુધી થયો નથી. આ વળતરની રકમ જો ખરેખર ચૂકવાઈ હશે તો ભારતના એ સૌથી મોંઘા ડિવોર્સ ગણી શકાય ...

■ નિધિ શુક્લ

feedback@bombaysamachar.com

તસવીરની આરપાર

ભાટી એન.


# જેસલમેરની સુવર્ણ કળાઃ રેતી ને કિલ્લાથી આગળ પણ એક અદ્ભુત કલાજગત




ભારતના પ્રવાસનનું સૌંદર્ય માત્ર કુદરતી દૃશ્યો કે ઐતિહાસિક ઈમારતોમાં નથી, પરંતુ દેશના દરેક રાજ્યમાં જીવંત રહેલી લોકકળા, ચિત્રકલા, ભીતકલા અને નકશીકામમાં પણ છુપાયેલું છે. રાજસ્થાનનું ગોલ્ડન સિટી જેસલમેર આપણે અનેક વખત ગયા હોઈએ. પીળા સોનેરી પથ્થરનો ભવ્ય કિલ્લો, રણની રેતી અને રાજસ્થાની સ્થાપત્ય આપણને મંત્રમુગ્ધ કરી દે છે, પરંતુ આ જ કિલ્લાની દીવાલો અને ઘરોની વચ્ચે એક એવી નાનકડી, જીવંત કલાદુનિયા વસે છે, જેને પ્રવાસીઓએ થોડું અટકી, નિરખીને માણવી જોઈએ. કિલ્લામાં કોઈના ઘરે લગ્ન પ્રસંગ હોય ત્યારે ભીત પર સુંદર ગણેશજીનું ચિત્ર દોરી, લગ્નની તારીખ, વર-વધૂનાં નામ અને 'શુભ લગ્ન' જેવા શબ્દો લખવાની પરંપરા નજરે પડે છે. આ ચિત્ર માત્ર શણગાર નથી; તે ઘરના આનંદ પ્રસંગની યાદને દીવાલ પર કાયમી કરી દેતી એક લોકકળા છે.

જેસલમેરની આ જ ગલીઓમાં ચિત્રકલાના અનેક અલગ રંગો જોવા મળે છે. ક્યાંક પોતાની આગવી ભાતમાં દોરાયેલા હનુમાનજી, તો ક્યાંક પરંપરાગત આકૃતિઓ અને લોકજીવનને રજૂ કરતી ચિત્રકલા. દરેક કૃતિ પાછળ કોઈ અજાણી કલાકારની આંગળીઓની મહેનત અને પેઢીઓથી ચાલતી આવતી કલાસ્મૃતિ દેખાય છે. દુકાનોની બહાર વેચાતી એન્ટિક વસ્તુઓમાં પણ કલા એટલી બારીકાઈથી ઉતારવામાં આવી હોય છે કે સામાન્ય વસ્તુ પણ કલાકૃતિ બની જાય. એક દુકાન બહાર નજરે પડેલો આરસનો હાથી તો જાણે પથ્થરમાં પ્રાણ પૂરી દેવામાં આવ્યા હોય એવો અદ્ભુત અનુભવ કરાવે. સૂક્ષ્મ નકશીકામ, આકારોની ગોઠવણી અને કારીગરની કલ્પનાશક્તિ જોઈને સ્વાભાવિક રીતે જ મોઢામાંથી નીકળી જાય વાહ... વાહ... આને જ તો કલા કહેવાય!

જેસલમેરનું એક આગવું આકર્ષણ કઠપૂતળીઓની હારબંધ દુનિયા પણ છે. રંગબેરંગી કઠપૂતળીઓ, લોકજીવનની ઝાંખી કરાવતી હસ્તકલા અને સૌથી ઉપર જેસલમેરના સોનેરી પથ્થર પર થતું અદ્ભુત બારીક નકશીકામ. આ બધું મળીને પ્રવાસને માત્ર પ્રવાસ રહેવા દેતું નથી, તેને એક કલાયાત્રા બનાવી દે છે. આપણે ઘણીવાર કિલ્લાની ઊંચાઈ, રણની વિશાળતા અને સ્થાપત્યની ભવ્યતા જોઈને આગળ વધી જઈએ છીએ, પરંતુ સાચી વાત એ છે કે જેસલમેરની આત્મા તેની આવી નાની-નાની, બહુમૂલ્ય અને જીવંત કલાકૃતિઓમાં પણ વસે છે. તેથી જ્યારે પણ ગોલ્ડન સિટી જેસલમેર જવાનું થાય, ત્યારે માત્ર કિલ્લો જોઈને પાછા ન ફરશો; તેની ગલીઓમાં થોડું ભટકજો, દીવાલો પરની ચિત્રકલા વાંચજો, કારીગરની કોતરણી નિરખજો અને આ લોકકળાને આંખ-હૃદયમાં ઉતારી લેજો. કદાચ પ્રવાસમાંથી પાછા ફર્યા પછી સૌથી લાંબો સમય કિલ્લો નહીં, પણ કોઈ અજાણી કલાકારની આંગળીઓથી સર્જાયેલી એ નાનકડી કૃતિ તમારી યાદમાં જીવતી રહેશે. ■



# હું, સોનલ ઝવેરી

માવજી મહેશ્વરી

પ્રકરણ ૩૨

'એ દિવસ મારા કહેવાતા પરિવાર સાથેનો મારો છેલ્લો દિવસ હતો.'

'હા, બા કાયદા એમને ઈ-મેઈલ દ્વારા પત્ર અને ટેલિફોનથી જાણ કરવામાં આવી હતી. કદાચ અગિયારમી એપ્રિલનો દિવસ હતો. હું મક્કમ હતી. ત્રણ દિવસથી હું એકેય વાર મારા ઘરે ગઈ નહોતી, કે ન તો મેં એમનો સંપર્ક કર્યો હતો. મીટિંગ સાંજે ચાર વાગે હતી. રત્નાકરજીએ તૈયારી રાખી હતી. સંજય લડવાના મૂડમાં જ આવ્યો હતો. જય પ્રમાણમાં શાંત હતો. પપ્પાને અણસાર આવી ગયો હોય તેમ ઉદાસ આંખે જોઈ રહ્યા હતા. મમ્મીને પપ્પાએ તેણે હોમવર્ક કરાવ્યું હતું. એ નીચે બેઠી હતી. મીટિંગ શરૂ થતાની સાથે જ પપ્પા બોલ્યા, 'સોનલ તારી મમ્મી અહીં હાજર હોવી જોઈએ એવું તને નથી લાગતું?''

'ના, જરાય નહીં.' મારા શબ્દોની ખાસ્સી અસર થઈ. રત્નાકરજીએ મીટિંગની ભૂમિકા બાંધી. મેં બોલતા પહેલા ત્રણેય ઉપર નજર ફેરવી. સંજયનો ચહેરો જોઈ મને લાગ્યું કે તે શું બોલવું તે ગોઠવી રહ્યો છે. તેના મામાએ તેની સાથે ચર્ચા કરી જ હશે. મેં શરૂઆત કરી, 'જુઓ દાદાજીએ કરેલા વિલને કારણે એક વર્ષથી આપણા ઘરમાં સંઘર્ષ ચાલી રહ્યો છે. એક વર્ષમાં મેં જે વેઠ્યું છે તે મારે કહેવું નથી. પણ દાદાજીના વિલ મુજબ આ બધી મિલકત મારી યાને સોનલ ઝવેરીની છે. મારે આપણા વચ્ચે ચાલતા સંઘર્ષનો અંત આણી દેવો છે,' સંજય ધીરજ રાખી ન શક્યો. તે વચ્ચે બોલવા જતો હતો પણ જયે તેનો હાથ પકડીને અટકાવ્યો. હું આગળ બોલી, 'દાદાજીના વિલ પ્રમાણે રાજસ્થાનમાં આવેલી ખાણો પપ્પાની છે. એટલેં એમ.વી.માંથી પપ્પાને કંઈ આપવું હું જરૂરી સમજતી નથી. આપણું મકાન હું પપ્પાને આપું છું. એની કાર્યવાહી પણ ચાલુ છે.' મારી ભાષા એક માલિકની ભાષા હતી અને એ ભાષાની અસર ખાસ તો સંજય ઉપર થતી મને દેખાઈ. હું બોસની જેમ બોલતી હતી, દાદાજીએ પોતાના પૌત્ર વહુઓ માટે વીસ - વીસ લાખ રોકડા આપવાની વાત પણ લખી ગયા છે. આ બે કવરની અંદર બેય ભાભીઓને નામે વીસ-વીસ લાખના ચેક છે. વોરાસાહેબ આ બેય ચેક અત્યારે જ એમને આપી દો.'

રત્નાકરજીએ ચેક એમને આપ્યા. જયે કવર ખોલી ચેક જોયો અને ટેબલ ઉપર રાખી દીધો. સંજયને કોઈ પડી જ ન હોય તેમ કવર બેવડું વાળી ખીસ્સામાં મૂકી દીધો,પણ એના જેવો અધીરો માણસ મેં જોયો નથી. તેણે બરછટ સ્વરે કહ્યું, 'આ વાત માટે જ અમને અહીં બોલાવવામાં આવ્યા છે?' મેં કહ્યું, 'ના, મેં નિર્ણય કર્યો છે કે એમ. વી.નો અડધો હિસ્સો તમને બેય ભાઈઓને આપી દેવો. એ બે રીતે થઈ શકે છે. એક તો એમ. વી. ની બજાર કિંમતનો અડધો ભાગ હું તમને આપી દઉં અને હું ચલાવું અથવા એટલું તમે મને આપી દો અને તમે ચલાવો. ત્રીજો રસ્તો એ છે કે એમ. વી. વેચી નાખીએ. તમે તમારો ભાગ લઈ લો હું મારો લઈ લઉં. બોલો તમારી શું રાય છે. પપ્પાએ ઓચિંતું કહ્યું, 'મને લાગે છે મારે હવે અહીં બેસી રહેવાનો કોઈ મતલબ નથી. કારણ કે એમ. વી. અને મને કોઈ સંબંધ રહ્યો નથી. હવે તમારા ત્રણનો મામલો છે. હું કોઈ પ્રતિક્રિયા આપું તે પહેલા સંજય બોલ્યો, 'ના પપ્પા તમે બેસો. આ ચાલાક છોકરીએ આપણને બરાબરના ફસાવ્યા છે. તમે આ ફર્મ ઊભું કરવામાં લોહી રેડ્યું છે.'

સંજય હું આજે ખોટી ચર્ચા કરવા માગતી નથી. મે જે ટર્મ કંડીશન મૂકી છે તે તમને માન્ય છે કે નહીં એનો ચોખ્ખો જવાબ મને જોઈએ. પપ્પાને જવું હોય તો જઈ શકે છે. મારું વાક્ય પપ્પા સહન ન કરી શક્યા. તે પોતાની ઓકાત ઉપર આવી ગયા, 'સોનલ એ ભૂલી ગઈ કે હું ધારત તો તું આજે કોઈ ગંદી વસ્તીમાં હોત. આજે મારી ભૂલ સમજાય છે.'

પપ્પા એ ચર્ચા ભૂતકાળ બની ગઈ છે. તમારે જવું હોય તો જઈ શકો છો અને બેસશો તોય મને વાંધો નથી. પણ અત્યારે આવી ફાલતુ વાતો માટે મારી પાસે સમય નથી. જય તું કેમ કંઈ નથી બોલતો ભાઈ?

'સોનલ, સંજયભાઈ ભોળા અને ઉતાવળા પણ છે. એટલે કાયમ માર ખાઈ જાય છે. આજે તું જે ટર્મ-કંડિશન મૂકી રહી છે તે શક્ય છે ખરી? તને નથી લાગતું કે અમને મોરલી ડાઉન કરવા જ આવી ટર્મ-કંડિશન મૂકવામાં આવી છે. જો ખરેખર તને ઉકેલ લાવવો જ હોય તો હું એક સજેશન કરી શકું?'

જય ધાર્યા કરતા વધારે જેન્ટલી વર્તી રહ્યો હતો તે જોઈ મને નવાઈ લાગી. મેં કહ્યું, 'મૂકી રહી છે તે શક્ય છે ખરી? પહેલા એ કહો કે તમને મારી શરતોમાં શું વાંધો છે?'

'મને વાંધો એટલો જ છે કે આ ફર્મની બજાર કિંમત કેટલી છે તે હું જાણું છું. તું એ કિંમતનો અર્ધો ભાગ અમને આપી શકે એમ છે, પણ તને ખબર છે અમે તને એટલી રકમ આપી શકવાના નથી. બીજું આ ફર્મ વેચાય તેમાં તને કોઈ જ તકલીફ થવાની નથી, કારણ કે તું એની વારસ નથી. જ્યારે અમને વાંધો છે. શેઠ મણિરામ ઝવેરીનું પાટિયું ઊતરી જાય તે અમે સહન ન કરી શકીએ. આ બધી બાબતોની ગણતરી રાખીને તેં આ શરતો મૂકી છે. આ તારા નહીં, બીજા કોઈના ભેજાની કમાલ છે.' મને જયની વાતો સાંભળી તેના લોજીક વિશે માન થયું.

'તું કહે તો ખરો ભાઈ.'

'એવું પણ થઈ શકે કે એમ. વી. ના ત્રણ પાર્ટનર હોય. હું સંજયભાઈ અને તું. ફર્મ જેમ ચાલે છે તેમ ભલે ચાલતી રહે.' જયે જે પાસો ફેંક્યો હતો તેની મેં કલ્પના પણ કરી ન હતી. જોકે તેણે આપેલું સજેશન હું કોઈ કાળે પસંદ કરું તેમ નહોતી અને તે દિવસે તો મેં નક્કી જ કરેલું કે એમનું ધાર્યું થવા દેવું જ નથી. મેં કહ્યું, 'જય તમને જે વિચાર આવ્યો તે મને નહીં આવ્યો હોય? પણ એ શક્ય જ નથી. આપણે હવે સાથે રહી જ શકીએ તેમ નથી અને હું રહેવા પણ માગતી નથી.'

મારી વાત સાંભળી અત્યાર સુધી માંડ ધીરજ ધરી બેઠેલો સંજય એકદમ બરાડ્યો, 'તો જખ્ખ મારવા અમને અહીં બોલાવ્યા છે? સોનલ તારે આપવું જ હોય તો આખેઆખું આપી દે. પપ્પા તમે આ છોકરીની ચાલ સમજ્યા નથી. તેં મકાન પપ્પાને નામે કરી નાખ્યું એટલે અમે એ ઘરમાંથી નિકળી ગયા. મને ખબર છે મમ્મી અમને ત્યાં રહેવા નહીં દે. પપ્પા આ છોકરીએ આપણા આખાય પરિવારને વેરવિખેર કરી નાખ્યો છે. પણ યાદ રાખ સોનલ અમે ભિખારી નથી. અમારામાં હિંમત છે. અમે અમારું ઊભું કરી લઈશું. આજ પછી હું આ જગ્યાએ પગ નહીં મૂકું. અને તેં આ દાન આપ્યું છે તે મને જોઈતું નથી સમજી?' એમ કહીને સંજયે ભાભીના નામનો ચેક કવર સહિત ફાડી નાખ્યો. 'જય ઊભો થા. નથી બેસવું આ બે ટકાની નાલાયક છોરી સામે. તેણે મારી જિંદગી ઝેર કરી નાખી છે. આઈ વીલ કીલ હર.'

ખબર નહીં કેમ શા કારણે મારો મગજ પરનો કાબૂ ગયો. મેં ઊભા થઈને સંજયના ગાલ ઉપર એક તમાચો જડી દીધો. એટલું નહીં અમારી ઉપરની ચેમ્બરમાં એક ઈમરજન્સી સ્વીચ છે. એ દાબો એટલે નીચેથી સિક્યુરિટી ગાર્ડ તરત ઉપર દોડી આવે. મારાથી એ સ્વીચ દબાઈ ગઈ. હું શું કરું છું તેનું મને જાણે ભાન જ નહોતું. મારું આખું શરીર ગુસ્સાથી ધ્રુજતું હતું. સંજયનું ચાલ્યું હોત તો તે મારું ગળું દાબી દેત. અચાનક જે થયું તેના કારણે બાકીના બધા ઊભા થઈ ગયા. રત્નાકરજી માથું ઝુકાવી ઊભા હતા. પોદાર અને બક્ષી સ્તબ્ધ થઈ જોયા કરતા હતા. ગાર્ડ ઉપર આવ્યા સાથે મારી મમ્મી પણ દોડી આવી. ગાર્ડને જોતાં મેં ત્રાડ પાડી, સિક્યુરિટી આ સુવ્વરને ધક્કા મારીને અહીંથી કાઢો અને સામો થાય તો પોલીસને ફોન કરો. સંજય કાળઝાળ નજરે એમને જોઈ જાતે જ કેબીન બહાર નીકળી ગયો. જય અને પપ્પા પણ નીચે ઊતરી ગયા. મેં અત્યાર સુધી પહેલીવાર મગજ ઉપરથી કાબૂ ગુમાવ્યો હતો. સોનલ થોડીવાર હાંફતી રહી. તેણે પાણી પીધું.

'પછી શું થયું?' સનતે સાવ ધીમેથી કહ્યું, 'મારા મગજમાં એકદમ સુનકાર છવાઈ ગયો હતો. અચાનક મને સ્થિતિનો ખ્યાલ આવ્યો. શું થઈ ગયું તેનો વિચાર આવતા હું ખુરસી પર ફસડાઈ પડી અને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. રત્નાકરજીએ જાત પર સંયમ રાખ્યો. મારું રડવું બંધ થતું ન હતું. આખરે તેમનો સંયમ તૂટ્યો. તેમણે મારા માથા પર હાથ ફેરવતા કહ્યું, 'પ્લીઝ સોનલબહેન શાંત થાવ. શાંત થાવ.'

હું જાત પરથી સંયમ ખોઈ બેઠી હતી. હું અચાનક રત્નાકરજીને વળગી પડી વધુ જોરથી રડી પડતાં કહ્યું, 'દાદાજી મને બચાવી લ્યો. એ લોકો મને મારી નાખશે.' હું કોઈ નાની છોકરીની જેમ રડતી હતી. હું ભૂલી ગઈ કે હું કોણ છું અને રત્નાકરજી કોણ છે. રત્નાકરજીએ મને ઊભી કરી. આંસુ લુછ્યા. પોદારને ઈશારો કરી પાણી આપવાનું કહ્યું. રત્નાકરજી કેટલીય વાર પીઠ ઉપર હાથ ફેરવતા રહ્યા. હું શાંત થઈ એટલે મને શરમ પણ આવી કે હું રડી પડી હતી. હું બાથરૂમ તરફ ભાગી. દસેક મિનિટ પછી ફ્રેશ થઈ આવી. તે દરમિયાન રત્નાકરજીએ કૉફી મગાવી લીધી હતી. હું એ ત્રણેય સામે નજર મેળવી શકતી ન હતી. તેમ છતાં માંદલું સ્મિત કરીને હું બોલી, 'સોરી મારા કારણે તમને તકલીફ થઈ. હું જાત પરથી કાબૂ ખોઈ બેઠી હતી. મારે આવું કરવું નહોતું જોઈતું. મારે સંજયની પણ માફી માગવી જોઈએ. મારી વાત સાંભળી પોદાર અને બક્ષી નવાઈથી મારી સામે જોઈ રહ્યા. રત્નાકરજીએ મને કૉફીનો મગ આપતાં કહ્યું, 'કોઈની માફી માગવાની જરૂર નથી. તમે જે કર્યું તે ઠીક કર્યું છે. ફરગેટ ધેમ. ડરવાની પણ જરૂર નથી. તમને કોઈ કંઈ નહીં કરી શકે. હું બેઠો છું. મિસ્ટર પોદાર કાલથી આપણે નવેસરથી વિચારવું પડશે.'

'જો બેટા આ બેય મારાથી ઉંમરમાં ઘણા નાના છે. વળી કેટલીક એમને ખબર ન હોય તે સ્વાભાવિક છે. હું આજથી તને સોનલ જ કહીશ. તારે હવે એ લોકોને ભૂલી જવાના છે. એમને કંઈ આપવાની વાત પણ ભૂલી જા. જ્યારે સામેથી નાક રગડતા આવે ત્યારે વિચારશું. મણિરામ ઝવેરીની શાખને આંચ નહીં આવે. બાકીનું હવે વિચારશું. હા પેલું મકાન અને ખાણો પપ્પાને નામે કરવાની વિધિ જલદી પૂરી થઈ જશે. તારી ભાભીઓના અકાઉન્ટમાં એમના પૈસા જમા થઈ જશે. બેટા તારે હવે હિંમતપૂર્વક જીવવાનું છે. તું કોઈ સામાન્ય છોકરી નથી. કરોડોની માલિક સોનલ ઝવેરી છો સમજી? તારા માટે મકાનની વ્યવસ્થા થઈ ગઈ છે. હું પોલીસ પ્રોટેક્શનનું વિચારું છું. તારે તારી ચીજ વસ્તુઓ, કપડાં વગેરે તારા પપ્પાના ઘેરથી લેવાના હોય તે લઈ લેવાના છે, પણ પોલીસ પ્રોટેક્શન વગર ત્યાં પણ જવાનું નથી. એટલું જ નહીં, તું ક્યાંય પણ જઈશ ગાર્ડ તારી સાથે હશે.'

મારી જિંદગીમાં ફરી એક વળાંક આવ્યો. એક સંઘર્ષ પૂરો થયો અને એક સંઘર્ષ શરૂ થયો.

(ક્રમશઃ)■

> **આજે તું જે ટર્મ-કંડિશન મૂકી રહી છે તે શક્ય છે ખરી? તને નથી લાગતું કે અમને મોરલી ડાઉન કરવા જ આવી ટર્મ-કંડિશન મૂકવામાં આવી છે. જો ખરેખર તને ઉકેલ લાવવો જ હોય તો હું એક સજેશન કરી શકું?**

# હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ત્રણ હાસ્ય કથા

## લડાઈ

ચોપરા સાહેબ અને સાહની સાહેબના બંગલા બાજુબાજુમાં જ હતા. બંને બંગલાની વચ્ચે એક જ દીવાલ હતી. બંનેએ એક-એક કૂતરો પાળેલો હતો. કૂતરા એટલા ભયાનક હતા કે સોસાયટીના લોકો ડરી ડરીને રસ્તાની બીજી બાજુએથી જતાં.

આમ તો ચોપરા સાહેબ અને સાહની સાહેબનો સ્વભાવ એવો હતો કે એમને અલગથી કૂતરો રાખવાની જરૂર નહોતી... તે બન્ને જ પોતે જ પૂરતા હતા!

એક દિવસ ખબર નહીં ચોપરા સાહેબનો કૂતરો સાહની સાહેબના કમ્પાઉન્ડમાં ઘૂસ્યો કે સાહની સાહેબનો કૂતરો ચોપરા સાહેબના કમ્પાઉન્ડમાં, પણ બંને કૂતરા રસ્તા પર ઝગડતા જોવા મળ્યા. ચોપરા સાહેબ અને સાહની સાહેબ તરત જ બહાર દોડી આવ્યા. પહેલાં તો બંનેએ પોતપોતાના કૂતરાને અલગ કરીને શાંત પાડ્યા. બંને કૂતરાં પોતાના માલિકના પગે વીંટળાવા લાગ્યા.

ચોપરાએ કહ્યું, 'એ સાહની, મેં ૧૦ વાર કહ્યું છે કે તમારા કૂતરાને સરખો રાખો!'

સાહનીએ કહ્યું, 'અરે, તમે તમારા કૂતરાને સંભાળોને! એ જ અમારા કમ્પાઉન્ડમાં ઘૂસી આવ્યો હતો. કોણ જાણે કઈ ચોર જાતિનો કૂતરો છે!'

'તમારો કૂતરો ચોર જાતિનો છે!' ચોપરાએ કહ્યું.




'તમે પોતે જ ચોર છો ને તમારો કૂતરો પણ એવો જ! જેવા માલિક, એવો કૂતરો!,' સાહનીએ કહ્યું.

'ચોર તો તમે છો! પી.ડબલ્યુ.ડી.ના કોન્ટ્રાક્ટરો પાસે લાંચના પૈસા ખાઈને બંગલો બનાવ્યો છે!,' ચોપરાએ કહ્યું.

'હું તો લાંચ જ લઉં છું. તમે તો ૪૨૦ છો! ચોરીઓ ને સ્મગલિંગ કરીને જલસા કરો છો!,' સાહનીએ જવાબ આપ્યો.

આ દરમિયાન બંને કૂતરા પોતપોતાના માલિકના પગે વીંટળાઈને એમને ઉશ્કેરી રહ્યા હતા.

'કહી દઉં છું, હવે જો તમારો કૂતરો આ બાજુ આવ્યો તો ગોળી મારી દઈશ!,' ચોપરાએ કહ્યું.

'અને તમારો કૂતરો પેલી બાજુ આવ્યો તો હું પણ એને ગોળી મારી દઇશ ને તમને પણ મારી દઈશ!'

ચોપરાએ કહ્યું.

'તું મને ગોળી મારીશ, કૂતરાની ઓલાદ?,' સાહનીએ કહ્યું.

'જા જા તું સુવ્વરની ઓલાદ!,' ચોપરાએ કહ્યું.

એટલામાં લોકોનું ટોળું ભેગું થઈ ગયું.

ત્યાં ઊભેલા એક માણસે બીજાને પૂછ્યું, 'કેમ ભાઈ, શું થયું છે?'

પેલા માણસે જવાબ આપ્યો, 'કાંઈ નથી ભાઈ, આ તો બે કૂતરાની લડાઈ છે!'

## અશ્લીલ પુસ્તકો

શહેરમાં એવી તે બુમરાણ મચી હતી કે આજકાલ બધે 'અશ્લીલ' સાહિત્યનો ખૂબ ઉપયોગ થઈ રહ્યો છે.

છાપાંઓમાં સમાચાર ને લોકોના ચર્ચાપત્રો છપાવા લાગ્યા કે રસ્તાઓ પર ખુલ્લેઆમ અશ્લીલ પુસ્તકો વેચાઈ રહ્યાં છે.

પછી તો ૧૦-૧૨ ઉત્સાહી સમાજસુધારક યુવકોએ એક ગેંગ બનાવી અને નક્કી કર્યું કે જ્યાં પણ આવું ગંદું સાહિત્ય મળતું દેખાશે, એને ત્યાંથી છીનવી લઈશું ને જાહેરમાં એની હોળી સળગાવીશું.

રાતોરાત એ લોકોએ એક દુકાન પર દરોડો પાડીને ૨૦-૨૫ પુસ્તકો કબજે કરી લીધાં. દરેકની પાસે ૨ કે ૩ પુસ્તકો હતાં. એમના લીડર યુવકે કહ્યું, 'આજે તો મોડું થઈ ગયું છે. કાલે છાપામાં ખબર આપીને પરમદિવસે કોઈ જાહેર જગ્યાએ આ પુસ્તકોને બાળીશું. પ્રચાર થશે તો બીજા લોકો પર પણ એની અસર પડશે. કાલે સાંજે બધા મારા ઘરે ભેગા થાઓ. આ ૨૦-૨૫ ચોપડી હું અત્યારે ઘરે નહીં લઈ જઈ શકું. મારા પપ્પા ને કાકા જોઈ જશે તો ઉપાધિ થશે! ૨-૩ ચોપડીઓ તમે લોકો સંતાડીને ઘરે લઈ જાઓ. કાલે સાંજે લેતા આવજો.'

બીજા દિવસે સાંજે બધા ભેગા થયા. પેલા લીડર યુવકે કહ્યું, 'પુસ્તકો લાવો, હું આ કોથળામાં સંતાડીને મૂકી દઉં. કાલે બાળવાની જગ્યા પર આખો કોથળો જ લઈ જઈશું.'

પણ પુસ્તકો તો કોઈ લાવ્યું જ નહોતું!

એક યુવાને કહ્યું, 'કાલે નહીં, પરમદિવસે બાળીએ તો?... જરા વાંચી તો લઈએ!'

બીજાએ કહ્યું, 'અત્યારે અમે વાંચી રહ્યા છીએ. પુસ્તકો ૨-૩ દિવસ પછી બાળીશું. પુસ્તકો તો જપ્ત કરી જ લીધા છેને? ઉતાવળ શું છે?'

તે દિવસે પુસ્તકો બાળવાનો પ્લાન કેન્સલ થયો. ત્રીજા દિવસે ફરી ચોપડીઓ લઈને મળવાનું નક્કી થયું.

પણ ત્રીજા દિવસે પણ કોઈ ચોપડીઓ ન લાવ્યું!

એકે કહ્યું, 'અરે યાર, પપ્પાના હાથમાં પુસ્તક આવી ગયું! હવે એ વાંચી રહ્યા છે.'

બીજાએ કહ્યું, 'મારા કાકા વાંચી લે, પછી લઈ આવીશ.'

ત્રીજાએ કહ્યું, 'ભાભી લઈ ગયા. કહે છે કે ૨-૩ દિવસમાં વાંચીને પાછી આપી દઈશ.'

ચોથાએ કહ્યું, 'અરે, બાજુવાળી કાકી મારી ગેરહાજરીમાં ઉપાડી ગયા! વાંચી લે એટલે ૨-૩ દિવસમાં બાળીશું.'

પછી એ અશ્લીલ પુસ્તકો ક્યારેય બાળવામાં આવ્યાં જ નહીં. હવે એ વધારે વ્યવસ્થિત રીતે બધે વેંચાઇ ને વંચાઈ રહ્યાં છે!

## દીકરી

પાંડેજીની એક દીકરી હતી. એનું નામ સુશીલા હતું. ભણેલી-ગણેલી અને સુંદર દેખાવડી હતી. પાંડેજી સરયૂપારી બ્રાહ્મણ હતા. બે પેઢી પહેલાં તેઓ સરયૂ છોડીને મધ્ય પ્રદેશમાં આવીને વસ્યા હતા. અહીંયા જ ખાધું-પીધું, પણ દીકરીના લગ્નની વાત આવે એટલે ઉત્તર પ્રદેશ તરફ જ નજર દોડાવતા. શુદ્ધ સરયૂપારી પરિવાર મળી જાય તો બીજું શું જોઈએ!

પાંડેજી રિટાયર્ડ થઈ ગયા હતા. સુશીલાથી નાનો એક છોકરો હતો. એમને દીકરીના લગ્નની ભારે ચિંતા હતી. એટલે વર શોધવા વારંવાર ઉત્તર પ્રદેશના ચક્કર કાપતા. ત્યાંના શુદ્ધ સરયૂપારી બ્રાહ્મણો સામાન્ય બજારભાવ પ્રમાણે છોકરાની કિંમત તો માગતા અને ઉપરથી પાંડેજી અશુદ્ધ થઈ ગયા છે એનો દંડ ગણીને બીજા ૫-૬ હજાર વધારે માગતા! પાંડેજી આ બધી ચિંતામાં ઉત્તર પ્રદેશના ધક્કા ખાઈ રહ્યા હતા.

આ બાજુ સુશીલા એક કાયસ્થ એન્જિનિયર સાથે ભાગીને મુંબઈ જતી રહી. મુંબઈમાં પેલા એન્જિનિયરના બહેન-બનેવી રહેતા હતા. બન્ને ત્યાં રોકાયા અને કોર્ટમાં મેરેજ કરી લીધા.

પાંડેજી પાછા આવ્યા ત્યારે ઘરમાં હોબાળો મચી ગયો. પાંડેજી પેલા છોકરાના મા-બાપ સાથે પણ ઝઘડી આવ્યા. પોલીસમાં ફરિયાદ લખાવી. પછી કહેવા લાગ્યા, છોકરીએ મોઢું કાળું કરાવ્યું છે! એ તો અમારા માટે મરી ગઈ છે.

થોડા દિવસ પછી પાંડેજીને સુશીલાનો કાગળ મળ્યો. એમાં લખ્યું હતુંઃ

'પૂજ્ય પપ્પા,

તમે ખૂબ દુઃખી અને નારાજ હશો. મેં રમેશ વર્મા સાથે લગ્ન કરી લીધા છે. રમેશને તમે સારી રીતે ઓળખો છો અને એ તમને ખૂબ પસંદ પણ હતો. તમે એના બહુ વખાણ કરતા હતા, પણ હું તમારી તકલીફ જોઈ રહી હતી. તમારી પાસે થોડુંક પેન્શન આવે છે ને થોડું પ્રોવિડન્ટ ફંડ છે. નાના ભાઈને ભણાવી-ગણાવીને હોશિયાર બનાવવાનો છે. જો તમે મારા લગ્ન કરાવતે તો બધું પ્રોવિડન્ટ ફંડ વપરાઈ જાત અને માથે દેવું થઈ જાત. તમારું દુઃખ હું સમજું છું. લોકો મહેણાં પણ મારતા હશે, પણ તમે કહી શકો છો કે અરે, દીકરી હોય તો સુશીલા જેવી, જે પિતાની ચિંતા સમજે ને પ્રોવિડન્ટ ફંડ બચાવી લે!

પપ્પા, હું તમારે માટે બીજું ભલે કાંઈ ન કરી શકી, પણ તમારું પ્રોવિડન્ટ ફંડ ને બચત તો બચાવી લીધીને? આવી સમજુ દીકરી નસીબવાળાને જ મળે!' ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## કચરો કંચન સાબિત થયો



રોમન માયથોલોજીમાં રાજા મિડાસની એક વાર્તા છે. આ રાજા જેને પણ સ્પર્શ કરે એ સોનું બની જતું. અલબત્ત, આ કાલ્પનિક કથા હતી, પણ યુએસના ફ્લોરિડા રાજ્ય અને મેક્સિકોના સંદર્ભમાં આ વાત અલગ સ્વરૂપે સાચી પડી છે. આજે ફ્લોરિડાના દરિયાકાંઠા વિસ્તારના પુનરુદ્ધારની અફલાતૂન કથા તરીકે ચર્ચાઈ રહી છે. વીસેક વર્ષ પહેલા ફ્લોરિડા દ્વારા સીફુડ રેસ્ટોરાંમાં લોકોના ભોજન બાદ ત્યજી દેવાયેલા 'શેલ્સ' (છીપલા) જમીન પરના નક્કી કરેલા વિસ્તારના ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠાલવવાને બદલે એને પ્રોસેસિંગ માટે મોકલવામાં આવ્યા. એને સાફસુથરા કરી પ્રદૂષણ અને પર્યાવરણની સમસ્યાને કારણે ગાયબ થઈ ગયેલા ઓયસ્ટર રીફ (જીવંત છીપની વસાહત) જે જગ્યાએથી ગાયબ થઈ ગયા હતા એ જ જગ્યાએ ઠાલવી દેવામાં આવ્યા. આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો ત્યારે 'હાય હાય, આ શું કરી રહ્યા છો એનું તમને ભાન છે?' જેવી બૂમરાણ મચી ગઈ. જૂના છીપલા દરિયામાં ડમ્પ કરવાથી ફાયદો થવા વિશે વૈજ્ઞાનિકોને જ શંકા હતી. જોકે, ઊંડા પાણીમાં ધરબી દેવાયેલા છીપલાઓ 'મૂંગે મોઢે' દરિયાઈ પર્યાવરણ ફરી સંતુલિત બની જાય એ માટે વાતાવરણ તૈયાર કરી રહ્યા હતા. દરિયાના પેટાળમાં રાસાયણિક પ્રક્રિયા થઈ અને છીપલાની ફરતે એક સખ્ત આવરણ તૈયાર થયું, જેમાં જીવંત છીપ (ઓયસ્ટર) વિકસી શકે. શરૂઆત સારી રહી અને વખત જતા આખી વસાહત વિકસી અને પર્યાવરણને એનો લાભ થયો. છીપલા પાણી ગાળવા (વોટર ફિલ્ટર)માં માહેર ગણાય છે. સ્વચ્છ પાણી દરિયાઈ ઘાસ અને અન્ય દરિયાઈ પ્લાન્ટ્સ માટે પોષક હોય છે. આ પ્રક્રિયા ગલ્ફ ઓફ મેક્સિકોના દરિયાકાંઠા વિસ્તારને સમૃદ્ધ બનાવવામાં નિમિત્ત બન્યું. લાંબા ગાળે અદ્ભુત પરિણામ મળ્યા છે. મળેલી માહિતી અનુસાર માછલી, દરિયાઈ કાચબા અને ડોલ્ફિનની વસ્તીમાં છેલ્લા પચીસ વર્ષમાં મહત્તમ વધારો જોવા મળ્યો છે. દરિયામાં ઠાલવેલો કચરો સમુદ્રનું સોનું સાબિત થયો છે.

## 'કાચું લીંબુ'ના કર્તબ ને કમાલ



જૂન - જુલાઈમાં આયોજિત 'ફિફા' વર્લ્ડ કપ ફૂટબોલ સ્પર્ધામાં સૌથી વધુ ચર્ચા અને આકર્ષણ વિશ્વના ખૂણેખાંચરેથી આવી ખેલપ્રેમીઓના દિલ જીતી જનારા ક્યુરોસૌ અને કેપ વર્દી જેવા ટચુકડા દેશો તેમ જ ઉઝબેકિસ્તાન અને જોર્ડન જેવા આ રમતમાં 'કાચું લીંબુ' જેવા દેશ વિશે ખાસ્સા પ્રમાણમાં હતું. આ સંદર્ભમાં સોશ્યલ મીડિયા પર ૧૯૯૨ના ઓલિમ્પિક્સનો એક મજેદાર કિસ્સો વાયરલ થયો છે જે એ સમયના માત્ર ૩૭ લાખની વસતિ ધરાવતા લીથુએનિયા દેશના કર્તબ અને કમાલ સાથે સંબંધ ધરાવે છે.

થયું હતું એવું કે ૧૯૯૦માં સોવિયેત સંઘના વિઘટન પછી જે દેશ સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં આવ્યા એમાં એક હતો લીથુએનિયા. આ દેશમાં બાસ્કેટબોલની રમત માટે ગજબનું મમત્વ છે. ૧૯૯૨ના ઓલિમ્પિક્સમાં સ્વતંત્ર ટીમ મોકલવાની સરકારની તીવ્ર ઈચ્છા હતી. જોકે, સમસ્યા એ હતી કે આર્થિક સંકટ અનુભવી રહેલા દેશ પાસે ટીમને મોકલવા માટે જરૂરી ભંડોળનો અભાવ હતો. આ વાત વિશ્વના અનેક અખબારમાં છપાઈ અને 'ધ ગ્રેટફુલ ડેડ' નામના અમેરિકન રોક બેન્ડના ધ્યાનમાં આવી. તાબડતોબ મસલત થઈ અને સ્પેનના બાર્સેલોના શહેરમાં આયોજિત ઓલમ્પિક્સમાં ટીમ સહભાગી થઈ શકે એ હેતુથી જે પણ ખર્ચ થાય એ ભોગવવાની તૈયારી બતાવી. એટલું જ નહીં, ન્યૂ યોર્કના ડિઝાઈનર પાસે દેશના સ્વાતંત્ર્યના પ્રતીકસમા શટ્ર્સ સાથે સંપૂર્ણ સ્પોટ્ર્સ ગિયરની પણ વ્યવસ્થા કરી આપી. 'કાચું લીંબુ' (અનુભવ વગરની, કમજોર) ગણાયેલી ટીમ હોંશે હોંશે સ્પર્ધામાં ઉતરી.. સેમી ફાઈનલ સુધી પહોંચી પણ એ મેચમાં તેનો પરાજય થયો. જોકે, પછી ત્રીજા સ્થાન માટે રમાયેલી મેચમાં સોવિયેત સંઘના ૧૨ પ્રજાસત્તાક દેશની બનેલી સંયુક્ત ટીમ (યુનાઈટેડ ટીમ)ને હરાવી બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## અફઘાન સ્નોનું ગાંધીજી કનેક્શન




ગાંધીજી અને એડવર્ટાઈઝિંગ? કન્ઝયુમેરીઝમના સખ્ત વિરોધી રાષ્ટ્રપિતાની હાજરી વિજ્ઞાપનમાં કેવી રીતે એ બાબત અકળાવનારી તો કહેવાય ને. છેલ્લાં પાંચ વર્ષથી અફઘાનિસ્તાનમાં તાલિબાનના શાસનને કારણે અફઘાનિસ્તાનનું નામ દુનિયાભરમાં રમતું થઈ ગયું છે. સાથે સાથે અફઘાનિસ્તાન સાથે સંબંધ ધરાવતી અનેક બાબતોનો ઉલ્લેખ થઈ રહ્યો છે, કેટલાક વિશે તો વિગતે ચર્ચા પણ થઈ રહી છે. અંજીર, બદામ, પિસ્તા ઉપરાંત સૌંદર્ય પ્રસાધન પ્રોડક્ટ અફઘાન સ્નોની પણ ખાસ્સી ચર્ચા થઈ. અફાટ લોકપ્રિયતા અને ભારતના પ્રથમ બ્યુટી ક્રીમની ઓળખ મેળવનાર અફઘાન સ્નોએ ક્યારેય ગોરી ત્વચાની વાત નથી કરી, બલકે ત્વચાને સ્વચ્છ કરી પોષણ આપતું ક્રીમ ગણાવ્યું છે. એના નામ પાછળની કથા એવી છે કે ૧૯૧૯માં ભારતની મુલાકાતે આવેલા અફઘાન રાજા મુંબઈના કેટલાક બિઝનેસમેનને મળ્યા હતા. એમાં પરફ્યુમ અને બ્યુટી પ્રોડક્ટ બનાવતા ઈબ્રાહિમ પાટણવાળા પણ હતા. આ ઉત્સાહી વેપારીએ પોતાની કેટલીક પ્રોડક્ટ્સ રાજાને ગિફ્ટ તરીકે આપી હતી. એમાં એક જારમાં સફેદ ક્રીમ હતું જેના પર કોઈ નામ નહોતું. એ ક્રીમ જોઈ પોતાને અફઘાનિસ્તાનના બરફનું સ્મરણ થયું હોવાનું રાજાએ કહ્યું અને બસ ત્યારથી એનું નામ અફઘાન સ્નો પડી ગયું. જોકે, વિદેશી નામ અને એની બોટલ ફોરેનથી આવતી હોવાને કારણે સ્વતંત્રતા મળ્યા પછી સ્વદેશીનો આગ્રહ શરૂ થયો ત્યારે અફઘાન સ્નો વિદેશી છે એમ સમજી ભારતની પ્રજાએ એનો બહિષ્કાર શરૂ કર્યો હતો. એટલે કંપનીના સર્વેસર્વા મિસ્ટર પાટણવાળાએ ગેરસમજ દૂર કરવા ગાંધીજીની મદદ માગી હતી. એ સમયે ગાંધીજીએ એક વિજ્ઞાપન આપીને દેશવાસીઓને આ પ્રોડક્ટ વાપરવા આગ્રહપૂર્વક જણાવ્યું હતું.

## સેઉટાનો કેવો કવિ ન્યાય



ઈ. સ. ૧૪૧૫ની ૨૧ - ૨૨ ઓગસ્ટે પોર્ટુગલના રાજા કિંગ જ્હોન - પહેલાએ મરીનીડ સલ્તનત (આજનું મોરોક્કો)ના કબ્જાનું ઉત્તર આફ્રિકાનું બંદરગાહ શહેર સેઉટા પર ૨૦૦ જહાજના વિશાળ કાફલા સાથે આક્રમણ કર્યું હતું. આ આક્રમણનો હેતુ ત્રિપાંખિયો હતો. પહેલો હતો વેપારી વ્યવહાર પર કબ્જો જમાવવાનો. બીજું કારણ હતું પોર્ટુગલના દરિયાકાંઠાના શહેરોમાં ઉત્તર આફ્રિકાના ચાંચિયાઓની લૂંટફાટ અટકાવવાનો હતો અને ત્રીજું કારણ હતું ખ્રિસ્તી ધર્મના ફેલાવાનું. પોર્ટુગલને સેઉટા કબ્જે કરવામાં મળેલી સફળતાને પગલે યુરોપને ઉત્તર આફ્રિકામાં પગપેસારો કરવાની તક મળી. ૮૫ હજારની વસ્તી અને ૧૮.૫ ચોરસ કિલોમીટરમાં વિસ્તારમાં પથરાયેલા સોરેનનાં નાનકડાં શહેર સેઉટાથી બદલાયેલો ઈતિહાસ આજે એક વણકલ્પેલા વળાંક પર આવીને ઊભો છે. આજે વર્તુળ એવું ફર્યું છે કે આફ્રિકાના લોકો યુરોપમાં (સ્પેનમાં) ઘૂસણખોરી કરી રહ્યા હોવાના સમાચાર તાજેતરમાં ખાસ્સા ઝળક્યા હતા. કેમ? કારણ કે મોરોક્કો, અલ્જીરિયા અને ઉત્તર આફ્રિકના અમુક વિસ્તારની જનતા કારમી ગરીબી અને ભીષણ બેરોજગારીનો સામનો કરી રહી છે. એમના માટે સ્પેન યુરોપિયન યુનિયનનો દરવાજો છે જ્યાં તેમને સારા પગારની નોકરી તેમજ આર્થિક અને સામાજિક સ્થિરતા મળી શકે એમ છે. ૬૧૦ વર્ષ પહેલા જે આશય સાથે યુરોપિયન દેશએ ઉત્તર આફ્રિકા પર ચડાઈ કરી હતી એ પ્રકારના આશય સાથે આજે ઉત્તર આફ્રિકાના દેશ યુરોપમાં ઘૂસણખોરી કરવાની કોશિશ કરી રહ્યા છે. કવિ ન્યાયનું કેવું અનોખું ઉદાહરણ. અજબ દુનિયાની ગજબ વાત, બીજું શું?

## લ્યો કરો વાત

*દેશમાં એક્ઝામ પેપરનો વિવાદ વકર્યો છે ત્યારે ૮૨ વર્ષ પહેલાનું પાંચમા ધોરણનું સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલું પ્રશ્નપત્ર જોયા પછી વિવિધ પ્રતિક્રિયા વ્યકત થઈ છે. અનેક લોકો માથું ખંજવાળી રહ્યા છે કે 'આ તો બહુ અઘરું છે, યાર. આપણું કામ નહીં. 'પ્રશ્નપત્ર છે ૧૯૪૩ - ૪૪ના શૈક્ષણિક વર્ષની છ માસિક પરીક્ષાનું. ૧૦૦ માર્કના પેપરમાં ૧૦ સવાલ છે, આઠના જવાબ આપવાના અને સમય અઢી કલાકનો છે. પાસિંગ માર્ક ૩૩, પણ સવાલ જોઈને અનેક લોકોની આંખો પહોળી થઈ ગઈ છે. આજે જો આવી પરીક્ષા લેવામાં આવે તો મોટાભાગના નાપાસ થાય એવા અભિપ્રાય વ્યક્ત થયા છે. એક સવાલ 'લોટ માટે કેટલા પૈસા ખર્ચવામાં આવ્યા' એનો છે તો એક પ્રશ્ન સોનાના ભાવ સંબંધી છે તો કાગળની ગણતરી કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. અન્ય કેટલાક સવાલ પણ અટપટા છે. બિઝનેસ લેટર લખવાનો સહેલો લાગે એવો સવાલ પણ છે.* ■

feedback@bombaysamachar.com

# કચ્છી ચોવક

કિશોર વ્યાસ

# જેને દુશ્મન વખાણે તે સાચા શૂરવીર!

ચોવક છેઃ 'હણ થોડીને હણોંહણ જીવી.' પહેલો શબ્દ છેઃ 'હણ' જેનો અર્થ થાય છે કામ કે કાર્ય. 'થોડ઼ી' એટલે થોડીક. 'હણોહણ' એટલે મારોમાર કે ઉતાવળ. 'જીજી' શબ્દનો અર્થ થાય છેઃ વધારે. સીધો શબ્દાર્થ જોવા જઈએ તો અર્થ થાય છેઃ કામ થોડું અને ઉતાવળ વધારે, પરંતુ ચોવક બીજા અર્થમાં એમ પણ કહે છે કે, 'જીવન થોડું છે, જીવી લેવાની ઉતાવળ રાખજો.' ચોવક એમ પણ કહે છે કે, કોઈ કામ કરવાની ઉતાવળ કરવાની જરૂર ન હોવા છતાં એ કામ પૂરું કરવાનો દેખાડો કરવો! કામ કરતાં તેનો તાયફો વધારે કરવો!

ધંધામાં લીલાલહેર કોને હોય? કહેવાય છે કે, સોનીને તેના ધંધામાં લીલાલહેર હોય છે. એટલે જ કચ્છીમાં એમ કહેવાય છે કેઃ 'સોની ડુકારેં ૫ ખટે નેં સુકારેં ૫ ખેંટ'- દુષ્કાળ હોય કે સુકાળ હોય સોનીને ફરક ન પડે, કારણ કે, દુષ્કાળમાં લોકો સોનું વેચી નાખે અને સુકાળના વરસમાં સોનું ખરીદતા હોય છે. સોનીનો ધંધો બારમાસી ધંધો ગણાય છે! અહીં 'ડુકારેં' શબ્દનો ઉપયોગ થયો છે, જેનો અર્થ થાય છેઃ દુષ્કાળમાં. 'ખટે' એટલે કમાય કે કમાણી કરે. 'સુકારેં'નો અર્થ છે 'સુકાળ'.

એક બહુ સરસ ચોવક છેઃ 'સૂરા સે સચા, જેંની વેરી વખાણી ધા' 'સૂરા' એટલે બહાદૂર કે શૂરવીર 'સે' અહીં 'એ'કે 'ઈ'ના અર્થમાં મુકાયો છે. 'સચા' એટલે સાચા. 'જેંની'નો અર્થ છેઃ જેના. 'વેરી' એટલે વેરી-દુશ્મન. 'વખાણીં ધા' એટલે વખાણશે. સરળ- શબ્દાર્થ એવો થાય છે કે, જેની બહાદુરી દુશ્મનો પણ વખાણે એ સાચા શૂરવીર ગણાય. આપણે ગુજરાતીમાં ઘણી વખત એક કહેવતનો બોલ-ચાલમાં ઉપયોગ કરતા હોઈએ છીએં કે, 'મા વખાણે દીકરો ડાહ્યો ન ગણાય' એ અર્થમાં જ આ ચોવક બની છે. જ્યારે બીજા લોકો ગુણના વખાણ કરે એ જ સાચો ગુણિયલ.

સાચા માણસને સૂફી તરીકે ઓળખાવતી પણ એક ચોવક છેઃ 'સૂફી સે, જુકો ચેં તેરઇં મોં તેં' મતલબ કે, મોઢા પર કહી દેનાર માણસ જ સાચો! શબ્દ છેઃ 'સૂફી સે' અને 'ચેં' એટલે કહે. 'તેરઇં' એટલે ત્યારેજ કે મોઢા પર કહી દે તે!

કોઈને કોઈ મહત્ત્વનું કામ સોંપ્યું હોય અને એ વ્યક્તિ, આજે નહીં કાલે કે પછી સવાર-સાંજના વાયદા કર્યા કરે તેવી વ્યક્તિને 'દરજી' અને 'સોની' સાથે સરખાવવામાં આવી હોય તેવી પણ કચ્છીમાં એક ચોવક પ્રચલિત છે. સામાન્ય રીતે પણ એ આપણા સૌનો અનુભવ રહ્યો હશે કે, દરજી અને સોની હંમેશાં કામ પૂરું કરવાના વાયદા જ કર્યા કરે! તો, તેના માટે ચોવક છેઃ 'સૂઈ જી સાંજી નેં સોની જી સવાર' 'સૂઈ' એટલે દરજી. 'જી' એટલે 'ની'. 'સાંજી'નો અર્થ થાય છેઃ સાંજ. શબ્દાર્થ છેઃ દરજીની સાંજ અને સોનીની સવાર (એ ભાગ્યે જ પડે!) તેમના કામના સવાર-સાંજના વાયદાઓ પડ્યા જ કરે!

એક બહુ જ સરસ ચોવક સમાજમાં પ્રચલિત છે. 'સુકેં તેડ઼ી બારીયોં, આલૂકા ઉથલાઈયોં' ચોવકમાં લાકડાંના ભારાને પ્રતીક બનાવીને જીવનની ફિલસૂફીનો પોતામાં સમાવેશ કરનાર આ ચોવકનો શબ્દાર્થ એવો છે કે, લાકડાં જેવાં સુકાઈ જાય તેવાં બાળીએં, અને ભીના હોય તેને સુકાવા માટે ઉથલાવીએં! 'સુકેં' શબ્દનો અર્થ છે, સુકાઈ જાય, 'તેડ઼ાં' એટલે તેવાં. 'બારીયોં' એટલે બાળીએ, (ચૂલામાં), 'આલૂકા' એટલે ભીના અને ઉથલાઈયોં એટલે ઉથલાવીએં. સુકા ભેગાં નીલાં (ભીના) ન બાળવાની વાત પણ ચોવકમાં વણી લેવાઈ છે. કેટલા ગહન અર્થ સાથે આ ચોવક બની હશે! ચતુર કરો વિચાર... ■

# રાશીદ લતીફની બાબર આઝમને સલાહ, ‘ભાઈ, તું ઇંગ્લિશ મીડિયાથી દૂર જ રહેજે’



કરાચીઃ પાકિસ્તાનના ક્રિકેટરો ૧૯મી ઑગસ્ટથી ઇંગ્લૅન્ડમાં ત્રણ મૅચની ટેસ્ટ-સિરીઝ શરૂ કરે એ પહેલાં ભૂતપૂર્વ કૅપ્ટન રાશીદ લતીફે વર્તમાન ટીમના સુકાની બાબર આઝમ માટે એક મુલાકાતમાં સલાહ આપી છે જેમાં તેણે કહ્યું છે કે બાબરે સિરીઝ દરમ્યાન ઇંગ્લિશ મીડિયાથી દૂર રહેવું જોઈએ.

વર્ષોથી મોટા ભાગના પાકિસ્તાની ક્રિકેટરો અંગ્રેજીમાં પ્રશ્નોનો વરસાદ વરસાવતાં પત્રકારોને એ જ ભાષામાં જવાબ આપવામાં મૂંઝાતા જોવા મળ્યા છે અને કાચા તથા હાસ્યાસ્પદ અંગ્રેજીને કારણે કરોડો ક્રિકેટપ્રેમીઓમાં ઉઘાડા પડ્યા છે. જોકે અહીં રાશીદ લતીફનું કંઈક અલગ કહેવું છે. તેણે એક મુલાકાતમાં કહ્યું છે કે ‘ઇંગ્લૅન્ડમાં પાકિસ્તાનના ટીમ-મૅનેજમેન્ટે પત્રકારો સામે બાબરને બદલે ભૂતપૂર્વ કૅપ્ટન શાન મસૂદને મોકલવો જોઈએ અને બાબરે મીડિયાથી દૂર રહેવું જોઈએ.’

લતીફનું એવું કહેવું છે કે ‘ઇંગ્લિશ મીડિયાને જવાબો આપવામાં બાબર કરતાં શાન મસૂદને વધુ અને સારો અનુભવ છે. પાકિસ્તાનની ટીમનો બ્રિટિશ-પ્રવાસ મુશ્કેલ થઈ શકે અને એને પગલે ઇંગ્લિશ પત્રકારો સાઇડ-સ્ટોરીઓ બનાવવા માટે કૅપ્ટન બાબરને જે સવાલો કદાચ પૂછશે એના જવાબો આપવાનું તેના માટે મુશ્કેલ થઈ શકે. તેને બદલે શાન મસૂદને પત્રકારો સામે મોકલવો જોઈએ.’

છેલ્લાં ૧૦ વર્ષમાં ઇંગ્લૅન્ડમાં પાકિસ્તાનનો ટેસ્ટ-ક્રિકેટમાં સારો રેકૉર્ડ છે. લતીફે કહ્યું છે કે ‘બાબરે માત્ર સારું ક્રિકેટ રમવા પર અને કૅપ્ટન્સી સંભાળવા પર જ ધ્યાન આપવું જોઈએ.’ ■

## મેડિકલ કૉલેજની વિદ્યાર્થિનીએ કુકર્મની ફરિયાદ કર્યા બાદ...

# ક્રિકેટર અભિષેક પોરેલની ધરપકડ






નવી દિલ્હીઃ આઇપીએલની દિલ્હી કૅપિટલ્સ (ડીસી) ટીમના વિકેટકીપર-બૅટ્સમૅન અભિષેક પોરેલે કુકર્મ કર્યું હોવાની તબીબી ક્ષેત્રની મહિલા વિદ્યાર્થિનીએ કરેલી ફરિયાદને આધારે પોલીસે પોરેલની ધરપકડ કરી છે. આ મેડિકલ સ્ટુડન્ટે આક્ષેપ કર્યો છે કે પોરેલે તેને લગ્નનું વચન આપીને તેની સાથે દુષ્કર્મ કર્યું હતું તેમ જ તેને ધમકી આપવા ઉપરાંત તેની મારપીટ પણ કરી હતી.

ડોમેસ્ટિક ક્રિકેટમાં બેંગાલની ટીમ વતી રમતા પોરેલે બળાત્કાર કર્યો હોવાનો પણ વિદ્યાર્થિનીએ આક્ષેપ કર્યો છે અને પોલીસે પોરેલને જેલ ભેગો કર્યો છે. પોલીસે તેને ડમ ડમ વિસ્તારની ઇમામી સિટીમાંથી પકડીને જેલના સળિયા પાછળ ઊભો રાખી દીધો હોવાનું એક અહેવાલમાં જણાવાયું હતું.

વિદ્યાર્થિનીનું કહેવું છે કે તે પોરેલ સાથે ત્રણ વર્ષથી રિલેશનશિપમાં હતી, પણ ગયા વર્ષે બન્ને વચ્ચેના સંબંધો બગડ્યા હતા જ્યાર બાદ પોરેલે તેનાથી અંતર રાખ્યું હતું. તેણે પોલીસને એવું પણ કહ્યું છે કે પોરેલે તેને લગ્નનું ખોટું વચન આપીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો અને પછી લગ્ન કરવાની ના પાડી દીધી હતી.

કોલકાતા હાઈ કોર્ટના આદેશને પગલે પોલીસે પોરેલની ધરપકડ કરી છે. પોલીસ સુપરિન્ટેન્ડન્ટે આ ધરપકડના અહેવાલને પુષ્ટિ આપી હતી. જોકે પોરેલ પોતાની સામેના આક્ષેપો નકારી ચૂક્યો છે. ■

# ડૉનલ્ડ ટ્રમ્પે ફૂટબૉલ જગતને આ ભયંકર ભૂલ ન કરવાની ચેતવણી આપતાં કહ્યું કે...



ન્યૂ યૉર્કઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ફિફાના પ્રેસિડન્ટ જિયાની ઇન્ફેન્ટિનો તાજેતરના ફૂટબૉલ વર્લ્ડ કપના સમયથી કોઈને કોઈ રીતે વિવાદમાં રહ્યા છે અને હવે જ્યારે ઇન્ફેન્ટિનો હોદ્દો ગુમાવવાની સ્થિતિમાં મુકાઈ ગયા છે ત્યારે ટ્રમ્પે તેમને રક્ષાકવચ પૂરી પાડતો અભિગમ અપનાવ્યો છે.


ટ્રમ્પે એક મુલાકાતમાં કહ્યું છે કે ‘ઇન્ફેન્ટિનોને ફિફાના પ્રમુખપદેથી હટાવવામાં આવશે તો ફૂટબૉલ જગતની એ ભયંકર ભૂલ કહેવાશે. ઇન્ફેન્ટિનોને તેમના હોદ્દા પરથી હટાવવાનો વિચાર પણ નહીં કરતા. તેઓ ખૂબ સારું કામ કરી રહ્યા છે, તાજેતરમાં જ તેમના પ્રમુખપદમાં ફિફાએ શાનદાર વર્લ્ડ કપ યોજ્યો. તેમનું આ આયોજન અગાઉના તમામ વર્લ્ડ કપની તુલનામાં ચાર ગણું સફળ રહ્યું. જો તેમને પદ પરથી હટાવશો તો વર્લ્ડ કપ આટલો સફળ અને નફો કરનારો ફરી ક્યારેય નહીં જોવા મળે.’

ગયા મહિને ફિફા વર્લ્ડ કપને અંતે ચૅમ્પિયન સ્પેનની ટીમને ટ્રોફી એનાયત કરવા માટે ટ્રમ્પને સ્ટેજ પર આમંત્રિત કરવાના ફિફાના નિર્ણયની ઘણા ફૂટબૉલચાહકો ટીકા કરી ચૂક્યા છે. એ ઉપરાંત, વર્લ્ડ કપ દરમ્યાન ઇરાનના ખેલાડીઓ સાથે થયેલા ગેરવર્તન, આફ્રિકાના એક ટોચના રેફરીને વર્લ્ડ કપના આરંભ પહેલાં જ ટૂર્નામેન્ટમાંથી કાઢી મૂકવાના ફિફાના નિર્ણય, દરેક મૅચ દરમ્યાન ટૂંકા હાઇડ્રેશન બ્રેક, ફાઇનલના હાફ ટાઇમ વખતે મનોરંજનનો સ્ટેજ શૉ તેમ જ ખાસ કરીને પહેલી જુલાઈએ બોસ્નિયા સામેની મૅચમાં અમેરિકાના ખેલાડી ફૉલેરિન બલોગનને બતાવવામાં આવેલું રેડ કાર્ડ ટ્રમ્પની દરમ્યાનગીરીને પગલે ફિફાએ પાછું ખેંચાવી લીધું એ બધી બાબતોને લીધે ટ્રમ્પ અને ઇન્ફેન્ટિનો દોઢ મહિનાથી ચર્ચામાં છે. ઇન્ફેન્ટિનોએ તાજેતરમાં કહ્યું હતું કે ‘મિસ્ટર પ્રેસિડન્ટ, અમેરિકાના સપનાને આપણે હકીકતમાં ફેરવ્યું. આપણે આખી દુનિયાને એક કરી.’

અધૂરામાં પૂરું, સ્પેન-આર્જેન્ટિના વચ્ચેની ફાઇનલના બે દિવસ બાદ ઇન્ફેન્ટિનોએ મોટું રોકાણ આકર્ષવા વર્લ્ડ કપનો અમુક ઇક્વિટી હિસ્સો વેચી દેવાનો જે નિર્ણય જાહેર કર્યો એની પણ ફૂટબૉલ જગતમાં ખૂબ ટીકા થઈ છે. આ ઇક્વિટી સ્ટેક ખરીદવામાં ખાસ કરીને જૉશ કુશનરને રસ હતો. જૉશ કુશનર અમેરિકી પ્રમુખ ટ્રમ્પની પુત્રી ઇવાન્કાના પતિ જૅરીડનો નાનો ભાઈ છે. ■

# યશપાલ શર્માઃ ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાના બાહોશ બૅટ્સમૅન

**નીડર અને ભરોસાપાત્ર ખેલાડીની ગઈ કાલે ૭૨મી જન્મતિથિ હતી**



નવી દિલ્હીઃ એક મહિના પહેલાં ભારતના આક્રમક મિડલ-ઑર્ડર બૅટ્સમૅન યશપાલ શર્માની પાંચમી પુણ્યતિથિ હતી, પરંતુ ગઈ કાલે તેમનો ૭૨મો જન્મદિન હતો અને એ નિમિત્તે તેમને ભાવભરી અંજલિ આપીશું અને તેમના પર્ફોર્મન્સીસને યાદ કરી લઈશું. યશપાલનું ૨૦૨૧ની ૧૩મી જુલાઈએ દિલ્હીમાં ૬૬ વર્ષની ઉંમરે હૃદયરોગના ઘાતક હુમલા બાદ અવસાન થયું હતું. ૧૯૮૩ વર્લ્ડ કપના ચૅમ્પિયન ખેલાડી યશપાલ ૧૯૭૮થી ૧૯૮૫ સુધીમાં ભારત વતી ૩૭ ટેસ્ટ અને ૪૨ વન-ડે રમ્યા હતા.

ભારતને મળેલા ભરોસાપાત્ર અને આક્રમક બૅટ્સમેનોમાં તેમ જ બૅટિંગ-લેજન્ડ તરીકે યશપાલ શર્માનું નામ અચૂક લેવાય છે. નીડર બૅટ્સમૅન તરીકે જાણીતા રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન યશપાલ ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં ભારતની બૅટિંગ લાઇન-અપના એક આધારસ્તંભ હતા. તેમનામાં બૅટિંગને લગતી ટેક્નિક ઓછી હતી, પરંતુ બાહોશ તથા લડાયક અભિગમ તેમ જ એકાગ્રતા, સંકલ્પશક્તિ અને ધૈર્ય જેવા અનેક ગુણો બદલ તેઓ ક્રિકેટ જગતમાં વિખ્યાત હતા. મજબૂત ડિફેન્સની સાથે આક્રમક સ્ટાઇલથી રમવા બદલ તેઓ કરોડો ક્રિકેટપ્રેમીઓના ફેવરિટ ખેલાડી હતા. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં મર્યાદિત તક મળતાં તેમણે કુલ ૭૯ મૅચમાં ૨,૫૦૦ જેટલા રન બનાવ્યા હતા. જોકે ડોમેસ્ટિક ક્રિકેટમાં તેમણે ૨૧ સેન્ચુરીની મદદથી કુલ ૮,૯૩૩ રન બનાવ્યા હતા. ■

# ભારતના ફિટનેસ-ફીલ્ડિંગના પરિવર્તનનું શ્રેય વિરાટનેઃ જૉન્ટી

મુંબઈઃ ક્રિકેટ જગતના સર્વશ્રેષ્ઠ ફીલ્ડર ગણાતા સાઉથ આફ્રિકાના જૉન્ટી રહોડ્સના મતે ભારતીય ટીમમાં જે પરિવર્તન આવ્યું છે એનું શ્રેય વિરાટ કોહલીને જવું જોઈએ. ભારતીય ટીમને (માનસિક અને શારીરિક રીતે) વધુ ફિટ બનાવવા અને ખેલાડીઓને ફીલ્ડિંગમાં વધુ ચપળ બનાવવામાં વિરાટની મોટી ભૂમિકા રહી હોવાનું જૉન્ટીનું માનવું છે.

જૉન્ટીએ અહીં મંગળવારે એક યુરોપિયન ટી-૨૦ પ્રીમિયર લીગ (ઇટીપીએલ)ની ટીમ રૉટરડૅમ ડૉકર્સની એક ઇવેન્ટ દરમ્યાન કહ્યું કે ‘વિરાટે ભારતીય ટીમમાં એવું કલ્ચર ઊભું કર્યું છે જેમાં ખેલાડીઓ ફિટનેસ તથા ફીલ્ડિંગને ઉપલા સ્તર સુધી લઈ ગયા છે. ભારતીય ટીમના પરિવર્તનમાં એમએસ ધોનીનો પણ મહત્ત્વનો રોલ રહ્યો છે, પણ વિરાટે ટીમમાં એક એવો ઢાંચો ઊભો કર્યો છે જેમાં તેણે ખેલાડીઓને એવું માનતા કરી દીધા છે કે દરેક પ્લેયરે ફિટ રહેવું જ પડે અને ચપળ ફીલ્ડર બનવું જ પડે. સામાન્ય રીતે કહું તો મારી કરીઅરના દિવસો બાદ મેં જોયું છે કે ખુદ ખેલાડીઓ ફીલ્ડિંગનું ધોરણ ઉપર લાવવા સ્વેચ્છાએ બહુ સારી પહેલ કરતા જોવા મળ્યા છે.’

જૉન્ટી અને બૉલીવૂડ અભિનેતા જૉન અબ્રાહમ રૉટરડૅમ ટીમના સહ-માલિક છે. જૉન્ટીના મતે ‘ભવિષ્યમાં વન-ડેની ઓછી દ્વિપક્ષી સિરીઝો જોવા મળશે, પરંતુ ૫૦ ઓવરવાળા ફૉર્મેટ વિનાની ક્રિકેટની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ક્રિકેટચાહકો કોઈ પણ ફૉર્મેટમાં પોતાની પસંદગીની ટીમને સપોર્ટ કરવાના જ છે.’

જૉન્ટીનું એવું પણ માનવું છે કે ટી-૨૦ ક્રિકેટ રમાવાની શરૂ થઈ ત્યારે લોકો કહેતા કે ટેસ્ટ ક્રિકેટ પર પ્રેશર આવશે. જોકે એવું તો ન થયું, કેટલીક ટેસ્ટ મૅચો ટી-૨૦ જેવી રમાતી જોવા મળી. ટેસ્ટમાં થોડી આક્રમક બૅટિંગ-બોલિંગ જોવા મળી છે.’ ■

# વેસ્ટ ઇન્ડિઝ રહી ગયું ને અફઘાનિસ્તાન ફાવી ગયું

બેલફાસ્ટ/કિંગ્સ્ટનઃ ભૂતકાળમાં બે વખત (૧૯૭૫ અને ૧૯૭૯માં) વર્લ્ડ ચૅમ્પિયન બનેલા વેસ્ટ ઇન્ડિઝે સતત ત્રીજી વખત વન-ડે વર્લ્ડ કપમાં પ્રવેશવા માટે ક્વૉલિફાય થવું જ પડશે. બીજી તરફ, ૧૭ વર્ષ પહેલાં વન-ડે ક્રિકેટમાં પ્રવેશ કરનાર અફઘાનિસ્તાન ફરી વન-ડેના વર્લ્ડ કપ માટે આસાનીથી ક્વૉલિફાય થઈ ગયું છે.

૨૦૧૯માં વેસ્ટ ઇન્ડિઝે ક્વૉલિફિકેશન રાઉન્ડમાં રમ્યા પછી વર્લ્ડ કપના મુખ્ય ડ્રોમાં પ્રવેશ કર્યો હતો, પરંતુ ૨૦૨૩ના વિશ્વ કપમાં એણે ક્વૉલિફાય થવા માટે સુપર સિક્સ રાઉન્ડમાં રમવું પડ્યું હતું જેમાં એ પાંચમા નંબરે આવતાં પછીથી એ વર્લ્ડ કપમાં રમી જ નહોતું શક્યું. કૅરિબિયનોએ આ વખતે (૨૦૨૭ના વર્લ્ડ કપ માટે) ફરી ક્વૉલિફિકેશનના ટોચના ક્રમાંકોમાં આવવું જ પડશે, નહીં તો ચાર વર્ષ પહેલાં એણે જે આઘાત સહન કરવો પડ્યો હતો એવો આ વખતે પણ સહેવો પડશે.

**વેસ્ટ ઇન્ડિઝે ક્વૉલિફાય થવું પડશે**

આગામી ૩૦મી સપ્ટેમ્બરના રોજ આઈસીસી દ્વારા જાહેર થનારા વન-ડેના રૅન્કિંગમાં ટોચના આઠ સ્થાને જે ટીમ હશે એને વર્લ્ડ કપમાં સીધો પ્રવેશ મળશે. એ ઉપરાંત વિશ્વ કપના મુખ્ય બે યજમાન દેશ સાઉથ આફ્રિકા તથા ઝિમ્બાબ્વેને પણ સીધી એન્ટ્રી મળશે. હાલમાં વેસ્ટ ઇન્ડીઝ રૅન્કિંગમાં ૧૦મા સ્થાને છે. ૩૦મી સપ્ટેમ્બરની કટ-ઑફ ડેટ પહેલાં એણે (ભારત સામે) બે વન-ડે રમવાની બાકી છે. જોકે એ બંને મૅચ જીતીને પણ વેસ્ટ ઇન્ડિઝને વર્લ્ડ કપમાં સીધી એન્ટ્રી નહીં મળે.

**અફઘાનિસ્તાનની સ્થિતિ શું છે?**

બેલફાસ્ટમાં આયરલૅન્ડ (૪૬.૩ ઓવરમાં ૧૦/૨૦૬)ને વન-ડેના રોમાંચક મુકાબલામાં અફઘાનિસ્તાને (૪૪.૫ ઓવરમાં ૭/૨૦૭) ત્રણ વિકેટે હરાવીને વર્લ્ડ કપમાં સીધી એન્ટ્રી મેળવી લીધી છે. સોમવારે બપોરે ૪૪ રનમાં આયરલૅન્ડની ત્રણ વિકેટ લેનાર રાશીદ ખાને બૅટિંગમાં પણ પરચો બતાવ્યો હતો. ૨૦૭ રનના લક્ષ્યાંકનો પીછો કરનાર અફઘાનની ટીમે ૧૭૬ રનમાં સાત વિકેટ ગુમાવી ત્યારે આઇરિશોને જીતવાની તક હતી. જોકે રાશીદ ખાને (૪૩ બૉલમાં ચાર ચોગ્ગા સાથે અણનમ ૩૭) ટીમને રોમાંચક વિજય અપાવ્યો હતો. ૨૦૨૭ વર્લ્ડ કપમાં સીધો પ્રવેશ મેળવનારા અન્ય દેશોમાં ઑસ્ટ્રેલિયા, ભારત, ઇંગ્લૅન્ડ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, ન્યૂ ઝીલૅન્ડ અને શ્રીલંકાનો સમાવેશ છે. યજમાન દેશ સાઉથ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને વર્લ્ડ કપમાં સીધો પ્રવેશ અત્યારથી મળી ચૂક્યો છે, જ્યારે ત્રીજા યજમાન નામિબિયાએ ક્વૉલિફાય થવું પડશે. ■

---



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RECALL | પીછેહઠ |
| RECEDE | તાજેતરનું |
| RECEIPT | સ્વીકારવું |
| RECEIVE | સંભારવું |
| RECENT | પહોંચ |

## માતૃભાષાની મહેક

જીવનમાં સજાગતા અત્યંત જરૂરી છે. નહીંતર માણસ ઊંઘતો ઝડપાઈ જાય એવું બની શકે છે. આ બાબત પર પ્રકાશ પાડતી એક માર્મિક કહેવત છે કે ભાગોળિયો ઊંઘે ને બદામ ચૂકે. ભાગોળિયો એટલે ભાગોળ પાસેથી પસાર થનારી વ્યક્તિ પાસેથી નક્કી કરવામાં આવેલી બદામ અર્થાત્ કરની રકમ વસૂલ કરતી વ્યક્તિ. આ કર્મચારીએ કાયમ જાગૃત રહેવું જોઈએ.

## ગુજરાત મોરી મોરી રે

‘કોશિશ કરવાથી કંઈ નસીબ બદલાઈ ન જાય’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.


લગાવ્યે ન ભભૂત ભાગ્ય છૂપે

## ઈર્શાદ

*લાડુબાઈ લટકાળાં ને હું કુટુંબની ઘરડી,*
*ઘી ગોળની વાત ન જાણું, બેઠાં થૂલી ભરડી.*

*- લોકરચના*

## શબ્દલાલિત્ય



### આડી ચાવી

૧. ઘર, છાત્રાલય (૨)
૩. થાક, મહેનત (૨)
૪. જીદ્દ, હઠ (૪)
૭. નાવ, મછવો (૨)
૮. હાથ (૨)
૯. તદ્દન પલળી ગયેલું (૪)
૧૨. ગણતરી (૩)
૧૪. એક તેલી બી (૨)
૧૫. --- લેવા=બોલવાનો વહેવાર બંધ કરવો (૩)
૧૭. આધાર, ભરોસો (૩)
૧૮. તમસ, પ્રકાશનો અભાવ (૩)
૧૯. નોકરી (૩)
૨૦. તજવીજ, ત્રેવડ (૨)
૨૨. તાલાવેલી, ઉત્કટ ઈચ્છા (૩)
૨૪. ધન, દોલત કે ભંડારનો ઉપરી (૪)
૨૬. એક શિકારી પક્ષી (૨)
૨૮. બિલાડીનો ભાણેજ (૨)
૨૯. પ્રાણીઓ પર રહેમ (૪)
૩૦. બળ, શક્તિ (૨)
૩૧. મારું (૨)

### ઊભી ચાવી

૧. નવરાશનાં સમયમાં ઘેરબેઠાં થઈ શકે તેવો વ્યવસાય કે કામકાજ (૪)
૨. દોટ (૨)
૩. મહેનત કરીને થાકેલું (૩)
૪. ---માં અધિક માસ (૩)
૫. સૂર્ય, ચન્દ્ર, મંગળ વગેરે નવ --- છે (૨)
૬. હાથની કારીગરી (૪)
૧૦. આસક્ત, લીન (૨)
૧૧. શબ્દ, વચન (૨)
૧૩. જૂઠું, ઢોંગી (૪)
૧૫. વેર, શત્રુવટ (૪)
૧૬. બોલે તેનાં --- વેચાય (૨)
૧૮. આંકડો, સંખ્યાનું ચિહ્ન (૨)
૧૯. પ્રપંચ, યુક્તિ (૪)
૨૦. વિપત્તિ (૨)
૨૧. દેહ, કાયા (૨)
૨૩. ઢોલ જેવું એક વાદ્ય (૪)
૨૪. ક્ષમા, ખમા (૩)
૨૫. ચીસ (૩)
૨૭. ઘઉંની જાતનું એક અનાજ (૨)
૨૮. ઊલટું, પ્રતિકૂળ (૨)

### ગયા વખતનો ઉકેલ



## ઓળખાણ પડી?

અમેરિકાના જંગલોમાં જોવા મળતા ૨૦૦ ફૂટ ઊંચા વિષારી વૃક્ષની ઓળખાણ પડી? જોકે, આ વૃક્ષ ઔષધીય ગુણ સુધ્ધાં ધરાવે છે.

અ) PEEPAL TREE
બ) BOX TREE
ક) TEMPER TREE
ડ) DYNAMITE TREE



## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | | | | | ૮ | ૬ | |
| ૫ | | | | | ૯ | | ૨ | |
| ૯ | ૮ | | | ૭ | | | | ૫ |
| ૧ | | | | ૫ | ૪ | | | |
| | ૯ | | ૭ | | ૩ | | ૫ | |
| | | | ૬ | ૮ | | | | ૩ |
| ૪ | | | | ૯ | | | ૩ | ૧ |
| | ૨ | | ૧ | | | | | ૪ |
| | ૧ | ૫ | | | | | ૯ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૫ | ૭ | ૯ | ૪ | ૬ | ૨ | ૩ |
| ૨ | ૯ | ૩ | ૮ | ૫ | ૬ | ૧ | ૭ | ૪ |
| ૬ | ૭ | ૪ | ૩ | ૧ | ૨ | ૫ | ૯ | ૮ |
| ૫ | ૨ | ૮ | ૧ | ૩ | ૯ | ૭ | ૪ | ૬ |
| ૩ | ૬ | ૧ | ૪ | ૭ | ૮ | ૨ | ૫ | ૯ |
| ૭ | ૪ | ૯ | ૬ | ૨ | ૫ | ૮ | ૩ | ૧ |
| ૯ | ૮ | ૬ | ૨ | ૪ | ૭ | ૩ | ૧ | ૫ |
| ૧ | ૫ | ૨ | ૯ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ |
| ૪ | ૩ | ૭ | ૫ | ૬ | ૧ | ૯ | ૮ | ૨ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| REAL | વાસ્તવિક |
| REALISTIC | યથાર્થ |
| REALLY | ખરેખર |
| REALM | પ્રદેશ |
| REALIZATION | સમજવું |

**ગુજરાત મોરી મોરી રેઃ**
જેટલો ગોળ નાખો એટલું ગળ્યું થાય

**ઓળખાણ પડી?**
લક્કડખોદ

**માઈન્ડ ગેમ :**
મીરાંબાઈ ચાનુ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
સોબત

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘ભેંસ ભાગોળે ને છાસ છાગોળે’ કહેવતમાં ભાગોળ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ગમાણ બ) પાદર ક) કિનારો ડ) મેદાન

## માઈન્ડ ગેમ

આ વર્ષે સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં કઈ રમતમાં ભારતને પ્રથમ વાર ગોલ્ડ મેડલ મળ્યો હતો એ જણાવો.

અ) હોકી બ) જુડો ક) ભાલાફેંક ડ) સ્ટિપલચેઝ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભરત કજરિયા (૩) ભારતી બુચ (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ડો. પ્રકાસ કટકિયા (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) શ્રદ્ધા આશર (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) મહેશ એન. સંઘવી (૧૧) કમલ માતલિયા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૧) ભાવના કર્વે (૨૨) વિણા સંપટ (૨૩) દેવેન્દ્ર સંપટ (૨૪) નાનુભાઈ અ. ગોઠી (૨૫) અંજુ ટોલિયા (૨૬) રમેશ દલાલ (૨૭) હિના દલાલ (૨૮) ઈનાક્ષી દલાલ (૨૯) ડાયના સંતોકે (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) અલકા વાણી (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) સુભાષ મોમાયા (૩૫) નીતા દેસાઈ (૩૬) નૈશિંધ દેસાઈ (૩૭) પુષ્પા પટેલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) મહેશ દોશી (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) પ્રતિભા પમાણી (૪૬) ભીમાણી સંપટ

# વરસાદને કારણે લોકલ ટ્રેનો, ફ્લાઈટ્સને અસર




નાલાસોપારામાં ઘૂંટણ સમાણા પાણીમાં ફેરિયા. (એજન્સી)

મુંબઈઃ મુંબઈમાં આજે વહેલી સવારથી પડી રહેલા ભારે વરસાદની અસર મુંબઈની લોકલ ટ્રેન સહિત હવાઈ સેવા પર પડી હતી. મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેમાં લોકલ ટ્રેનો પંદરથી ૨૦ મિનિટ મોડી દોડતી રહી હતી, જ્યારે વિઝિબિલિટી નબળી પડવાને કારણે હવાઈ સેવા પર અસર થઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. મુંબઈ સહિત થાણે-કલ્યાણ-ડોંબિવલીમાં વરસાદને કારણે જનજીવન પર અસર જોવા મળી હતી. બીજી બાજુ ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને ખાનગી વિમાન કંપની સ્પાઈસ જેટે મુસાફરો માટે ટ્રાવેલની એક એડવાઇઝરી જાહેર કરી હતી. કંપનીએ મુસાફરોને એરપોર્ટ માટે ઘરેથી નીકળતા પહેલાં પોતાની ફ્લાઇટનું લેટેસ્ટ સ્ટેટસ ચેક કરવાની સલાહ આપી હતી.

સ્પાઈસ જેટે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે મુંબઈ એરપોર્ટ પર ભારે વરસાદને કારણે ફ્લાઈટ્સના આગમન અને પ્રસ્થાન ઉપરાંત અન્ય ફ્લાઈટ સંબંધિત ઓપરેશન પણ પ્રભાવિત થઈ શકે છે. ખરાબ હવામાનને કારણે ફ્લાઈટ્સ વિલંબ થઈ શકે છે અથવા કેટલીક ફ્લાઈટ્સ રિશેડ્યૂલ કરવામાં આવી શકે છે.

આ અગાઉ ખાનગી વિમાન કંપની ઈન્ડિગોએ પણ કોલકાતામાં ભારે વરસાદને પગલે મુસાફરો માટે ટ્રાવેલ એડવાઇઝરી જાહેર કરી હતી. કંપનીએ જણાવ્યું હતું કે ભારે વરસાદને કારણે ફ્લાઇટ ઓપરેશન પ્રભાવિત થઈ શકે છે અને ફ્લાઈટમાં વિલંબ થવાની શક્યતા છે.

ઈન્ડિગોએ જણાવ્યું હતું કે તેની ટીમો હવામાનની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. મુસાફરોને એરપોર્ટ માટે નીકળતા પહેલાં પોતાની ફ્લાઈટનું સ્ટેટસ ચેક કરવાની અને મુસાફરી માટે વધારાનો સમય રાખવાની પણ સલાહ આપવામાં આવી છે. ભારે વરસાદના કારણે રસ્તા પર ટ્રાફિકની ગતિ પણ ધીમી પડી શકે છે.

આ દરમિયાન નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહેલી સ્પાઈસ જેટ સાથે જોડાયેલો અન્ય એક મુદ્દો પણ સામે આવ્યો છે. એરક્રાફ્ટ સપ્લાયર કંપનીઓએ એરલાઇનના ચાર બોઇંગ ૭૩૭-૮ મેક્સ વિમાનોનું રજિસ્ટ્રેશન રદ કરવા માટે ડીજીસીએનો સંપર્ક સાધ્યો હોવાની ચોંકાવનારી વિગત પણ સામે આવી છે.

સ્પાઈસ જેટે પણ જણાવ્યું કે આ ચારેય વિમાનો લાંબા સમયથી ઓપરેશનમાંથી બહાર છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ વિમાનોનું રજિસ્ટ્રેશન રદ થવાથી લીઝ રેન્ટનો ખર્ચ ઘટાડવામાં પણ મદદ મળશે. અહીં એ જણાવવાનું કે મુંબઈ સહિત પરાના વિસ્તારમાં વરસાદી માહોલ ઊભો થયો છે, જેમાં સવારથી વરસાદને કારણે અમુક નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાયાં હતાં, જ્યારે વરસાદનું જોર વધે તો જનજીવન પર વ્યાપક પ્રમાણમાં અસર થઈ શકે એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

## આજે મુંબઈમાં યલો અલર્ટ

મુંબઈઃ હવામાન વિભાગે મુંબઈ સહિતના એમએમઆર રિજન માટે યલો અલર્ટ જારી કર્યું હતું, જે મુજબ મંગળવારનો આખો દિવસ હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ રહ્યો હતો. તો સાંતાક્રુઝમાં મંગળવારના વરસાદ સાથે જ ૨,૦૦૦ મિ.મી.નો આંકડો વટાવ્યો હતો. હવામાન વિભાગે બુધવારે (૧૨ ઓગસ્ટ) મુંબઈ માટે યલો એલર્ટની ચેતવણી આપી છે. તો ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે. હવામાન નિષ્ણાતોના મતે નવેસરથી વરસાદની ગતિવિધિ ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશ પર નિર્માણ થયેલા લૉ-પ્રેશર અને દક્ષિણ-પશ્ચિમ તરફ વિસ્તરેલ ટ્રફને કારણે વરસાદની ફરી એન્ટ્રી થઈ છે. સિસ્ટમના પરિણામે કોંકણ પ્રદેશમાં ભેજનો નવો પ્રવાહ આવ્યો છે, જેના કારણે મુંબઈ અને પડોશી વિસ્તારોમાં વરસાદી ગતિવિધિઓ વધી છે. ■

# પાલઘરમાં ૮ વર્ષમાં ૧૦,૦૦૦થી વધુ ભૂકંપના આંચકા

## એક કલાકમાં બે આંચકાઃ કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લામાં છેલ્લા અનેક દિવસોથી ધરતીકંપના આંચકા આવવાનો સિલસિલો ચાલુ જ રહ્યો છે, તેથી નાગરિકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. પાલઘર જિલ્લામાં સોમવારે મોડી સાંજે એક કલાકના ગાળામાં ૩.૪ની તીવ્રતાના બે ધરતીકંપ આવ્યા હતા. કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયું નહોતું.

અધિકારીના જણાવ્યા મુજબ સોમવારે રાત્રે ૧૦.૦૪ વાગ્યે પહેલો ધરતીકંપનો આંચકો નોંધાયો હતો, ત્યારબાદ રાત્રે ૧૧ વાગ્યે તે જ તીવ્રતાનો બીજો ધરતીકંપ આવ્યો હતો. જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે, જવાહર તાલુકામાં પાંચ કિ.મી.ની ઊંડાઈએ ધરતીકંપની ગતિવિધિ થઈ હતી. ધરતીકંપના ઉપરાઉપરી બે આંચકાથી રહેવાસીઓમાં ચિંતા ફેલાઈ હતી, પરંતુ જિલ્લામાં કોઈ જાનહાનિ કે માળખાકીય નુકસાન થયું નહોતું એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે સ્થાનિક અધિકારીઓ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં આવેલા પાલઘરમાં વર્ષોથી ઓછી તીવ્રતાના ધરતીકંપના આંચકા અનુભવાયા છે. અધિકારીઓએ લોકોને શાંત રહેવા અને સુરક્ષાના નિયમોનું પાલન કરવાની અપીલ કરી છે. ગયા મહિને મુંબઈથી લગભગ ૧૦૦ કિમી દૂર આવેલા જિલ્લામાં ત્રણ ધરતીકંપના આંચકા અનુભવાયા હતા. ■

## ૩૫ લાખ રહેવાસીઓ પર ખતરાની ઘંટડી?

મુંબઈઃ કોલમ્બિયામાં વિનાશક ભૂકંપને કારણે સેંકડો લોકોનાં મોત થયાં છે, જ્યારે અગાઉ વેનેઝુએલામાં હજારો લોકો ભૂકંપને કારણે મોતને ભેટ્યા હતા. અત્યારે દુનિયામાં કોલમ્બિયાથી લઈને જાપાન સુધીની સરકારોને વધતા ધરતીકંપના આંચકાઓએ ચિંતામાં નાખ્યા છે. બીજી બાજુ ભારતમાં પણ ગુજરાતના કચ્છથી લઈ મહારાષ્ટ્રમાં પણ છાશવારે આવતા ભૂકંપે વૈજ્ઞાનિકો માટે અનેક સવાલો ઊભા કર્યા છે, જ્યારે મહારાષ્ટ્રના પાલઘરના ભૂકંપના આંકડાએ સૌને ચોંકાવ્યા છે. આઠ વર્ષમાં ૧૦,૦૦૦થી વધુ ભૂકંપના આંચકા આવ્યા હોવાના અહેવાલને લઈ સવાલ થયો છે કે મોન્સૂન, ફોલ્ટ અને અર્થક્વેક સ્વાર્મથી વારંવાર ધરતીના પેટાળમાં એવું શું થઈ રહ્યું છે.

મહારાષ્ટ્રના દરિયાઈ કિનારાના પાલઘર જિલ્લામાં સોમવારની રાતના એક કલાકમાં ૩.૪ તીવ્રતાના બે ભૂકંપના આંચકા આવ્યા હતા, જેમાં પહેલો રાતના ૧૦.૦૪ વાગ્યે આવ્યો હતો, જ્યારે બીજો રાતના અગિયાર વાગ્યે આવ્યો હતો. બંને ઝટકાની તીવ્રતા એકસમાન હતી. આ એકાદ વખતની ઘટના બની નથી. વીતેલી ૨૧ જુલાઈથી લઈને અત્યાર સુધીમાં આ વિસ્તારમાં ભૂકંપના છ આંચકા આવ્યા છે, જ્યારે ગયા મહિને પણ ત્રણ આંચકા આવ્યા હતા.

પાલઘર જિલ્લામાં ભૂકંપ આવવાનું પ્રમાણ નિરંતર ચાલુ છે, જે અઠવાડિયાથી નહીં, પણ વર્ષોથી ચાલી રહ્યું છે. નવેમ્બર ૨૦૧૮ના પહેલા સૌથી શક્તિશાળી આંચકો આવ્યો હતો, જેમાં ૧૩ ડિસેમ્બર, ૨૦૧૯ના સૌથી વધુ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જ્યારે ૨૦૨૪ સુધીમાં ૧૦,૦૦૦થી વધુ માઈક્રો અર્થક્વેક અનુભવાયા હતા. એક સ્ટડીમાં જણાવ્યા મુજબ નવેમ્બર, ૨૦૧૮ પછી જિલ્લા અને એની આસપાસના વિસ્તારમાં અર્થક્વેક સ્કેલ ૧.૫થી ૩.૮ની આસપાસ છે. આંતરરાષ્ટ્રીય જર્નલ અનુસાર પાલઘરમાં ડિસેમ્બર ૨૦૧૮ અને મે, ૨૦૨૪ વચ્ચે ૧૦,૦૦૦થી વધુ ભૂકંપ આવ્યા છે, જેની તીવ્રતા ૪.૧થી ઓછી હતી. ■

## ફડણવીસનો ભૂકંપના જોખમનું મૂલ્યાંકન કરવાનો આદેશ

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે વહીવટીતંત્રને નાશિક અને પાલઘર જિલ્લાઓમાં ભૂકંપ સંબંધિત પ્રવૃત્તિઓનું વ્યાપક મૂલ્યાંકન કરવા અને લોકો, ખાસ કરીને વિદ્યાર્થીઓમાં જાગૃતિ અભિયાનને વધુ સઘન બનાવવા નિર્દેશ આપ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, શનિવારે રાત્રે નાશિકમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને ત્યારબાદ રવિવારે સવારે મહારાષ્ટ્ર-ગુજરાત સરહદ નજીક હાટગઢ પર્વતમાળા પાસેના ભાનવડ વિસ્તારમાં ૩.૩ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. નાશિક શહેર અને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના કારણે લોકો ગભરાઈ ગયા હતા. નાશિકના સુરગાણા તાલુકાના ભાદર અને દિંદોરી તાલુકાના નાનાશી ગામોમાં ઘરોની દીવાલોમાં તિરાડો પડી હતી.

સોમવારે રાત્રે પાલઘરના જવ્હાર તાલુકામાં એક કલાકની અંદર ૩.૪ની તીવ્રતાના બે હળવા આંચકા અનુભવાયા હતા.

મંગળવારે રાજ્ય પ્રધાનમંડળની બેઠકમાં આ મુદ્દો ચર્ચા માટે આવ્યો હતો.

ફડણવીસે જણાવ્યું હતું કે 'સેન્ટર ફોર સિસ્મિક ટૅક્નોલૉજી' દ્વારા એક અભ્યાસ પહેલેથી જ ચાલી રહ્યો છે, પરંતુ તેમણે સત્તાવાળાઓને પરિસ્થિતિનું વધુ વ્યાપક મૂલ્યાંકન કરવા માટે અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓને પણ સામેલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે ભૂકંપ અને યોગ્ય સુરક્ષા પગલાં અંગે રહેવાસીઓમાં વધુ જાગૃતિ લાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. મુખ્ય પ્રધાને ખાસ સૂચના આપી હતી કે વિદ્યાર્થીઓમાં પણ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે, જેથી તેઓ ભૂકંપ જેવી ઘટનાઓ દરમિયાન યોગ્ય રીતે પ્રતિભાવ આપવા માટે સજ્જ બને. (પીટીઆઈ)■

# તલાસરીમાં બૉયફ્રેન્ડને ધમકાવી પાંચ જણનો યુવતી સાથે ગૅન્ગ રેપઃ ચાર યુવક પકડાયા

### યુવતીને જબરદસ્તી ડાક બંગલાના પેસેજમાં લઈ જઈ હેવાનિયત આચરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતના ઉમરગામ ખાતેથી પાછા ફરતી વખતે બાઈક સ્કિડ થયા પછી મદદ માટે ઊભેલી યુવતી સાથે પાંચ યુવકે કથિત સામૂહિક બળાત્કાર ગુજાર્યો હોવાની આઘાતજનક ઘટના તલાસરીમાં બની હતી. બૉયફ્રેન્ડને ધમકાવીને ભગાવી દીધા પછી યુવતીને બંધ પડેલા ડાક બંગલાના પેસેજમાં જબરદસ્તી લઈ જવાઈ હતી, જ્યાં પાંચ યુવકે હેવાનિયત આચરી હોવાનું જાણવા મળ્યું હતું.

તલાસરી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અજય ગોરડે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ઘટના રવિવારની રાતે બની હતી. આ પ્રકરણે ૧૯ વર્ષની યુવતીએ નોંધાવેલી ફરિયાદને આધારે છ જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે એક શકમંદને તાબામાં લઈ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર તલાસરીમાં રહેતી યુવતી બૉયફ્રેન્ડ સાથે ફરવા માટે બાઈક પર ઉમરગામ ગઈ હતી. રાતે પાછા ફરતી વખતે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીક તલાસરીના ખામગાવની હદમાં બાઈક સ્કિડ થઈ હતી, જેને પગલે બન્ને બાઈક પરથી જમીન પર પટકાયાં હતાં.

કહેવાય છે કે બાઈક ફરી ઊભી કરીને બન્ને ઊભાં હતાં ત્યારે ત્રણ આરોપી બાઈક પર ત્યાં આવ્યા હતા. આરોપીઓએ દમદાટી અને ધમકી આપીને યુવકને ત્યાંથી જતા રહેવાની ફરજ પાડી હતી. પછી આરોપીએ ફોન કરીને તેના અન્ય ત્રણ સાથીને બોલાવ્યા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર ધમકાવીને આરોપીઓ બાઈક પર જ યુવતીને નજીકના ડાક બંગલા લઈ ગયા હતા, જ્યાં પેસેજમાં પાંચ યુવકે તેની સાથે કુકર્મ આચર્યું હતું. એક યુવક પર આરોપીઓને મદદ કરવાનો આરોપ હોવાનું અધિકારીનું કહેવું છે.

આ મામલે યુવતીએ તલાસરી પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની ૭૦(૧) (ગૅન્ગ રૅપ) અને અન્ય સુસંગત કલમો હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. યુવતીને તબીબી તપાસ માટે હૉસ્પિટલે લઈ જવાઈ હતી. પ્રાથમિક ઉપચાર પછી યુવતીનું સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

## મીરા રોડમાં સગીરા સાથે છ જણે દુષ્કર્મ આચર્યું

મુંબઈઃ કપડાં બદલતી વખતે વીડિયો રેકોર્ડિંગ કરી લીધા પછી બ્લૅકમેઈલ કરીને ૧૪ વર્ષની સગીરા સાથે છ જણે કથિત દુષ્કર્મ આચર્યું હોવાની આંચકાજનક ઘટના મીરા રોડમાં બની હતી. પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ સગીરા નવમા ધોરણમાં ભણે છે અને માતા સાથે મીરા રોડ પરિસરમાં રહે છે. જૂન મહિનામાં એ જ વિસ્તારમાં રહેતા પચીસ વર્ષના યુવકે સગીરાનો વીડિયો બનાવ્યો હતો. કહેવાય છે કે સગીરા કપડાં બદલતી હતી ત્યારે આરોપીએ તેનું વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું.

વીડિયો વાયરલ કરવાની ધમકી આપી આરોપીએ સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. જોકે બાદમાં મુખ્ય આરોપીએ વીડિયો તેના બે મિત્રને મોકલાવ્યો હતો. ૨૬ અને ૨૮ વર્ષના એ બન્ને મિત્રે પણ બ્લૅકમેઈલ કરી સગીરા સાથે કુકર્મ કર્યું હતું. એ જ રીતે આરોપીના અન્ય ત્રણ સાથીએ પણ વીડિયો મેળવીને સગીરા સાથે બળજબરી કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

આ પ્રકરણે કાશીગાંવ પોલીસે છ જણ વિરુદ્ધ પોક્સો અને આઈટી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય ચારને પોલીસ શોધી રહી છે. ■

# બળાત્કારના ગુનામાં જેલભેગો કરાવવાની ધમકી આપી મહિલાએ ૧.૩૯ કરોડ રૂપિયા પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રતિષ્ઠિત કંપનીના ઉચ્ચ હોદ્દા પર કામ કરતા થાણેના રહેવાસીને બળાત્કાર સહિત અન્ય ફોજદારી ગુનાઓમાં સપડાવવાની ધમકી આપી અંધેરીની મહિલાએ ૧.૩૯ કરોડ રૂપિયા પડાવ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

થાણે નજીક ઘોડબંદર રોડ પરની પૉશ સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષના ફરિયાદીએ શુક્રવારે કાસારવડવલી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે પોલીસે ૩૫ વર્ષની મહિલા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

જૂન, ૨૦૨૩માં કામ નિમિત્તે સાંતાક્રુઝની ફાઈવ સ્ટાર હૉટેલમાં ગયેલા ફરિયાદીની ઓળખાણ આરોપી મહિલા સાથે થઈ હતી. તે સમયે બન્નેએ એકબીજાના મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. પછી ફોન પર વાતચીત અને ચૅટિંગ કરવાનું શરૂ થયું હતું. મિત્રતા ગાઢ બનતાં બન્ને સાથે ફરવા પણ ગયાં હતાં.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ફરવા ગયા તે સમયે મહિલાએ ફરિયાદી સાથે કેટલીક તસવીરો અને વીડિયો રેકોર્ડિંગ મોબાઈલમાં કરી લીધું હતું. શરૂઆતમાં આરોપીએ મહિલાને આર્થિક મદદ કરી હતી, પરંતુ પછી નાણાં આપવાનો ઇનકાર કરતાં મહિલાએ કથિત બ્લૅકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું.

તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી મહિલાએ આપી હતી. એ સિવાય બળાત્કાર, વિનયભંગ જેવા ગંભીર ફોજદારી ગુનામાં સપડાવીને જેલભેગો કરાવવાનીય ધમકી ઉચ્ચારી હતી. બદનામીના ડરે મહિલાની આર્થિક માગણી ફરિયાદીએ પૂરી કરી હોવાનો આક્ષેપ એફઆઈઆરમાં કરાયો હતો.

ફરિયાદ અનુસાર મહિલાએ ફરિયાદીની પત્નીના વ્યવસાયમાં ભાગીદારી માગી હતી, જે આપવાની દંપતીને ફરજ પડી હતી. આ ભાગીદારીને કારણે પણ ફરિયાદીને લાખો રૂપિયાનું નુકસાન ગયું હતું. મહિલા તેના પરિવાર સાથે ત્રણેક વાર વિદેશ પ્રવાસે ગઈ હતી, જેનો પૂરેપૂરો ખર્ચ ફરિયાદીએ કરવો પડ્યો હતો. મહિલા વારંવાર મોટી રકમની માગણી કરતી હોવાથી કંટાળીને આખરે ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. મહિલા અંધેરીમાં ભાડેના ફ્લૅટમાં રહેતી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું. પોલીસ આ પ્રકરણે વધુ તપાસ કરી રહી છે. ■

# ભાજપ તરફથી ડેમેજ કન્ટ્રોલનો પ્રયાસ

### 'જેન-ઝી' માટે લોકલ ટ્રેનમાં કોચ અનામત રાખવાની માગણીઃ ભાજપના નેતાનો પત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નીટ પેપર લીક બાદના આંદોલનો અને જંતરમંતર તેમ જ આખા દેશમાં આંદોલન કરનારા જેન-ઝી સામે કરવામાં આવેલી કાર્યવાહીથી નારાજ જેન-ઝીને પાછા જીતવા અને ડેમેજ કન્ટ્રોલ કરવા માટે હવે ભાજપે નવો પેંતરો કર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. મુંબઈ લોકલ ટ્રેનને લઈને એક નવો અને અનોખો પ્રસ્તાવ ભાજપનાં કોર્પોરેટર તેજસ્વી ઘોસાળકરે કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ સમક્ષ રજૂ કર્યો છે. આ પત્રમાં તેમણે કૉલેજ જતાં 'જેન-ઝી' અને 'જેન-આલ્ફા' યુવાનો માટે લોકલ ટ્રેનમાં ત્રણ કોચ અનામત રાખવાની માગણી કરી છે.

તેજસ્વી ઘોસાળકરે પત્રમાં એવો પ્રસ્તાવ રજૂ કર્યો છે કે સવારે પાંચ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીના પીક અવર્સ દરમિયાન કૉલેજ અને એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં જતાં વિદ્યાર્થીઓને ભીડમાંથી રાહત મળે એ માટે મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેમાં ત્રણ ખાસ કોચ રિઝર્વ રાખવામાં આવે. એમાં પણ ખાસ કરીને ચર્ચગેટ-દહાણુ અને સીએસએમટી-ડોમ્બિવલી/આસનગાંવ રૂટ પર આ સુવિધા આપવાની તેમણે વિનંતી કરી છે.

મુંબઈ લોકલ ટ્રેનમાં હાલની પરિસ્થિતિ પર નજર કરીએ તો ૧૨ કોચ અથવા ૧૫ કોચની લોકલ ટ્રેનમાં પહેલાથી જ વિવિધ પ્રવાસીઓ માટે કોચ રિઝર્વ હોય છે. મુંબઈની લોકલ ટ્રેનોમાં દરરોજ આશરે ૭૫થી ૮૦ લાખ પ્રવાસીઓ પ્રવાસ કરે છે અને એમાંથી અંદાજે ૨૨થી ૨૫ લાખ એટલે કે ૩૦ ટકાથી વધારે મહિલા પ્રવાસીઓ છે.

૧૨ ડબ્બાની લોકલ ટ્રેનમાં મહિલાઓ માટેના રિઝર્વ કોચની વાત કરીએ તો લોકલ ટ્રેનમાં મહિલાઓ માટે ખાસ બે કોચ અનામત હોય છે. આ ઉપરાંત દોઢ કોચ લેડિઝ ફર્સ્ટ ક્લાસ, અડધો કોચ દિવ્યાંગ, સિનિયર સિટિઝન અને અડધો કોચ લગેજ કમ્પાર્ટમેન્ટ માટે અનામત રાખવામાં આવે છે.

લોકલ ટ્રેનના કુલ કોચમાંથી આશરે ૪૦થી ૪૫ ટકા કોચ જ જનરલ (સેકન્ડ ક્લાસ) પુરુષો અને સામાન્ય પ્રવાસીઓ માટે બચે છે. ધસારા સમયે તો પરિસ્થિતિ એવી હોય છે કે ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડ ક્લાસ બંનેમાં ભીડ વચ્ચેનો તફાવત જ ગાયબ થઈ જાય છે.

જો રેલવે પ્રશાસન જેન-ઝી અને જેન-આલ્ફા કૉલેજિયનો માટે ત્રણ વધારાના કોચ રિઝર્વ રાખવાનો પ્રસ્તાવ સ્વીકારે, તો સામાન્ય મુસાફરો માટે માત્ર ત્રણથી ચાર કોચ જ બચશે. આનાથી સામાન્ય પ્રવાસીઓની ગીર્દી અને ધક્કામુક્કીમાં બમણો વધારો થઈ શકે છે, જે રેલવેના ટાઈમટેબલ અને કેપેસિટી માટે મોટો સવાલ બની શકે છે. ■

# હાઈવેના ગેરકાયદે ઢાબા અને ખાણીપીણીની દુકાનો હટાવોઃ સરકારનો આદેશ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે તમામ સ્થાનિક અધિકારીઓને માર્ગ સલામતી નિર્દેશો જારી કર્યા છે. નિર્દેશ અનુસાર રાજ્યના તમામ રાષ્ટ્રીય હાઈવે પર રાઈટ ઓફ વે (આરઓડબ્લ્યુ)ની અવરજવરના અધિકારને અવરોધતા ગેરકાયદે બાંધવામાં આવેલા ઢાબા (સડકને કિનારે ભોજનાલય જેવી વ્યવસ્થા), ખાણીપીણીની દુકાનો અને કમર્શિયલ બાંધકામ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવામાં આવ્યો છે. મુસાફરોની સલામતીની ખાતરી કરવા સરકારના આદેશમાં જણાવાયું છે કે જિલ્લા મેજિસ્ટ્રેટ્સે ૬૦ દિવસની અંદર રસ્તાના કિનારે આવેલા નવા અથવા હાલના ગેરકાયદે બાંધકામને તોડી પાડવાનો નિર્દેશ આપી સમગ્ર વિસ્તારમાં

હાઇવે સલામતી ઝોન પર નિયમિત તપાસ કરવા માટે ટાસ્ક ફોર્સ બનાવવી જોઈએ.

ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશમાં રાષ્ટ્રીય હાઈવે માટે અનામત રાખેલી જમીનના ભાગને રસ્તાની બાજુમાં આવેલા કમર્શિયલ બાંધકામથી મુક્ત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જે ટ્રાફિકને અવરોધી શકે છે, સલામતીનાં જોખમો પેદા કરી શકે છે અથવા હાઈવેની કામગીરીમાં દખલ કરી શકે છે. આદેશમાં એમ પણ જણાવાયું છે કે આવી સાઇટ્સ માટેના હાલના લાઇસન્સની સમીક્ષા ૩૦ દિવસની અંદર કરવાની રહેશે. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રમાં જમીન વળતર નિયમોમાં સુધારો, પ્રદૂષણમુક્ત ઊર્જા માટે છૂટછાટો

મુંબઈઃ મહારાષ્ટ્ર પ્રધાનમંડળે મંગળવારે જમીન સંપાદન વળતરની ચુકવણીમાં વિલંબના કિસ્સામાં ચૂકવવાપાત્ર વ્યાજ દરમાં સુધારો કરવાની મંજૂરી આપી અને પ્રદૂષણ મુક્ત ઊર્જા પ્રોજેક્ટ માટે સ્ટેમ્પ ડ્યૂટીમાં છૂટછાટ માટે પણ મંજૂરી આપી હતી. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે પ્રધાનમંડળે જમીન સંપાદન, પુનર્વસન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાના અધિકાર અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૭૨ માં સુધારાને મંજૂરી આપી છે જેથી વળતરમાં વિલંબ થાય ત્યારે ચૂકવવાપાત્ર વ્યાજ દરમાં સુધારો કરી શકાય. પ્રદૂષણ મુક્ત ઊર્જા પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવાના હેતુથી લેવામાં આવેલા નિર્ણયમાં આવા પ્રોજેક્ટ્સ માટે જૂથ અથવા સ્પેશિયલ પર્પઝ વ્હિકલ (એસપીવી) બનાવતી કંપનીઓ વચ્ચે આંતરિક જમીન હસ્તાંતરણ વ્યવહારો પર સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિને મંજૂરી આપવામાં આવી છે. ઊર્જા પ્રોજેક્ટ્સ માટે ખરીદેલી જમીન માટે જમીન ટ્રાન્સફર ફીમાં ૨૫ ટકા છૂટને પણ મંજૂરી આપવામાં આવી છે. પ્રધાનમંડળે રાજ્ય કૃષિ વિભાગના કાર્યાલયના સુધારેલા સંગઠનાત્મક માળખા અનુસાર ચાર જગ્યાઓ બનાવવા મંજૂરી આપી હતી. આ જગ્યાઓમાં કૃષિ નિયામક (કૃષિ ઇજનેરી, સંપત્તિ વ્યવસ્થાપન અને કૃષિ સ્ટેક), સંયુક્ત કૃષિ નિયામક (સ્ટેટિસ્ટિક્સ), સંયુક્ત કૃષિ નિયામક (માહિતી અને ટૅકનોલૉજી) અને અધિક નિયામક, એગ્રીસ્ટેક (મહેસૂલ)નો સમાવેશ થાય છે. (પીટીઆઈ)■

# મુંબઈમાં દહીંહાંડીની રજા રદ, રક્ષાબંધને મળશે સ્થાનિક રજા

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મંગળવારે રાજ્ય સરકારની પ્રધાનમંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા. પ્રધાનમંડળની બેઠક પહેલા મુંબઈ માટે એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો, જેમાં દહીંહાંડીના બદલે રક્ષાબંધનની સ્થાનિક રજા જાહેર કરવામાં આવી. રક્ષાબંધન અંગેના આ નિર્ણય માટે સામાન્ય વહીવટ વિભાગે સરકારી આદેશ જારી કર્યો છે. અગાઉ જાહેર કરાયેલી ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ ની દહીહાંડીની રજા બદલવામાં આવી છે. આ આદેશ મુંબઈ શહેર અને મુંબઈ ઉપનગરની રાજ્ય સરકારી તથા અર્ધ-સરકારી કચેરીઓને લાગુ પડશે. આ ઉપરાંત સરકારે સંપાદિત કરેલી જમીનનું વળતર આપવામાં જો મોડું થાય, તો જમીનમાલિકને આપવામાં આવતા વ્યાજના દરમાં ફેરફાર/સુધારો કરવામાં આવશે જેથી તેમને યોગ્ય વળતર મળે. પવન કે સૌર ઊર્જા જેવા પ્રોજેક્ટ બનાવતી કંપનીઓ જ્યારે અંદરોઅંદર જમીનની લે-વેચ કે ટ્રાન્સફર કરશે, ત્યારે તેમની પાસેથી 'સ્ટેમ્પ ડ્યૂટી' લેવામાં આવશે નહીં.

રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે ખરીદેલી જમીનના હસ્તાંતરણ ચાર્જમાં ૨૫% ની છૂટ આપવા જેવા નિર્ણય બેઠકમાં લેવામાં આવ્યા. ■

# મચ્છર મારવા તલવારનો ઉપયોગ ન કરાયઃ હાઈ કોર્ટે એફડીએને ચેતવ્યા

મુંબઈઃ મહારાષ્ટ્ર એફડીએ મચ્છર મારવા માટે તલવારનો ઉપયોગ કરી રહ્યું છે અને પ્રશ્નો પૂછ્યા વગર 'સીધી કાર્યવાહી' (શૂટ્સ ફર્સ્ટ) કરે છે તેમ અવલોકન કરતાં, બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે નિયમનકારી સંસ્થાને તેની સત્તાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા જણાવ્યું હતું. કોર્ટે સંસ્થાની કઠોર કાર્યવાહીના કિસ્સાઓ ધ્યાનમાં આવતાં ભારે દંડ લાદવાની ચેતવણી પણ આપી હતી. કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની બનેલી ખંડપીઠે આ મામલે સુનાવણી કરી હતી.

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે બ્રાન્ડિંગમાં સમાનતાને કારણે રાજ્યભરમાં તેની કેટલીક દવાઓના વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂકવાના તથા ૨.૪૫ કરોડ રૂપિયાની કિંમતનો સ્ટોક જપ્ત કરવાના એફડીએના નિર્ણયને પડકાર્યો છે. કંપનીએ દાવો કર્યો હતો કે, પ્રતિબંધના આદેશો જારી કરવામાં આવે તે પહેલાં તેમને સુનાવણીની તક આપવામાં આવી નહોતી ન્યાયપીઠે નોંધ્યું હતું કે, કોઈ પણ કઠોર પગલાં લેતા પહેલાં વિભાગે કંપનીને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવી જોઈતી હતી.

એફડીએ પર ભારે દંડ લાદવાની ચેતવણી આપતાં અદાલતે કહ્યું કે, નિયમનકાર દ્વારા લેવામાં આવતા આવા કઠોર પગલાંના અનેક કિસ્સાઓ તેમના ધ્યાનમાં આવી રહ્યા છે. ''તમારી (એફડીએ) પાસે તલવાર વાપરવાની સત્તા છે, પરંતુ સમસ્યા એ છે કે તમે તેનો ઉપયોગ મચ્છર મારવા માટે કરી રહ્યા છો. આ સત્તાનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે થવો જોઈએ. હોટેલ અને રેસ્ટોરન્ટના કિસ્સામાં પણ, તમે પહેલા ગોળી ચલાવો છો અને પછી સવાલો પૂછો છો,'' એમ બેન્ચે કહ્યું. મે મહિનામાં આઈએએસ અધિકારી તુકારામ મુંઢેની વડા તરીકે નિમણૂક થયા બાદથી કેટલીક જાણીતી ખાણીપીણીની જગ્યાઓ સહિત અનેક સ્થળો પર દરોડા પાડવાને કારણે ચર્ચામાં રહેલી આ એજન્સીને વ્યવસ્થિત રીતે કામ કરવાની સલાહ આપવામાં આવી હતી. (પીટીઆઈ)■

# ક્રૂડના ભાવ ઉછાળા સાથે સેન્સેક્સ ૩૮૮ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ફરી ૨૪,૫૦૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હોર્મુઝ સ્ટ્રેઇટનો ઉકેલ ફરી પાછળ ઠેલાવા સાથે ક્રૂડના ભાવમાં ફરી ઉભરો અને રૂપિયામાં નબળાઇ આવવાથી ડહોળાયેલા વાતાવરણ વચ્ચે સેન્સેક્સ ૩૮૮ પોઈન્ટથી વધુ ઘટીને ૭૮,૧૫૪ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૧૧૨ પોઈન્ટથી વધુ ઘટીને ૨૪,૪૭૨ પર બંધ થયો. વ્યાપક બજારો મિશ્ર હતા, જેમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ રેડ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ગ્રીન ઝોનમાં હતો. સેન્સેક્સના શેરમાં અલ્ટ્રાટેક સિમેન્ટ, એક્સિસ બેંક, ઇન્ટરગ્લોબ એવિએશન, ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ અને પાવર ગ્રીડ ટોપ લુઝર અને ઇટર્નલ, ઇન્ફોસિસ, ટાઇટન, એચસીએલ ટેક અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ ટોપ ગેઇનર્સ હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૨.૧૮ ટકા વધીને ૮૯.૬૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ક્ષેત્રીય વલણો મોટાભાગે નકારાત્મક રહ્યા, જેમાં બેંકિંગ, નાણાકીય સેવાઓ, એફએમસીજી, મીડિયા, રિયલ્ટી, સિમેન્ટ અને ખાનગી બેંકોના શેરમાં સારું ધોવાણ જોવા મળ્યું હતું. જ્યારે આઈટી, ઓટો, મેટલ, ફાર્મા, ઓઇલ અને ગેસ અને મિડકેપ-કેન્દ્રિત ક્ષેત્રોએ સ્થિતિસ્થાપકતા દર્શાવી હતી. એકંદરે,માર્કેટ બ્રેથ નબળી રહી હતી, જોકે પસંદગીના ક્ષેત્રોએ વ્યાપક વેચવાલી સામે ટકી રહેવામાં અને સાધારણ સુધારા સાથે ટ્રેડ કરવામાં સફળતા મેળવી હતી.

એમઆરએફ લિમિટેડે જૂન ક્વાર્ટરમાં ૧.૩ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૯૫.૩૫ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. ૫૦૧.૮૨ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, કોન્સોલિડેટેડ આવક રૂ. ૭,૬૭૫.૬૪ કરોડ સામે સમાન ગાળામાં રૂ. ૮,૪૧૫.૫ કરોડ રહી હતી. કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૦ના પ્રથમ ક્વાર્ટરના એનોડિટેડ પરિણામમાં ૧૬.૨૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૮૧.૬૬ કરોડની કુલ આવક અને ૨૬.૬૯ વૃદ્ધિ સાથે રૂ. ૯.૮૯ કરોડનો એબીટા નોંધાવ્યો છે. જ્યારે ૪.૬૬ કરોડનો ચોખ્ખો નફો, વાર્ષિક ધોરણે ૮.૪૬ ટકા વૃદ્ધિ દર્શાવે છે.

ઝાયડસ લાઇફસાયન્સિસનો પ્રથમ ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૩૬ ટકા ઘટીને રૂ. ૯૩૯.૮ કરોડ થયો છે. ક્યુપિડ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરમાં ૧૫૯ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૫૪.૭૨ કરોડની ઓપરેટિંગ આવક, ૧૯૪ ટકા વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૪૪.૧૪ કરોડનો ચોખ્ખો નફો અને ૧૪૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૫૬.૯૮ કરોડની કુલ આવક નોંધાવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરણની શરૂઆત રૂપે લીલાવતી હોસ્પિટલ કઝાકિસ્તાનમાં સુપર સ્પેશિયાલિટી સુવિધા સાથે ઓપીડી શરૂ કરી રહી છે, જે સપ્ટેમ્બર




૨૦૨૬થી કાર્યરત થશે. આ ઉપરાંત ઉઝબેકિસ્તાન સહિત મધ્ય એશિયા અને અન્ય દેશો તેમ જ ભારતમાં અમદાવાદ, ઇન્દોર સહિતના શહેરોમાં વિસ્તરણ યોજના છે.

સીમેન્સનો ચોખ્ખો નફો પ્રથમ ક્વાર્ટરમાં ૧૮ ટકા ઘટીને રૂ ૩૪૩ કરોડ નોંધાયો હતો. એડ્વિટ જ્વેલ્સે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૩૭.૩૫ ટકા વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૩,૫૪૦.૨૪ લાખની કુલ આવક અને ૩૩.૦૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧,૧૭૨.૪૫ લાખનો એબીટા તથા રૂ. ૮૧૮.૬૮ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે વાર્ષિક ધોરણે ૩૭.૮૬ ટકા વૃદ્ધિ દર્શાવે છે. આબુધાબીએ ભારતીય પર્યટકો માટે યુએઇમમાં ફ્રી વિસાની જાહેરાત કરી છે.

પ્રાઇમરી માર્કેટમાં શંકેશ જ્વેલર્સનો રૂ. ૩૬૭.૧૮ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેર ફાળવણી ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટીંગ પચ્ચીસમી ઓગસ્ટે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૩થી રૂ. ૯૩ અને મીનીમમ શેર લોટ ૧૬૦ છે.


એ જ રીતે, લલિતા જ્વેલરીનો રૂ. ૧,૭૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેર ફાળવણી ૨૦ ઓગસ્ટે, એનએસઇ અને બીએસઇ પર લિસ્ટિંગ ૨૪ ઓગસ્ટે થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૧૯૦થી રૂ. ૨૦૧ પ્રતિ શેર અને લોટ સાઈઝ ૭૪ શેર છે.

ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઉછાળાથી બજારનું ધ્યાન ફુગાવાના જોખમો તરફ ફરી ગયું, જેના કારણે કમાણીમાં સહાયક પૃષ્ઠભૂમિ હોવા છતાં રોકાણકારોનો ઉત્સાહ ઓછો થયો. હોર્મુઝ સ્ટ્રેટમાં વિક્ષેપો અને યુએસ-ઈરાન વાટાઘાટો અંગેની ચિંતા વચ્ચે, ખાસ કરીને ભારત અને અમેરિકામાં ફુગાવાના ડેટાની જાહેરાત અગાઉ સાવચેતીનું માનસ જળવાઇ રહ્યું હતું. અ પરિસ્થિતિમાં ઊંચા ઉર્જા ખર્ચ માટે સૌથી વધુ સંવેદનશીલ ક્ષેત્રોમાં દબાણ જોવા મળ્યું, જ્યારે ફાર્મા અને પસંદગીના આઇટી શેરોમાં લેવાલીનો ટેકો જોવા મળ્યો. એ જ સાથે, મજબૂત વિદેશી આંતરપ્રવાહ અને પ્રોત્સાહક કોર્પોરેટ કમાણીના ડેટા ઘટાડાના જોખમને મર્યાદિત કરવામાં સહાયક નિવડ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઊંચા મથાળે બંધ રહ્યો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ રહ્યો. જાપાનમાં ઇક્વિટી બજારો રજાને કારણે બંધ રહ્યા. યુરોપમાં બજારો મિશ્ર વલણ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૧,૯૭૪.૭૬ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા હતા. સોમવારે, સેન્સેક્સ ૪૩.૨૭ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા વધીને ૭૮,૫૪૨.૪૪ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૩.૧૫ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકાના નજીવા વધારા સાથે ૨૪,૫૮૩.૮૦ પર બંધ થયો હતો.

# ડૉલર સામે રૂપિયો ૯૫.૪૩ સુધી ગબડ્યો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મંગળવારે અમેરિકન ડોલર સામે રૂપિયો ૧૩ પૈસા ઘટીને ૯૫.૪૩ (પ્રોવિઝનલ) સપાટી સુધી ગબડ્યો હતો, જે ભૂરાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારાને દર્શાવે છે. જોકે, તાજેતરના વિદેશી મૂડી પ્રવાહે સ્થાનિક એકમને થોડો ટેકો આપ્યો હતો, એમ ફોરેક્સ ટ્રેડર્સ જણાવે છે.

આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, અમેરિકન ડોલર સામે રૂપિયો ૯૫.૩૮ પર ખુલ્યો અને ૯૫.૩૭-૯૫.૪૫ની ખૂબ જ સાંકડી રેન્જમાં ટ્રેડ થયો. અંતે તે ૯૫.૪૩ (કામચલાઉ) સપાટી પર સ્થિર થયો, જે તેના અગાઉના બંધ કરતા ૧૩ પૈસા ઓછો છે. સોમવારે અમેરિકન ડોલર સામે રૂપિયો ૧૩ પૈસા ઘટીને ૯૫.૩૦ પર સ્થિર થયો હતો.

ફોરેક્સ માર્કેટના એનાલિસ્ટ જણાવે છે કે, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો થવાને કારણે રૂપિયામાં ઘટાડો થયો. અમેરિકા અને ઈરાન વચ્ચેના સોદા અંગેની અનિશ્ચિતતાએ પણ રૂપિયા પર અસર કરી, રૂપિયો થોડો નકારાત્મક વલણ સાથે વેપાર કરશે. જોકે, આરબીઆઇ દ્વારા કોઈપણ હસ્તક્ષેપ રૂપિયાને નીચા સ્તરે ટેકો આપી શકે છે. આ અઠવાડિયે યુએસ ફુગાવાના ડેટા પહેલાં ટ્રેડર્સ સાવચેત સાવચેત રહી શકે છે.

ફિચ રેટિંગ્સે મંગળવારે ભારતના સોવરિન રેટિંગને ટ્રીપલ બી માઇનસ, પર સ્થિર અંદાજ સાથે સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે પશ્ચિમ એશિયા કટોકટીથી ઉદ્ભવતા એનર્જી શોકથી વિપરીત પવનો છતાં સ્થાનિક અર્થતંત્ર મજબૂત રહ્યું છે. આ દરમિયાન, ડોલર ઇન્ડેક્સ, જે છ કરન્સી બાસ્કેટ સામે ગ્રીનબેકની મજબૂતાઈનું માપન કરે છે, તે ૦.૦૬ ટકા વધીને ૯૯.૮૬ પર ટ્રેડ થઈ રહ્યો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ફ્યુચર્સ ટ્રેડમાં ૨.૪૫ ટકા ઉછળીને ૮૯.૮૭ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતું.

# સેબીના પગલાથી રોકાણકારોના નુકસાનમાં ઘટાડો

નવી દિલ્હી: કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા રજૂ કરાયેલા નિયમનકારી પગલાંને પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઇક્વિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં રિટેલ રોકાણકારોના કુલ ચોખ્ખા નુકસાનમાં ઘટાડો જોવા મળ્યો છે, જે પાછલા નાણાકીય વર્ષમાં રૂ. ૧.૧૨ લાખ કરોડ જેટલો હતો, એમ મંગળવારે સંસદમાં જણાવવામાં આવ્યું છે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઇક્વિટી ડેરિવેટિવ્ઝ (ફ્યુચર્સ અને ઓપ્શન્સ)માં રિટેલ રોકાણકારોના વોલ્યુમ અને એકંદર ટ્રેડિંગ ટર્નઓવર બંનેમાં પાછલા વર્ષની તુલનામાં ઘટાડો થયો છે, એમ રાજ્ય કક્ષાના પ્રધાન પંકજ ચૌધરીએ રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું. નિયમનકારી પગલાં સઅમલમાં મૂકાયા બાદ, સેબીએ નોંધ્યું છે કે ૨૦૨૫-૨૬માં ઇક્વિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં યુનિક ઇન્ડિવિડ્યુઅલ ઇન્વેસ્ટર્સની સંખ્યામાં વાર્ષિક ધોરણે ઘટાડો જોવા મળ્યો છે, જે પાછલા વર્ષની તુલનામાં ૯૮.૧૦ લાખથી ઘટીને ૭૮.૬૦ લાખ અને વ્યક્તિઓનું ચોખ્ખું નુકસાન રૂ. ૧,૧૧,૭૮૮ કરોડથી ઘટીને રૂ. ૯૧,૬૮૫ કરોડ થયું હોવાનું ચૌધરીએ જણાવ્યું હતું.

# બુલિયન બજારમાં તેજી: ચાંદીમાં ₹ ૩૯૭૯નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયામાં યુદ્ધમાં કોઇ સ્થાયી શાંતિના સંકેત ના મળવા સાથે ક્રૂડ ઓઇલના ભાવ વધારા વચ્ચે બુલિયન બજારમાં સુધારાનું હવામાન રહ્યું હતું. સ્થાનિક ઝવેરી બજારમાં સોનાચાંદીના ભાવમં ચમકારો જોવા મળ્યો હતો. જેમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૫૦,૬૪૧ના પાછલા બંધ સામે રૂ. ૧,૫૨,૪૯૦ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૨૧૬૨ પ્રતિ દસ ગ્રામના સુધારા સાથે રૂ. ૧,૫૨,૮૦૩ની સપાટીએ પહોંચ્યો હતા.

જ્યારે ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૫૦,૦૩૮ના પાછલા બંધ સામે રૂ. ૧,૫૧,૮૭૯ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૨૧૫૩ પ્રતિ દસ ગ્રામના સુધારા સાથે રૂ. ૧,૫૨,૧૯૧ની સપાટીએ પહોંચ્યો હતા. એ જ રીતે, .૯૯૯ ટચની હાજર ચાંદીના ભાવ રૂ. ૨,૩૧,૩૭૩ના પાછલા બંધ સામે રૂ. ૨,૩૪,૨૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્રને અંતે રૂ.૩,૯૭૯ પ્રતિ એક કિલો ગ્રામના સુધારા સાથે રૂ. ૨,૩૫,૩૫૨ની સપાટીએ પહોંચ્યો હતા.

સોનામાં ખૂબ જ અસ્થિરતા જોવા મળી, વાયદાબજારમાં ગોલ્ડ રૂ. ૧,૫૫,૦૦૦ની નજીક ખુલ્યું, ત્યારબાદ પ્રોફિટ બુકિંગ વચ્ચે ગબડીને રૂ. ૧,૫૩,૨૦૦ ની નજીક પહોંચ્યું.



આંતરરાષ્ટ્રીય બજારમાં, કોમેક્સ ગોલ્ડ ૪,૪૩૦ ડોલર નજીક પ્રતિકારનો સામનો કરી રહ્યું હતું, કારણ કે તાજેતરના તીવ્ર તેજી પછી વેપારીઓએ નફો બુક કર્યો હતો. બજારનું ધ્યાન અમેરિકાના સીપીઆઇ ડેટા પર છે, જે ફેડરલ રિઝર્વના નીતિ દૃષ્ટિકોણ માટે મહત્ત્વપૂર્ણ રહેશે.

જુલાઈ દરમિયાન ક્રૂડ ઓઇલના ભાવ ઊંચા રહેવા સાથે, પ્રમાણમાં મજબૂત ફુગાવાની અપેક્ષાઓ વધી છે, જે બુલિયનને અસ્થિર રાખી શકે છે. વિશ્વબજારમાં સોનાનો ભાવ ત્રણ મહિનામાં પહેલી વાર ૪,૪૦૦ ડોલર પ્રતિ ઔંસના સ્તરને પાર કરી ગયો હોવાથી કિંમતી ધાતુના ભાવ ફરી ટ્રેન્ડમાં આવ્યા છે, જે જૂન ૨૦૨૬ના અંતમાં ૩,૯૪૨ ડોલર પ્રતિ ઔંસના તાજેતરના નીચલા સ્તરથી લગભગ ૧૩ ટકા વધી ગયા છે. તેવી જ રીતે, ચાંદીના ભાવ જુલાઈના મધ્યમાં ૫૪.૭ ડોલર પ્રતિ ઔંસના તાજેતરના નીચલા સ્તરથી લગભગ ૨૦ ટકા વધુ ઉછળીને પાછા ફર્યા છે. ક્રૂડ ઓઇલના ભાવમાં યર ટુ ડેટના ધારણે લગભગ ૪૪ ટકાનો વધારો જળવાયો છે, જે સમગ્ર વિશ્વમાં ફુગાવાની ચિંતાને વેગ આપે છે.

# એક્સચેન્જના માર્કેટ - કેપમાં ₹ ૧.૪૫ લાખ કરોડનો ઘટાડો નોંધાયો

મુંબઇ: શેરબજારમાં મંગળવારના સત્રમાં ખાસ કરીને આઈટી અને હેલ્થકેર શેર્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે હોસ્પિટલ્સ અને રિયલ્ટી સર્વાધિક ઘટ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૪૫ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. મંગળવારે સેન્સેક્સ ગત સોમવારના ૭૮,૫૪૨.૪૪ પોઈન્ટના બંધની સરખામણીએ ૩૮૮.૧૯ પોઈન્ટ કે ૦.૪૯ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૮,૫૦૯.૭૭ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૮,૫૦૯.૭૭ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૮,૦૪૮.૨૬ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૮,૧૫૪.૨૫ બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૯૨.૭૨ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૯૪.૧૭ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧.૪૫ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૫ સ્ક્રિપ વધી અને ૨૫ સ્ક્રિપ ઘટી હતી. બીએસઈ પર કુલ ૪,૫૧૦ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૦૩૩ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૨૭૯ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૯૮ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૮૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૮૮ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

કુલ નવ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં એકે કંપનીના શેરમાં અપર સર્કિટ લાગી નહોતી અને નવે નવ કંપનીનના શેરમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ સ્થિર રહ્યો હતો અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૪ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૫૦ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૮૧ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૦.૪૩ ટકા, આઈટી ૦.૩૭ ટકા, હેલ્થકેર ૦.૩૪ ટકા, હાઉસિંગ ફાઈનાન્સ ૦.૨૨ ટકા, એનર્જી ૦.૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૦૭ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૦૫ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે હોસ્પિટલ્સ ૧.૮૨ ટકા, રિયલ્ટી ૧.૦૩ ટકા, એફએમસીજી ૦.૮૭ ટકા, સર્વિસીસ ૦.૮૪ ટકા, કોમોડિટીઝ ૦.૮ ટકા, યુટિલિટીઝ ૦.૬૯ ટકા, પાવર ૦.૫૪ ટકા, મેટલ ૦.૫૩ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૫૨ ટકા ઘટ્યા હતા. હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ઈટર્નલ ૨.૦૧ ટકા, ઈન્ફોસિસ ૦.૪૬ ટકા, ટાઈટન ૦.૩૩ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૨૯ ટકા અને ટીસીએસ ૦.૨૫ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૭૫ ટકા, એક્સિસસ બેન્ક ૧.૫૨ ટકા, ઈન્ડિગો ૧.૫૦ ટકા, ભારતી એરટેલ ૧.૪૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૦૪ ટકા, પાવર ગ્રીડ ૧.૦૩ ટકા, આઈટીસી ૦.૯૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૯૧ ટકા, ટાટા સ્ટીલ ૦.૮૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૮૬ ટકા અને એશિયન પેઈન્ટ ૦.૮૪ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૧૫૧.૮૬ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૭૮૪ ટ્રેડ્સમાં ૯૬૫ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૨૧,૫૯,૪૭૧ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૩૦,૦૭,૪૭૨.૯૭ કરોડ રહ્યું હતું.

# ઈથેનોલના ઉત્પાદન માટે ખાંડના ઉપયોગ પર મર્યાદા લાદવા વિચારણા

મુંબઈ: ખાંડના વધતા ભાવને નિયંત્રિત કરવા સરકારે હવે ઇથેનોલ ઉત્પાદનમાં ખાંડનો વપરાશ મર્યાદિત કરવાનું વિચાર્યું છે. ઈથેનોલ માટે વર્ષે આશરે ૩૦ લાખ ટન ખાંડ વપરાતી હોવાનો અંદાજ છે. ઓક્ટોબરથી શરૂ થતી નવી ખાંડ મોસમમાં આ મર્યાદા આવી શકે છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં નબળા ચોમાસાને કારણે ખાંડ ઉત્પાદન પર અસરની ચિંતા છે. વર્તમાન મોસમમાં ૩૦ લાખ ટન ખાંડ ઇથેનોલના ઉત્પાદન તરફ વાળવામાં આવી હતી. હવે મકાઈ અને ચોખાનો ઉપયોગ વધારવાની શક્યતા પણ તપાસાઈ રહી છે.

ખાંડના વધી રહેલા ભાવને ધ્યાનમાં રાખી ખાંડની સ્ટોક લિમિટ લાગુ કર્યા બાદ હવે ઈથેનોલના ઉત્પાદનમાં સાકરના વપરાશને મર્યાદિત બનાવવા સરકાર વિચારી રહી છે. ઓકટોબરથી શરૂ થઈ રહેલી નવી ખાંડ મોસમમાં આ મર્યાદા આવવાની શકયતા હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

દેશમાં શેરડીના બે મોટા ઉત્પાદક રાજ્યો મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં નબળા ચોમાસાને કારણે આગામી વર્ષમાં ખાંડના ઉત્પાદન પર અસર પડવાની ચિંતા ઊભી થઈ છે. વર્તમાન



ખાંડ મોસમમાં મિલોએ આશરે ૩૦ લાખ ટન ખાંડ ઈથેનોલના ઉત્પાદન તરફ વાળી હોવાના અહેવાલો બાદ આગામી મોસમમાં ઈથેનોલ માટે ખાંડનો પૂરવઠો મર્યાદિત બનાવીને બજારમાં ખાંડની ઉપલબ્ધતા વધારવા સરકાર વિચારી રહી હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. ખાંડના સ્થાને ઈથેનોલના ઉત્પાદન માટે મકાઈ તથા ચોખાનો વપરાશ વધારવાની પણ શકયતા તપાસાઈ રહી છે. પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિકસ કરવા સરકાર યોજના ધરાવે છે. દેશમાં ખાંડના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળાને ધ્યાનમાં રાખી આગામી તહેવારો દરમિયાન ખાંડની સંગ્રહખોરી અટકાવવાના ભાગરૂપ સરકારે છેવટે ડીલરો માટે ખાંડની સ્ટોક લિમિટ જાહેર કરી છે. કોઈપણ ડીલર દેશમાં કોઈપણ સ્થળે ૪૦૦૦ ક્વિન્ટલથી વધુ સ્ટોક રાખી શકશે નહીં. તાજેતરમાં ખાંડના ભાવ ક્વિન્ટલ દીઠ રૂપિયા ૩૦૦ જેટલા વધી હાલમાં રૂપિયા ૪૫૦૦ આસપાસ બોલાઈ રહ્યા છે.

# ઈ-વે બિલ જનરેટ થવાની સંખ્યા વાર્ષિક ધોરણે છ ટકાના વધારા સાથે ૧૩.૯૭ કરોડ

મુંબઇ: જુલાઈમાં દેશમાં ઈ-વે બિલ જનરેશન ૧૩.૯૭ કરોડ થયું, જે વાર્ષિક છ ટકા વૃદ્ધિ દર્શાવે છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ છતાં માલસામાનની મજબૂત માગ આર્થિક પ્રવૃત્તિઓ સક્રિય હોવાનો સંકેત આપે છે. માર્ચના ૧૪.૦૬ કરોડના વિક્રમ બાદ જુલાઈનો આંકડો બીજો સૌથી મોટો છે. આ જીએસટી સિસ્ટમની અસરકારકતા દર્શાવે છે. વર્તમાન વર્ષના માર્ચમાં ૧૪.૦૬ કરોડ વિક્રમી રહ્યા બાદ જુલાઈના ઈ-વે બિલની સંખ્યા અત્યારસુધીની બીજી મોટી સંખ્યા હોવાનું ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ નેટવર્ક (જીએસટીએન)ના ડેટા જણાવે છે. જીએસટી પદ્ધતિ અમલી બન્યા બાદ દેશમાં એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં રૂ. ૫૦,૦૦૦થી વધુની કિંમતના માલસામાનની હેરફેર માટે ઈ-વે બિલ જનરેટ કરવાનું ફરજિયાત છે. દેશમાં જીએસટીના દરમાં ઘટાડા તથા સખત ફરજપાલન ધોરણોને જોતા ઈ-વે બિલની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે, એમ એક ટેકસ કન્સલટન્ટે જણાવ્યું હતું. ઘરઆંગણે વેપાર પ્રવૃત્તિ, પૂરવઠા સાંકળની હેરફેર તથા વેરાના પાલનના ઈ-વે બિલ સંકેત આપતુ હાઈ ફ્રિકવન્સી ઈન્ડીકેટર છે. ઈ-વે બિલની સંખ્યા પરથી દેશમાં વેપાર માનસની સ્થિતિનો પણ અંદાજ મળી શકે છે. જીએસટીના અમલ બાદ દેશમાં ટેકનોલોજી સંચાલિત ટેકસ વહીવટ અસરકારક રીતે ચાલતો હોવાનું જીએસટીની વસૂલી પરથી કહી શકાય એમ છે. યુદ્ધને કારણે દેશમાં માલસામાનની ખરીદીમાં વધારો થવાને પરિણામે પણ ઈ-વે બિલની સંખ્યા ઊંચી રહેવા પામી હોવાનો મત વ્યકત કરવામાં આવી રહ્યો છે.

# ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડનો પ્રવાહ ૧૫ ટકા ઘટી ₹ ૨૪,૬૯૭ કરોડની સપાટીએ પહોંચ્યો

મુંબઇ: જુલાઈમાં ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડનો પ્રવાહ માસિક ધોરણે ૧૫ ટકા ઘટીને રૂ. ૨૪,૬૯૭ કરોડ થયો છે, જેમાં સ્મોલ કેપ ફંડ્સમાં રેકોર્ડ રૂ. ૭,૭૬૭ કરોડ જમા થયા છે. ડેટ ફંડ્સમાં તીવ્ર ટર્નઅરાઉન્ડ જોવા મળ્યું, જેમાં બે મહિનાના આઉટફલો પછી રૂ. ૧.૮૭ લાખ કરોડનો ઇનફ્લો નોંધાયો. હાઇબ્રિડ ફંડનો પ્રવાહ મહિના દરમિયાન ૧૧ ટકા ઘટ્યો, જ્યારે પેસિવ ફંડનો પ્રવાહ પચ્ચીસ ટકા ઘટ્યો હતો.

કુલ ૧૧ સબ કેટેગરીઓમાં, સ્મોલ કેપ ફંડ્સમાં સૌથી વધુ રૂ. ૭,૭૬૭ કરોડનો પ્રવાહ આવ્યો, જે આ શ્રેણીમાં અત્યાર સુધીનો સૌથી વધુ પ્રવાહ છે. મિડકેપ મ્યુચ્યુઅલ ફંડ્સમાં બીજા ક્રમે સૌથી વધુ રૂ. ૬,૧૯૨ કરોડનો પ્રવાહ આવ્યો, ત્યારબાદ ફ્લેક્સીકેપ ફંડ્સનો ક્રમ આવે છે, જેમાં રૂ. ૪,૭૦૯ કરોડ ફાળવાયા. લાર્જ અને મિડકેપ ફંડ્સ અને મલ્ટિકેપ ફંડ્સમાં અનુક્રમે રૂ. ૩,૪૨૫ કરોડ અને રૂ. ૩,૨૨૭ કરોડનો પ્રવાહ આવ્યો હતો.

ફ્લેક્સી કેપમાં સ્થિતિસ્થાપકતા હોવાને કારણે વોલેટાઇલ માર્કેટમાં અન્ય કેટેગરી કરતા સામાન્ય રીતે સારી કામગીરી જોવા મળે છે. ફ્લેક્સીકેપ ફંડમાં મિડ, સ્મોલ કે લાર્જ કેપનો પોર્ટફોલિયોનો કેટલો ભાગ હોવો જોઈએ તેના પર કોઈ લઘુત્તમ અથવા મહત્તમ મર્યાદા ના હોવાથી ફંડ મેનેજર સમગ્ર સ્પેક્ટ્રમમાં ફાળવણી કરી શકે છે અને બજારની બદલાતી પરિસ્થિતિ અનુસાર ફેરફાર શકે છે.

જ્યારે અન્યત્ર મૂલ્યાંકન ખેંચાય છે અથવા બજારો અસ્થિર બને છે ત્યારે ફ્લેક્સીકેપ મેનેજર લાર્જ કેપ્સ પર ભારે આધાર રાખી શકે છે. જ્યારે મિડ અને સ્મોલ કેપ્સ સસ્તા દેખાય છે અને આર્થિક ચક્ર અનુકૂળ બને છે, ત્યારે ફરી તેમાં રોકાણ વધારી શકે છે. મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર ભરત ધ્રુવ કહે છે કે, મલ્ટિકેપ ફંડ નિયમ દ્વારા વૈવિધ્યકરણ અનુસરે છે, જ્યારે ફ્લેક્સીકેપ ફંડનું લાર્જ, મિડ અને સ્મોલ કેપ્સમાં સંતુલન સંપૂર્ણપણે મૂલ્યાંકન, માર્કેટ સાઇકલ અને સેન્ટિમેન્ટ અનુસાર વિવેકાધીન નિર્ણય પર આધારિત છે. વર્તમાન બજારની સ્થિતિમાં કોઇ પણ એક સેગમેન્ટ પર દાર રાખવો જોખમી બની શકે છે.

# અમદાવાદની ડેન્ટલ કૉલેજમાં છ નવી પીજી સિટ્સ ઉમેરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી ડેન્ટલ કૉલેજ એન્ડ હૉસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ માટે નવી છ બેઠક ઉમેરવામાં આવશે. આ નવા ઉમેરાથી કુલ સિટ્સની સંખ્યા ૧૨ થશે. ઓર્થોડોન્ટિક્સ વિભાગ અને કન્ઝર્વેટિવ ડેન્ટિસ્ટ્રી વિભાગ માટે વધારાની બેઠકો મંજૂર કરવામાં આવી છે, જેમાં દરેક વિભાગમાં ત્રણ બેઠક ઉમેરવામાં આવશે. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (દંત શિક્ષણ વિભાગ) દ્વારા ૨૭ માર્ચ, ૨૦૨૬ ના રોજના એક આદેશ દ્વારા આ મંજૂરી આપવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. કોલેજમાં હાલમાં બંને વિભાગોમાં દરેકમાં ત્રણ એમડીએસ બેઠક છે. છ બેઠકના ઉમેરા સાથે, દરેક વિભાગમાં હવે છ એમડીએસ બેઠક હશે. બંને વિભાગોમાં હાલમાં રિનોવેશન ચાલી રહ્યું છે. એએમસી ડેન્ટલ કોલેજના જણાવ્યા અનુસાર, વિભાગોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવી રહ્યા છે અને તે સંપૂર્ણપણે એરકન્ડિશન્ડ હશે. કોલેજના સૂત્રોએ જણાવ્યું હતું કે નવી ઉમેરાયેલી એમડીએસ બેઠકો પર પ્રવેશ ચાલુ શૈક્ષણિક વર્ષમાં શરૂ થવાની અપેક્ષા છે. ■

# પાડોશી રાજ્યોની સરખામણીમાં ગુજરાતની આંગણવાડીની બહેનોને ઓછું ભથ્થું : કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં જાહેર આરોગ્ય સેવામાં પાયાની ભૂમિકા ભજવતી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની આર્થિક સ્થિતિ અને તેમના વેતન સંબંધિત ગંભીર પ્રશ્નો છે. વિકાસના મોડેલની વાતો કરતી ભાજપ સરકાર આંગણવાડી કાર્યકરો અને હેલ્પર્સને અપાતા રાજ્યના ભથ્થામાં સમગ્ર દેશમાં ૧૬મા ક્રમાંકે ધકેલાઈ ગઈ છે, જે અત્યંત શરમજનક છે. મધ્યપ્રદેશમાં આંગણવાડી કાર્યકરને ૮,૫૦૦ અને હેલ્પરને ૪,૨૫૦ રાજ્ય ભથ્થું ચૂકવે છે. મહારાષ્ટ્રમાં આંગણવાડી કાર્યકરને ૮,૫૦૦ અને હેલ્પરને ૫,૨૫૦ રાજ્ય ભથ્થું ચૂકવે છે. રાજસ્થાનમાં આંગણવાડી કાર્યકરને ૬,૦૬૧ અને હેલ્પરને ૪,૦૪૧ રાજ્ય ભથ્થું ચૂકવે છે. જ્યારે ગુજરાતમાં કાર્યકરને માત્ર રૂ.૫,૫૦૦ અને હેલ્પરને માત્ર રૂ.૩,૨૫૦ આપીને તેમનું આર્થિક શોષણ કરવામાં આવે છે. ભાજપ સરકાર એક તરફ મહિલા સશક્તિકરણના બોર્ડ લગાવે છે અને બીજી તરફ હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના 'સમાન કામ, સમાન વેતન'ના સિદ્ધાંતો સામે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ કરીને આંગણવાડી બહેનોના ન્યાયી હકો છીનવવાનો પ્રયાસ કરે છે, તેવો આક્ષેપ તેમણે કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ૫૩,૦૨૯ આંગણવાડી છે જેમાં પાયાની સુવિધા અને આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને અત્યંત નજીવું વેતન આપીને ભાજપ સરકાર ભારે અન્યાય કરી રહી છે. રાજ્યમાં ૧૨,૬૪૨ આંગણવાડીઓ ભાડાના મકાનમાં, ૮,૪૫૨ જર્જરિત મકાનોમાં, ૩,૩૮૧ કામચલાઉ શેડમાં અને ૧૦૦ જેટલી આંગણવાડીઓ ખુલ્લામાં ચલાવવામાં આવી રહી છે. ભાજપ સરકાર સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી ત્વરિત પરત ખેંચે, પાડોશી રાજ્યોની સરખામણીએ ગુજરાતની બહેનોના રાજ્ય ભથ્થામાં તાત્કાલિક વધારો કરે અને તેમને સંપૂર્ણ આર્થિક તથા સામાજિક સુરક્ષા પૂરી પાડે, તેવી કોંગ્રેસ પક્ષે માગણી કરી હતી. ■

## અહીં નવી હેરિટેજ ઓટોરિક્ષાએ સૌનું ધ્યાન ખેંચ્યું

# વડનગરની જૂની રિક્ષાઓને આપવામાં આવ્યો હેરિટેજ લૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદઃ વડનગર હવે પર્યટકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે ત્યારે અહીં નવી હેરિટેજ ઓટોરિક્ષાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે.

આ અંગે રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર કંપની (જીએસએફસી) દ્વારા તેના કોર્પોરેટ-સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) ફંડમાંથી વડનગરની જૂની ઑટો રિક્ષાઓને શહેરના સમૃદ્ધ ઇતિહાસ અને ઐતિહાસિક ધરોહરની ઝાંખી કરાવતો નવો આકર્ષક લૂક આપવાની એક વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી છે. વડનગર હેરિટેજ ઑટો પ્રોજેક્ટમાં રાજ્યના પ્રવાસન વિભાગ અને વાહનવ્યવહાર વિભાગ દ્વારા જરૂરી લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડવામાં આવી રહ્યો છે.

દર વર્ષે વડનગરમાં મોટી સંખ્યામાં દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. આ પ્રવાસીઓ સમક્ષ શહેરની 'યુનિક આઇડેન્ટિટી' ઊભી થાય અને તેમને સ્થાનિક ઐતિહાસિક સ્થળોની સરળતાથી ઝાંખી મળે તે હેતુથી આ કામ હાથ ધરાયું છે. વડનગરમાં હાલ ૩૦૦થી વધુ રિક્ષાઓ નોંધાયેલી છે. પ્રવાસીઓને આકર્ષવા અને સ્થાનિક રિક્ષાચાલકોની રોજીરોટીમાં વધારો કરવાના આશયથી એક રિક્ષાના રિટ્રોફિટમેન્ટ પાછળ ૫૦ હજારથી વધુનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. યોજનાના પ્રથમ તબક્કામાં ૨૧ રિક્ષાચાલકે પોતાની દાવેદારી નોંધાવી હતી, જેમના વાહનોનું નવીનીકરણ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ■

# એબીવીપીના કાર્યકર્તાઓએ નવી સિવિલ હૉસ્પિટલ ખાતે હોબાળો મચાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં નવી સિવિલ હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજમાં ડૉ. હર્ષ પંડ્યા નામના રેસિડેન્ટ ડોક્ટરે આપઘાત કરી લીધો હતો અને તેના આ પગલાં માટે સિનિયર ડોક્ટરો દ્વારા કરવામાં આવતી રેગિંગ જવાબદાર હોવાનું તપાસ સમિતિના અહેવાલમાં સ્પષ્ટ થયું હતું. આ ઘટનાએ ફરી કૉલેજોમાં અને ખાસ કરીને મેડિકલ કૉલેજોમાં જૂનિયર ડોક્ટરો સાથે થતી રેગિંગનો મુદ્દો ઉજાગર થયો હતો. દરમિયાન મંગળવારે એબીવીપીના કાર્યકર્તાઓએ મેડિકલ કૉલેજમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. એબીવીપીએ આક્ષેપ કર્યો હતો કે સમગ્ર ઘટના માટે જવાબદાર ડોક્ટરો અને પ્રોફેસરો સામે માત્ર કાગળ પર કાર્યવહી ન થાય, પરંતુ તેમની સામે આક્રમક પગલા લેવામાં આવે. તેમના મેડિકલ સર્ટિફિકેટ રદ કરવાની માગણી પણ તેમણે કરી હતી. કાર્યકર્તાઓએ ડીન સામે હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટને બોલાવવાની માગણી રાખી હતી. તેમને ન બોલાવવામાં આવતા તેમણે રામધૂન શરૂ કરી દીધી હતી. આખરે ડીને ચેમ્બર છોડી બહાર નીકળી જવું પડ્યું હતું. કાર્યકર્તાઓએ બે દિવસનું એલ્ટિમેટમ આપ્યું હતું અને ત્રીજા દિવસે ઉગ્ર આંદોલનની ચેતવણી આપી હોવાની માહિતી અહેવાલો દ્વારા મળી હતી.

દરમિયાન સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર સિનિયર ડોક્ટરો દ્વારા કરવામાં આવતી કનડગતની ફરિયાદ લઈ અમુક જૂનિયર ડોક્ટરો બે ફેકલ્ટી (પ્રોફેસર)ને મળ્યા હતા. જેમાંથી એક પ્રોફેસરે તેમને કહ્યું હતું કે તમે નવી વહુ જેવા છો, તમારે આ બધુ તો સહન કરવું પડે. આમ કહી તેમની ફરિયાદને ધ્યાને ધરી ન હતી. વિદ્યાર્થીઓના નિવેદનો બાદ કૉલેજે ફેકલ્ટીને પણ શૉ કૉઝ નોટિસ પાઠવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# ગુજરાતમાં વરસાદનું કમબૅક, પંચમહાલના શહેરામાં પાંચ ઈંચ

## અમદાવાદની સવાર પણ વરસાદી રહી, ગરમીથી રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છૂટાછવાયા વરસાદની આગાહી વચ્ચે પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. પંચમહાલના શહેરા તાલુકામાં સવારે બેથી છ વાગ્યા સુધીમાં જ ૫.૩૫ ઇંચ વરસાદ વરસી પડતા તાલુકાના વિસ્તારો પાણી પાણી થઈ ગયા હતા. મહીસાગર જિલ્લાના કોઠંબામાં પણ ૫.૧૬ ઇંચ વરસાદ નોંધાયો હતો. મહીસાગરના લુણાવાડામાં ૨.૭૨ ઇંચ, બાલાશિનોરમાં ૨.૫૨ ઇંચ, ગાંધીનગરના દેહગામમાં ૨.૯ ઇંચ વરસાદ વરસ્યો હતો. આ સાથે કુલ ૯૯ જિલ્લામાં સાંજે છ વાગ્યા સુધીમાં વરસાદ નોંધાયો હતો.

મંગળવારે અમદાવાદીઓની સવાર પણ વરસાદી રહી હતી. શહેરમાં ખાસ કોઈ આગાહી હતી નહીં, પરંતુ વહેલી સવારથી વરસાદ શરૂ થયો હતો. સવારે નવ વાગ્યા સુધી સતત વરસાદ ચાલુ રહ્યો હતો. નોકરી-ધંધે જનારા લોકોને અને વિદ્યાર્થીઓને થોડી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વાહનચાલકોને વિઝિબિલિટી ઓછી હોવાથી તકલીફ પડી હતી. શહેરના અમુક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જોકે વરસાદને લીધે શહેરીજનોને બફારાથી છુટકારો મળ્યો હતો. વરસાદને કારણે અમદાવાદ-વડોદરાનું મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી નોંધાયું હતું.

આજે પણ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના અમુક ભાગોમાં વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી હતી. ■

# વૈદ્ય પાસે દવા લેવા આવેલા ૧૦૦ જણ વરસાદમાં સુવાગામમાં ફસાયા

## ગામમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળે રાખવા માટે સરપંચ સહિતના પદાધિકારીઓએ જહેમત ઉઠાવી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મંગળવારે મહીસાગર જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો. અહીંના લુણાવાડા, કોઠંબા, બાલાસિનોરમાં ચાર-પાંચ કલાકમાં સાંબેલાધાર વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. દરમિયાન મળતી વિગતો અનુસાર લુણાવાડાના સુવાગામમાં વૈદ્યની દવા લેવા વડોદરા સહિત અન્ય શહેર અને ગામમાંથી લોકો આવ્યા હતા, પરંતુ ભારે વરસાદને કારણે ફસાઈ ગયા હતા. ગામમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળે રાખવા માટે સરપંચ સહિતના પદાધિકારીઓએ જહેમત ઉઠાવી હતી. કલેક્ટર કચેરી સાથે સંકલ સાધ્યું હતું. સુવાગામમાં કોતર ઓવરફ્લો થતાં પાણી ભરાઈ ગયા હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

આ સાથે કોઠંબામાં પણ કેડસમા પાણી ભરાયા હોવાના દૃશ્યો સોશિયલ મીડિયા પર વહેતા થયા હતા. પ્રશાસને ૩૦ જેટલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પંચમહાલના શહેરામાં પણ આઠ કલાકમાં સાડાપાંચ ઇંચ વરસાદ વરસી ગયો હતો અને સમગ્ર તાલુકામાં જળબંબાકારની સ્થિતિ હતી. જોકે વરસાદ લગભગ બપોર પછી બંધ થઈ ગયો હતો. દરમિયાન આજે પણ જિલ્લામાં વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી હતી. ■

# અમદાવાદી કાકા સાયબર ઠગો પર ભારે પડ્યા, બે લાખની બદલે ૨૦૦ રૂપિયા મોકલી તેમને પાઠ ભણાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાયબર ઠગો દ્વારા ડિજિટલ એરેસ્ટ સહિત અલગ અલગ પેંતરા અજમાવી લોકોની મહેનતની કમાણી લૂંટી લેવાના કિસ્સા લગભગ રોજ બને છે. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોની છેતરામણી વધુ થાય છે ત્યારે અમદાવાદના એક ૭૦ વર્ષીય નિવૃત્ત સરકારી કર્મચારીએ સાયબર ઠગોને પાઠ ભણાવ્યો હોવાનો રસપ્રદ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.

ગુજરાત સીઆઈડી સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા નોંધવમાં આવેલી ફરિયાદ અનુસાર એક નિવૃત્ત કર્મચારીને ૩૦મી જુલાઈએ નાશિક પોલીસ સ્ટેશનના અધિકારી તરીકે સંજય પીસે નામની એક વ્યક્તિએ ફોન કર્યો હતો અને મની લોંડરિંગના કેસમાં તેમનું નામ હોવાનું અને અન્ય છ જણની ધરપકડ થઈ હોવાનું તેમને જણાવ્યું હતું. આ સાથે જો તેમણે બચવું હોય તો તેમની બેંકની વિગતો આપવા અને પૈસા ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. તેમણે કર્મચારીને ઘરમાં જ રહેવા અને વીડિયો કૉલ પર વાત કરતા રહેવા જણાવ્યું હતું. ૧લી ઑગસ્ટના રોજ તેમણે રૂ. ૨ લાખની માગણી કરી હતી. કર્મચારીને પહેલેથી શંકા હતી, પરંતુ તેમણે આ રમત ચાલુ રાખી. ત્રીજી ઑગસ્ટના રોજ તેમણે તેમના પત્નીના અકાઉન્ટમાંથી પોતાના અકાઉન્ટમાં રૂ. એક લાખ ટ્રાન્સફર કર્યા. ત્યારબાદ તેમણે મેસેજ એડિટ કરી ઠગોને એમ બતાવ્યું કે બીજા એક લાખ પણ તેમના અકાઉન્ટમાં આવી ગયા છે અને હવે તેમની પાસે રૂ. ૨ લાખ છે. તેમની વાત માની ઠગોએ પોતાની બેંક ડિટેલ્સ કર્મચારીને આપી, પરંતુ તેમણે માત્ર રૂ. ૨૦૧ જ ટ્રાન્સફર કર્યા. આ મામલે ઠગોએ જ્યારે તેમને ફોન કર્યો ત્યારે ઠગોને સમજાયું કે તેઓ પોતે જ ઠગાઈ ગયા છે અને જાળમાં ફસાઈ પોતાની બેંક ડિટેલ્સ આપી બેઠા છે. ત્યારબાદ નિવૃત્ત કર્મચારીએ સાયબર હેલ્પલાઈનમાં આ કથિત છેતરામણીની કોશિશની જાણ કરી હતી, તેમ એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

સાયબર સેલની ટીમે એકાઉન્ટની વિગતો ફંફોળી હતી અને તેમના અકાઉન્ટમાં શંકાસ્પદ રૂ. ૪૦ લાખની રકમ હોવાનું તેમ જ અકાઉન્ટ આસામથી ઑપરેટ થતું હોવાનું બહાર આવ્યું હતું. સાયબર સેલે કેસ નોંધી તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પ્લાસ્ટિકમુક્ત નળસરોવર ગામના લોકો પ્લાસ્ટિકનો કચરો વીણશે ને સરકાર ખરીદશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નળસરોવર પક્ષી અભયારણ્યમાં આસપાસનાં ગામોમાંથી આવતા પ્લાસ્ટિકનાં કચરાને રોકવા માટે ગુજરાત વન વિભાગે એક પહેલ કરી છે. રામસર સાઈટમાં સમાવિષ્ટ નળ સરોવરની આસપાસના વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવા માટે એક વ્યાપક પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

વન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના કાયલા ગામે 'પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન સેન્ટર' સ્થાપિત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અમદાવાદ જિલ્લાના વેકરિયા, કાયલા, શાહપુર, ધારજી અને મેણી તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના નાની કઠેચી અને રાણાગઢ સહિત નળસરોવરની આસપાસના ગામોને આવરી લેશે. વન વિભાગની આ પહેલથી દર વર્ષે નળસરોવરમાં આવતા પ્લાસ્ટિકનાં કચરાને રોકી શકાશે અને અહીંની સમૃદ્ધ જૈવવિવિધતાને બચાવી શકાશે.

વન વિભાગ ગામડાઓમાંથી પ્લાસ્ટિક કચરાનું વ્યવસ્થિત એકત્રીકરણ કરશે અને તેને કલેક્શન સેન્ટર સુધી પહોંચાડશે. આ કચરાને રિસાયકલ કરવામાં આવશે, તેમ વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન પ્રવીણ માળીએ જણાવ્યું હતું. ગામડાઓમાં કચરો એકત્રિત કરવા માટે ડબ્બાઓ મૂકવામાં આવ્યા છે. ઇકો-ડેવલપમેન્ટ કમિટીઓ 'સ્વચ્છતા પ્રહરીઓ'ની નિમણૂક કરશે.

આ પ્રહરીઓ સ્થાનિક લોકોને સૂકો પ્લાસ્ટિક કચરો અલગ કરવા અને તેનો યોગ્ય નિકાલ કરવા પ્રોત્સાહિત કરશે. દૈનિક કચરાના સંગ્રહ અને પરિવહનને સુવ્યવસ્થિત કરવા માટે એક વિગતવાર વર્ક સ્ટડી પણ હાથ ધરવામાં આવ્યો છે, તેમણે વધુમાં ઉમેર્યું હતું. લોકભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે, આ પ્રોજેક્ટ હેઠળ વન વિભાગ નળસરોવર પક્ષી અભયારણ્યની આસપાસના ગામોમાંથી એકત્રિત કરાયેલા પ્લાસ્ટિક કચરાને નક્કી કરેલી કિંમતે ખરીદશે. અત્રે ઉલ્લેખનીય છે કે નળસરોવર પક્ષી અભયારણ્ય ખાતે વર્ષ ૨૦૨૫-૨૬માં કરવામાં આવેલી ગણતરી દરમિયાન પક્ષીઓની વિવિધતા અને વસ્તી બંનેમાં નોંધપાત્ર વધારો નોંધાયો જોવા મળ્યો હતો. ૫૦ સરવે ઝોનમાં કુલ ૨૭૦ પક્ષી પ્રજાતિઓ અને અંદાજે ૬,૪૨,૨૩૨ પક્ષીઓની સંખ્યા નોંધાઈ હતી, જે વર્ષ ૨૦૨૩-૨૪ની ગણતરીની સરખામણીમાં ૨૬ પ્રજાતિઓ અને ૨,૨૮,૩૯૯ પક્ષીઓનો વધારો દર્શાવે છે. ■

# નવજાત બાળકોની તસ્કરીના કેસમાં વડોદરા પોલીસે કર્ણાટકની એક મહિલાની કરી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદારાના એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનીટની ટીમે કર્ણાટકના બેલગાવમાંથી એક ૪૬ વર્ષીય મહિલાની ધરપકડ કરી હતી. ગુજરાતમાં બહાર આવેલા નવજાત બાળકોની તસ્કરીના કેસમાં મહિલાની ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઉત્તર ગુજરાત અને મહારાષ્ટ્રમાં ફેલાયેલા આ તસ્કરીના રેકેટમાં અત્યાર સુધીમાં ૧૧ મહિલાની ધરપકડ કરવામાં આવી છે.

થોડા દિવસ પહેલા વડોદરાના તરસાલી હાઇવે પર આવેલી લિજેન્ડ હોટલ પરિસરમાંથી પાટણ જિલ્લાના સિદ્ધપુરના એક દંપતીની ધરપકડ કરવામાં આવ્યા બાદ આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસે દંપતીની પૂછપરછ દરમિયાન મળેલી માહિતીના આધારે અન્ય શંકાસ્પદોની ધરપકડ કરી હતી.

આ કેસમાં અત્યાર સુધીમાં બહાર આવેલી વિગતો અનુસાર બે કથિત દલાલ તૌફિક મોમિન અને સોહિલ મોમિનની પણ ધરપકડ કરવામાં આવી હતી. તેમની પૂછપરછ દરમિયાન, પોલીસે નેટવર્કમાં બીજી કથિત કડી તરીકે બેલગામની રહેવાસી રૂપા બુદ્ધનવર ઉર્ફે રૂપા જૈનની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, તરસાલી હાઇવે પરની હોટલમાંથી દંપતી પાસેથી મળેલું નવજાત બાળક મોમિન ભાઈઓ દ્વારા રૂપા જૈનને સોંપવાનું હતું. પોલીસને શંકા છે કે આ બાળક પછીથી ખરીદનારને સોંપવાની યોજના હતી.

આરોપી મહિલા વિધવા હોવાનું જાણવા મળ્યું છે. તેને કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી અને ૧૩ ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવી હતી. પોલીસ હવે આ સમગ્ર નેટવર્ક કઈ રીતે ચાલતું હતું અને તેમાં કોણ કોણ સંડોવાયેલા છે, તેની પૂછપરછ કરશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# પીજી રેપ કેસમાં સિક્યોરિટી એજન્સી સામે પોલીસે ફરિયાદ નોંધી, માલિકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેર સહિત રાજ્યભરને હચમચાવી નાખનારા દુષ્કર્મ કેસમાં પોલીસે સિક્યોરિટી એજન્સી સામે પણ ફરિયાદ નોંધી હતી. એ-વન સિક્યોરિટી એજન્સી ચલાવતા રામપ્રકાશ તિવારી સામે પોલીસે કાયદાકીય કાર્યવાહી શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને ધ્યાનમાં આવ્યું હતું કે એજન્સીનું લાયસન્સ એપ્રિલ, ૨૦૨૫માં એક્સપાયર થઈ ગયું હતું.

તેને રિન્યુ કરાવ્યા વિના જ એજન્સી માણસોને કામે રાખતી હતી. આ સાથે આરોપી સિક્યોરિટી ગાર્ડ ધરમસિંહ રાઠોડને કોઈ તાલીમ આપવામાં આવી ન હતી અને તેનું જે વેરિફિકેશન કરવું જોઈએ તે પણ થયું ન હતું. આનંદનગર પોલીસે તિવારીની ધરપકડ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

શહેરમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતી યુવતી એપાર્ટમેન્ટની ટેરેસ પર ગઈ હતી ત્યારે સિક્યોરિટી ગાર્ડે ત્યાં આવી. તેનું ગળું વાયરથી દાબી તેના પર દુષ્કર્મ કર્યું હતું અને ત્યારબાદ ભાગી છૂટ્યો હતો. પોલીસે આખીરાત પેટ્રોલિંગ કરી તેને બીજા દિવસે સવારે હેબતપુરથી પકડી પાડ્યો હતો.

દરમિયાન પંચનામા સમયે તેણે પોલીસ સાથે ઝપાઝપી કરી હતી અને બંદુક છીનવી લેવાની કોશિશ કરી હતી, જેના જવાબમાં પોલીસે તેના પગમાં બે ગોળી મારી હતી.

આ ઝપાઝપીમાં એક પોલીસકર્મીને પણ ઈજા પહોંચી હતી. આરોપી હાલમાં હૉસ્પિટલમાં છે અને પોલીસ વધારાની કાર્યવાહી હાથ ધરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગુજરાતમાં સારા વરસાદથી જળાશયો છલકાયાં, ૩૯ ડેમ હાઇ અલર્ટ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજ્યમાં સિઝનનો સરેરાશ ૭૦.૬૦ ટકા વરસાદ પડ્યો છે. કચ્છમાં ૨૯.૦૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૧.૬૫ ટકા, પૂર્વ મધ્યમાં ૬૮.૧૦ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૪.૭૬ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૯૭.૩૬ ટકા વરસાદ નોંધાયો છે. હાલ રાજ્યમાં ૨૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં ૮૨ ટકાથી વધુ સંગ્રહ છે. સરદાર સરોવર નર્મડા ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો ૮૨.૮૧ ટકા ભરાયેલો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૬૪.૦૮ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૨૯ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૩૪ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, ૪૭ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. જ્યારે ૭૧ ડેમમાં ૨૫ ટકાથી પણ ઓછો જળ સંગ્રહ છે. રાજ્યમાં ૫ ડેમ એલર્ટ રાખવામાં આવ્યા છે ને ૧૦ ડેમ વોર્નિંગ પર છે. રાજુલાનો ધાતરવાડી, સાવરકુંડલાનો સુરજવાડી, રાજુલાનો ધાતરવાડી-૨, નેત્રંગનો પિંગુટ, ઝઘડીયાનો ધોળી, નેત્રંગનો બલદવા, તળાજાનો પીંગળી, મહુવાનો રોજકી, પાલિતાણાનો ખારો, મહુવાનો માલણ, પાલિતાણાનો શેત્રુંજી, પાલિતાણાનો હણોલ, રાપરને ફતેહગઢ, હળવદનો બ્રહ્માણી, સાગબારાનો ચોપડવાવ, સાગરબારાનો કાકડીઆંબા, વાસંદાનો કેલિયા, વાંસદાનો જૂજ, રાજકોટનો લાલપરી, માંડવીનો લખીગામ, ચુડાનો વાંસલ, વઢવાણનો ધોળીધજા, મૂળીનો નાયકા, ચોટીલાનો ત્રિવેણી ઠાંગા, સોનગઢનો ડોસવાડા ડેમ છલકાઈ ગયા છે. ■

# વડોદરામાં ડ્રગ્સ વિરોધી વીડિયો વાઈરલ કરી ચર્ચામાં આવેલી તમન્ના સૈયદ અને તેના પતિ સામે વધુ એક ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રગ્સનું વેચાણ થતું હોવાના દાવા સાથેનો વીડિયો વાઈરલ કરી ચર્ચામાં આવેલી તમન્ના સૈયદ અને તેના પતિ સોહેલ સૈયદ સામે ડ્રગ્સના નામે બ્લેકમેલિંગની અને વ્યાજખોરીની ફરિયાદ નોંધાયા બાદ વધુ એક ફરિયાદ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલા લક્ષ્ય કોમ્પલેક્સમાં 'ઈનવિઝીબલ કાફે'ના સંચાલક મહમંદ ઝૈદ અયાઝ શેખે, તમન્ના સૈયદ સામે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તમનન્ના સૈયદે થોડા દિવસ પહેલા એક વીડિયો બનાવી લક્ષ્ય કોમ્પલેક્સમાં આવેલા કાફેમાં ડ્રગ્સ વેચાતું હોવાનો દાવો કર્યો હતો. ત્યારબાદ તેણે કાફે સંચાલકને ફોન કરી જો ૨ લાખ રૂપિયા ન આપે તો કાફેના નામ સાથે વીડિયો બનાવી વાઈરલ કરવાની ધમકી આપી હતી.

પોલીસે આરોપી દંપતીને કોર્ટમાં રજૂ કરી ૭ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પોલીસ તપાસમાં આરોપી સોહિલ સૈયદ વિરુદ્ધ શહેરના જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં હત્યાની કોશિશ, રાયોટિંગ, ધાડ, ગંભીર ગુનાના આરોપીને ભગાડવામાં મદદ કરવી, ઠગાઈ અને ધમકી સહિતના કુલ ૭ ગુનાઓ નોંધાયેલા હોવાનો ખુલાસો થયો છે. ■

# ખંભાતના અંકોડિયા કૅનાલમાં ડૂબી જવાથી મેડિકલના વિદ્યાર્થીનું મોત, જન્મદિને જ અવસાન થતાં પરિવારમાં શોકનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખંભાતના અંકોડિયા કેનાલમાં ડૂબી જવાથી મેડિકલના વિદ્યાર્થીનું મોત થતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

ફાયરના જવાનોએ યુવકને બહાર કાઢી તાત્કાલિક ગોત્રી જીએમઈઆરએસ હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યો હતો. પોસ્ટમોર્ટમની કાર્યવાહી બાદ યુવકનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. ખંભાતમાં તેમની અંતિમવિધિ કરવામાં આવી હતી. આશાસ્પદ દીકરો ગુમાવતા પરિવારજનો પર જાણે આભ તુટી પડ્યું હોય તેમ શોકનો માહોલ સર્જાયો છે.

મળતી વિગત મુજબ, શહેરની દીપ પ્રકાશ સોસાયટીમાં રહેતા ૨૮ વર્ષીય તબીબ વિદ્યાર્થી ડૉ. દર્શન બાબુભાઈ ડોડીયા તેમના એક મિત્ર સાથે અંકોડિયા કેનાલ નજીક બેઠા હતા. આ સમયે કેનાલના પ્રવાહની વિરુદ્ધ દિશામાં એક પોલીથીનની થેલી જઈ રહી હતી. દર્શનને લાગ્યું કે થેલીમાં કોઈ જળચર જીવ ફસાયો છે, આ પોલીથીનને બહાર કાઢવા માટે દર્શન કેનાલમાં ઉતર્યા હતા. જોકે, આ દરમિયાન તેમનો પગ લપસી જતાં તેઓ કેનાલના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા. તેમના મિત્રએ તેમને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ કેનાલ ૧૫ થી ૨૦ ફૂટ ઊંડી હોવાથી તેઓ બચાવવામાં નિષ્ફળ રહ્યા હતા. ઉલ્લેખનીય છેકે, મૃતક ડૉ. દર્શન ડોડીયા ગોત્રી જીએમઈઆરએસ હોસ્પિટલના ચામડી રોગ વિભાગમાં એમડી (પોસ્ટ ગ્રેજ્યુએશન) કરી રહ્યા હતા. અને ૧૧ ઓગસ્ટના રોજ જન્મદિવસ હતો. જન્મદિવસના દિવસે જ તેમનું અવસાન થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. ગોત્રી જીએમઈઆરએસ હોસ્પિટલમાં પણ આ ઘટનાથી ગમગીની વ્યાપી ગઈ હતી. ■